
કુમાર

અંક ૨૬૬

સંસ્થાપક
રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત

ફેબ્રુઆરી
૧૯૪૬




ઘાટ ઉપરની હોડી



ખળિયાકાકાની બાધા

ચિત્રકાર · રસિકલાલ પરીખ




ગ્રાહકોને

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત એકાદ અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને ખૂબ તકેદારી-પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઇ કરી આપવાનું કાયદેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. ૬; પરદેશમાં રૂ. ૭-૮-૦ અથવા ૧૨ શિલિંગ. છુટક નકલના દસ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે. જે કાંઈ દુષ્પ્રાપ્ય અંકો મળે છે તે દરેકની કિં. ૧–૪–૦.


જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ–૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.

વસ્તી તો બધેજ વધી છે, પણ આપણી આયુષ્ય-મર્યાદા ઘટતી જાય છે.



હિંદુસ્તાનનો વધારો

૧૯૧૧	૩૧.૫ કરોડ	
૧૯૧૧-૨૧	૩૨.૦ "	૨
૧૯૨૧-૩૧	૩૪.૦ "	૧૦
૧૯૩૧-૪૧	૩૯.૦ "	૧૫



વસ્તીમાં વધારો પણ આયુષ્યમાં ઘટાડો: જગતભરમાં બીજે તેમ હિંદમાં પણ વસ્તી તો વધી છે, અને પહેલા આલેખમાં ઉપલા ભાગમાં દર્શાવ્યા મુજબ ઈ. ૧૮૭૦થી ૧૯૩૦ સુધીનાં ૬૦ વર્ષમાં જગતના ચાર વિશિષ્ટ દેશોના મુકાબલામાં હિંદનો ટકાવાર વસ્તીવધારો બીજે નંબરે આવે છે. પણ બીજી બાજુ, જમણી તરફના આલેખમાં દર્શાવ્યા મુજબ, આપણી આયુષ્યમર્યાદા ઘટતી જાય છે એ ગભીર ચિહ્ન છે. 'હિંદનું પ્રજાકીય અર્થશાસ્ત્ર'માં ટાંકેલા પ્રો. રુચિરામ સહાણીના આંકડા મુજબ, ૧૮૮૧થી ૧૯૩૧ સુધીનાં ૫૦ વર્ષમાં આપણા પુરુષવર્ગનું સરેરાશ આયુષ્ય ૨૪.૫ વર્ષ પરથી ઊતરીને ૨૩.૨ વર્ષનું થયું છે, જ્યારે સ્ત્રીનું ૨૫.૨ ઉપરથી ઊતરીને ૨૨.૮ ઉપર જતો ચિંતાજનક ઘટાડો દર્શાવે છે. [ચી. ન. વિદ્યાવિહારે તૈયાર કરેલા આલેખો ઉપરથી, તેમના સૌજન્યથી]

ત્રિવેણી

ઉમાશંકર જોષી

વહે હૈયે મારે ધવલજલ ગંગા શુભમના,
અને વ્હેતી શ્યામા મદમલપતી મત્ત યમુના.

પ્રવાહો ગંભીરા,
વહે બંને ધીરા;
હસે ગંગા ધન્યા અમૃતમય કલ્યાણવહના,
પ્રગલ્ભા તે અન્યા રસમુખર સૌન્દર્યગહના.
યુગોથી એકાન્તે હિમપડ પડ્યાં આત્મ ભરીને
સરે બંને ત્યાંથી પ્રભુકિરણસ્પર્શે પિગળીને.

જટાજૂથેથી જે ત્રિનયન તણા છૂટી હસતી,
અને તો યે વેગે પુનરપિ હર-દ્વાર ધસતી,
વહે તે વાત્સલ્યે સુભગસલિલા જહ્નુતનયા,
રહે રેલી જાણે ગલિતચિત સ્રષ્ટા તણી દયા.
લહે જેને ભાવો પતિત સહુ યે પાવનકરી,
દહેલા ચિત્પૃષ્ઠે ઉતરી અમીની શીતલઝરી.

પ્રવાહે આ બીજા હૃદયયમુનાના, કદિક તો
સ્ફુરે કાળી કેરાં વિષમ વિષ, સૌ એ શમવતો
તટે જાગે વેણુસ્વર મધુરવો ગોપશિશુનો,
રમે ગોપીવૃંદપ્રથિત પડઘો રાસરસનો.
પછી માર્ગે ક્યારે મરણઅનુભૂતિ સ્ફુરી રહે,
અને આયુઃસ્રોત સ્ફટિક છવિ કો તાજની લહે.

કદી આ કાલિન્દી
મદીલી સ્વચ્છન્દી પથઅધવચે વ્યાકુલપદે
જતી દોડી ગંગા નિકટ, ઢળવા શાન્તવિશદે
મહાસ્રોતે, પાછી ફરતી જરી કૈં વિઘ્ન નડતાં;
સરી પાસે વ્હેણો, વિમુખ થઈ જૂદાં જ પડતાં.

નહીં આવે ગંગા
સુહાગી શુક્લાંગા નજિક સરતી શું સ્મિતવતી?
વધાવી, લૈ અંકે વિકલ યમુનાને, જરી થતી
સ્વયં ક્લિષ્ટા છો ને! સમરસ થશે જ્યાં ઉભય તે,
અપૂર્વશ્રી રૂહેશે શિવમય લસી ત્યાં નવ પથે.

ન કલ્યાણોર્મિમાં હૃદયઅભિસારો શું ભળશે,
બની બંને એક દ્વિગુણગતિએ લક્ષ્ય રળશે?
અને તો તો ત્રીજું
સુધાભીંજ્યું ભેળું વહન પણ સારસ્વત હશે.

૨૮ (ફેબ્રુઆરી ૧૯૪૬)

માણસની ભાવનાઓનાં બે વહેણો કલ્પી તેમને ગંગા-જમનાના રૂપકથી વર્ણવ્યાં છે. ક્યારેક તો તે પ્રવાહો મળવાના જ, અને ત્યારે, પ્રયાગ આગળ જેમ પાતાલમાંથી સરસ્વતી ગંગા-જમનાને આવીને મળે છે તેમ ખૂટતા અંશો ઉમેરાશે અને એ રીતે સમન્વય પામતા વ્યક્તિત્વનું ત્રિવેણીતીર્થ રચાશે. સમન્વયનો વિચાર કાવ્યમાં મધ્યવર્તી છે. (આગામી સંગ્રહ 'આતિથ્ય'માંથી)

પ્રાણરૂંધન

કોણે આ પ્રાણને રૂંધી રાખ્યા?
કોણે આ રોકયા પ્રકાશ!
કોણે આ વાયુ થંભાવી રાખ્યા?
કોણે કીધા છે હતાશ?
—અભાગી, કોણે કીધા છે હતાશ?
—કોણે આ પ્રાણને૰

જીભ ઊપડીને બેસી જાયે,
બાહુએ બાંધ્યા ભાર;
ચાલતા પગો થંભી જાયે
જડતા ભારોભાર!
—અભાગી, જડતા ભારોભાર—કોણે૰

આંખને પોપચે મણિકા મૂકયા
તેજનાં વાસ્યાં દ્વાર;
ચિત્તના કોલસા કજળ્યા વિના
ધૂંધવે ધૂમની ધાર!
—અભાગી, ધૂંધવે ધૂમની ધાર—કોણે૰

નિર્બળ અશ્વે ચોકડાં ચોડ્યાં
શબને મારી મેખ;
અતીતે ડૂબ્યા માનવી જાણે
જીવતા પત્થરલેખ!
—અભાગી, જીવતા પત્થરલેખ—કોણે૰

બંધન છોડો, રૂંધન છોડો,
તોડો પ્રાણના બંધ;
એક ઉછાળે પલટી જાશે
જીવન કેરા ઢંગ
—સુભાગી! જીવન કેરા ઢંગ—કોણે૰

રતિલાલ છાયા

જીવનનો જય

જગમાં જીવનનો જય ગાજે.
એક અવાજે, એક જ ગાજે
સ્થલસ્થલ વર્ષા રાજે:
જગમાં જીવનનો જય ગાજે.

ફલથી મનોહર છે ફલ-આશા;
સ્વપ્ન સમી જે નયને પ્યાસાં;
બની કલ્લસિત ધરા પ્રફુલ્લિત
સ્મિતથી ગગન નવાજે:
જગમાં જીવનનો જય ગાજે.

રોમરોમ ધરણી હરખેલી,
નંદછંદની જાગી હેલી,
વર્ષોત્સવમાં મગ્ન માનવી,
બન્યું ધન્ય જગ આજે:
જગમાં જીવનનો જય ગાજે.
એક અવાજે, એક જ ગાજે
સ્થલસ્થલ વર્ષા રાજે:
જગમાં જીવનનો જય ગાજે.

'સરોદ'

ઈન્ડોનેશિયન લોકક્રાન્તિનો

વર્ષોથી ડચ સામ્રાજ્યવાદની આર્થિક અને રાજકીય શોષણનીતિના ભોગ બની રહેલા જાવાનીઝ ટાપુઓની રાજકીય ક્રાન્તિની મશાલ લઇ ચાલનાર ડૉ. અબ્દુરેહમાન સુકાર્નોનું નામ આજે દરેક યુવાન જાવાનીઝ સ્વાતંત્ર્યેચ્છુને કંઠે રમી રહ્યું છે. હિંદમાં જેમ પંડિત જવાહર પશ્ચિમની સત્તાઓને પડકાર આપી રહ્યા છે તેમ અગ્નિ એશિયાની જાગી ઊઠેલી પ્રજા હિંદુમુસ્લિમ સંસ્કૃતિના સંગમ સમ ડૉ. સુકાર્નો દ્વારા આજે વિદેશી સત્તાને જાકારો દઈ રહી છે.

હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિનો સંગમ એટલા માટે કે પિતા મુસ્લિમ અને માતા હિંદુ હોવા છતાં ડૉ. સુકાર્નોમાં કોઈ એક કોમના સંસ્કારોની પ્રબળ અસર નથી. ઇન્ડોનેશિયામાં કોમી વિસંવાદ ન હોવાથી એ હિંદ કરતાં ઘણો વધારે સદ્‌ભાગી દેશ છે. સૈકાઓથી હિંદુ અને મુસ્લિમ બંને કોમની સંસ્કૃતિના પ્રવાહો એક બની જાવા-બાલીની ધરતીને રાષ્ટ્રીયતાનો નવો જ કસ આપી રહ્યા છે અને હિંદુ તત્ત્વજ્ઞાન તથા મુસ્લિમ ઝનૂને ત્યાં સૌંદર્યદૃષ્ટિ તથા શૌર્યથી સભર એવી પ્રજા જન્માવી છે.

વિનમ્ર દેખાવના, મધ્યમ ઊંચાઈના, પણ સુગઠિત દેહસૌષ્ઠવ ધરાવતા, ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રાણ સમા ડૉ. અબ્દુરેહમાનનો જન્મ ઇ. ૧૯૦૧માં જાવા દ્વીપમાં સુરાબાયા મુકામે એક ગભ શ્રીમંત કુટુંબમાં થયો હતો. બાલ્યકાળથી જ અમીરી અને ખર્ચાળ ડચ શાળામાં અભ્યાસ ચાલુ હોવા છતાં કુમાર અબ્દુરેહમાનને પોતાની ચોમેર વેરાએલી શ્રીમંતાઇની વચ્ચે પણ, પ્રજાની અસહ્ય ગરીબાઈ કેમ ટકી શકતી હશે એ પ્રશ્ન રોજ મૂંઝવતો.

પરંતુ આ પ્રશ્નનો ઉત્તર એને થોડા સમયમાં જ મળી ગયો. અને પોતે જે ડચ શાળામાં ભણતો એ શાળાનું શિક્ષણ જ એ પરિસ્થિતિ માટે કંઇક અંશે જવાબદાર હતું એનું તેને ભાન થવા માંડ્યું. કૌમારની ફૂટતી આકાંક્ષાઓ વચ્ચે રાષ્ટ્રની આઝાદીની કલ્પનાએ એને રંગવા માંડ્યો અને શાળાની ચર્ચાસભાઓમાં એની જબાને છૂટ લેવા માંડી ત્યારથી જાહેર ચર્ચાઓમાં સુકાર્નો એક કાયમનો વક્તા બની બેઠો.

પણ એને એટલેથી સંતોષ ન થયો. અમુક સમય પછી, સદ્‌ભાગ્યે, એને હાજી ઉમર સૈયદ જોક્રોઆમીનોટો નામના એક પત્રકારને ત્યાં રહેવાનું થયું. હાજી ઉમર 'પારતાઈ સારેકત ઈન્ડોનેશિયા'ની રાજકીય ચળવળનો જનક હોવાથી એ રંગ સુકાર્નોને પણ લાગ્યો અને તેણે હાજી ઉમરના પત્ર 'ઉતુસાન હિન્ડિયા'માં છૂટક લખવાનું શરૂ કર્યું. હજી તો શાળામાં અભ્યાસ કરતો કુમાર સુકાર્નો આ પત્રનો નિયમિત લેખક થઈ ગયો. નાનપણથી જ મહાભારતના અમર પાત્ર, નિર્ભય પાંડુપુત્ર ભીમની યશગાથાએ સુકાર્નોની કલ્પનાને ઉત્તેજિત કરેલી, એટલે પોતાનાં કુમારકાળનાં લખાણો સુકાર્નોએ 'ભીમ' ઉપનામથી લખવા માડ્યાં. ઇન્ડોનેશિયાના આ ભાવિ રાષ્ટ્રનેતાની કલમની તાકાતથી તેના સમોવડિયા બીજા રાષ્ટ્રીય કાર્યકર્તાઓ પણ મુગ્ધ બન્યા અને ત્યારથી જ જાવાના સ્વાતંત્ર્યજંગમાં સુકાર્નોનું નામ અનેરૂં ગણાવા માંડ્યું.

રાષ્ટ્રીય આઝાદીની તમન્નાથી થનગનતા આ જુવાનનો વસંતકાળ પણ રોમાંચક છે. પોતે જે પત્રકાર પાસેથી સ્વાતંત્ર્યની ચિનગારી પામેલો એ જ પત્રકાર હાજી ઉમર સૈયદની પુત્રી સાથે એનાં લગ્ન થયાં. જે ઘરમાં પોતાના સૌથી ગુલાબી અને મહોરતી મહત્ત્વાકાંક્ષાના દિવસો ગાળેલા એ જ ઘરની પુત્રીનો હાથ મળવાથી સુકાર્નોના અભિલાષાને અજબ પ્રેરણા મળી ગઇ અને પોતાનું સર્વસ્વ જાવાની આઝાદીને કાજે હોમવાના રોમાંચ એ પળેપળે અનુભવવા લાગ્યો. ડચ સરકારને માટે હવે યુવાન સુકાર્નો આંખના કણ સમાન થઇ પડ્યો. એક વખત તો સુરાબાયાના પોલીસ વડાને જાતે આવીને સુકાર્નો જે સભાને સંબોધતો હતો એને તોડવી પડી. પરિણામે સુકાર્નોને એના અધ્યાપક તરફથી ખૂબ ઠપકો મળ્યો. પણ પૂર્ણ સ્વરાજની પ્રતિજ્ઞા લઈ ચૂકેલા આ જુવાન પાસે માત્ર એક જ જવાબ હતો: 'રાજકારણ મને છોડી શકે એમ નથી'

પહેલા વિશ્વયુદ્ધનો અંત આવતાં તેણે એન્જીનીઅરિંગનો અભ્યાસ આગળ વધારી તેમાં ડૉક્ટરેટની ડિગ્રી મેળવી અને ઇન્ડિશે ફર નેહિંગ (ઈન્ડોનેશિયન એસોસીએશન) નામના, રાજકીય મતધરાવતા મંડળમાં જોડાયો. ૧૯૨૪માં આ સંસ્થાએ પોતાનું નામ બદલી 'પરહિમ્પુનન ઇન્ડોનેસિયા' રાખ્યું. ત્યારથી એમાં ઉદ્દામવાદી તત્ત્વો દાખલ થવા માંડ્યાં. જાવાના મુસ્લિમો ને બાલીના હિંદુઓનું સંગઠન આ મંડળમાં થયું ત્યારથી સ્વદેશાભિમાની ઈન્ડોનેશિયન યુવાનોએ પરદેશી સત્તાની ધૂંસરી ફેંકી દઈ મુકમ્મિલ આઝાદી લેવાની પ્રતિજ્ઞા કરી.



જાવાની અત્યંત ખૂબસૂરત રમણીઓમાંની એક તરીકે ગણાતી પોતાની પત્ની અને બાળક સાથે ડૉ. સુકાર્નો

૧૯૨૭માં ડૉ. સુકાર્નોએ પારતાઈ નાસિયોનલ ઇન્ડોનેસિયા (ઈન્ડોનેશિયન નૅશનલ પાર્ટી) નામના પક્ષની સ્થાપના કરી. આ પક્ષના મૂળભૂત સિદ્ધાંતોમાં 'ઇશ્વરમાં શ્રદ્ધા,' 'રાષ્ટ્રીય અસ્મિતા,' 'વિશ્વબંધુત્વ,' 'લોકશાહી' અને 'સામાજિક સંરક્ષણ' મુખ્ય હતા. આ પક્ષે સ્થાપેલા લાલ અને સફેદ ધ્વજ તથા

ધ્વજધારક ડૉ. અબ્દુર્રહમાન સુકાર્નો



'ઈન્ડોનેસિયારાયા'નું સંઘગીત આજે ત્યાંના રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીત તરીકે પ્રચલિત છે. આ ચળવળને પરિણામે ૧૯૨૭ના બળવાને, છૂપી રીતે ટેકો આપવાના ગુના બદલ' ૧૯૨૯ પછી તેની ધરપકડ થઈ અને ચાર વર્ષની સખત કેદ મળી. અરધી સજા ભોગવ્યા પછી એને છૂટો કરવામાં આવ્યો કે લાગલા જ એણે રાજકીય પ્રવૃત્તિમાં ઝંપલાવ્યું એ સમયે દુનિયા મંદીના પંજામાં સપડાઈ હતી અને લોકો નિરુત્સાહ બની ગયા હતા. એવા કાળમાં આર્થિક પ્રશ્નોને સામાજિક પુનરુત્થાનના પાયારૂપ બનાવવાની સુકાર્નોની ઘોષણા ખૂબ જ લોકપ્રિય બની ગઈ.

૧૯૩૩માં ફરી પાછી ડચ સામ્રાજ્યવાદીઓએ 'પ્રજાનાં સુખ અને શાન્તિને ભય રૂપ' આ રાષ્ટ્રીય નેતાની ધરપકડ કરી અને એને ફલોરેસના ટાપુ ઉપર મોકલી દેવામાં આવ્યો પાંચ વર્ષ પછી, ૩૦મી એપ્રિલ ૧૯૩૮ના રોજ એને ત્યાંથી બદલી બૅંકોલીન મોકલવામાં આવ્યો. એ લાંબા કારાવાસ દરમિયાન સુકાર્નોએ જગતના ધર્મોનો તુલનાત્મક અભ્યાસ પૂરો કરી નાખ્યો.

૧૯૩૯ની ત્રીજી સપ્ટેમ્બરે જ્યારે બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે પણ અગ્નિ-એશિયાની પ્રજાનો આ તારણહાર કારાવાસમાં જ હતો. ત્યાં રહ્યા રહ્યા પણ, સરમુખત્યાર સત્તાઓના નાશ માટે યોજાએલી આ લડાઈમાં પૂરો સાથ આપવા એણે હાથ લંબાવ્યો, પણ સામ્રાજ્યવાદી ડચ સરકારને પ્રજાના લાડીલા એવા આ લોકનાયકની મદદની જરૂર લાગી નહિ. પણ જાપાન સામેની લડાઈ શરૂ થયા પછી થોડા જ વખતમાં એ સરકારના પ્રશાન્ત સાગરના સામ્રાજ્યના પાયા હચમચી ઊઠયા. જાપાનીઓએ ડચ સામ્રાજ્યને વેરણછેરણ કરી નાખ્યું અને એશિયાની એ બીજી આક્રમક પ્રજાએ યુક્તિપૂર્વક અગ્નિ-એશિયાના એ રાષ્ટ્રીય નેતાને મુક્ત કરી તેનું બહુમાન કર્યું, ને તેની લોકપ્રિયતા, અડગ નિર્ધાર અને સ્વાર્પણનાં વખાણ કરી જાવાને સ્વતંત્ર બનાવવા પોતાથી થાય તે બધી મદદ કરવાનું વચન આપ્યું. પોતાના દેશબંધુઓને સંગઠિત કરવાનો ને દેશને સ્વતંત્ર કરવાનો આવેલો આ ખરો મોકો જોઈ સુકાર્નોએ જાપાનની દરખાસ્ત સ્વીકારી અને સંપૂર્ણ સ્વાતંત્ર્યના મુદ્દા ઉપર પ્રજાને તૈયાર કરવા માંડી. આ સમયે ડચ સરકાર પોતાનાં ઘરબાર પણ ગુમાવી, દૂર પૂર્વમાંના પોતાનાં સંસ્થાનોને ('ગોરી પ્રજાના એ બોજા'ને) જાપાનના હાથમાં સોંપી, લંડનમાં આશ્રય મેળવી વગર પ્રદેશે રાજ (!) કરતી હતી; જ્યારે અહીં ડૉ. સુકાર્નોએ રાષ્ટ્રની લગામ હાથમાં લઈ જાવાનીઝ પ્રજાસત્તાકનો પાયો નાખી દીધો.

જાપાનના આમંત્રણથી ડૉ. સુકાર્નો ટોકિયો ગયા અને ત્યાં શહેનશાહ મિકાડોને મળી પોતાના દેશના સ્વાતંત્ર્યની વાટાઘાટો ચલાવી. પરંતુ જાપાની સરકાર પૂર્ણ સ્વાતંત્ર્ય આપવા ઈચ્છતી હોય એમ ન લાગવાથી હવે પોતાના દેશને કોઈની પણ છાયા વિના સંપૂર્ણ આઝાદ બનાવવાના નિશ્ચયને વધુ દૃઢ બનાવીને એણે ટોકિયો છોડયું. અને પાછા ફર્યા બાદ એણે સંપૂર્ણ સ્વાતંત્ર્યની ઘોષણા કરી એટલે જાપાની સરકારે પણ એને ધમકી આપી પણ ૧૯૪૫ના ઑગસ્ટની ૧૫મી તારીખે, જાપાનની શરણાગતિ પછી એ જ દિવસમાં ડૉ. સુકાર્નોએ જાવાનીઝ પ્રજાસત્તાકની જાહેરાત કરી અને કાગળ પરની સ્વતંત્ર સરકારની સ્થાપના પણ કરી દીધી.

આજે જર્મની, જાપાન, અને ઈટલીની સરમુખત્યારશાહી સત્તાઓ જમીનદોસ્ત થયા પછી પશ્ચિમની બીજી ગોરી લોકશાહીઓ-ઈંગ્લંડ અમેરિકા-ના પડખામાં ભરાઈ ડચ સામ્રાજ્યવાદ ફરી પાછો પોતાનો દૂર પૂર્વનો મૂળ શોષણ પ્રદેશ માગવા ઊભો થયો છે, અને એ વિજેતા સરકારોના 'આટલાંટિક ચાર્ટર'માં જડેલાં પોકળ વચનોના ભ્રમને ચીરી નાખવાનું પહેલું માન લઈ જનાર જાવાની પ્રજા એ બંને સત્તાઓનો કટ્ટર સામનો કરી રહી છે અને એ પ્રજાની સતત પ્રેરણા સમો, એશિયાની બીજી સર્વ શોષિત પ્રજાની મુક્તિ-ઝંખનાના પ્રતીક શો, 'ભીમ' ઉપનામ ધારી ડૉ. અબ્દુર્રહેમાન સુકાર્નો હજુ પણ એ શોષક બળોની સામે અણનમ ઊભો છે.

જનાર્દન રાવળ



ઈન્ડોનેશિયન પ્રજાસત્તાકનો પ્રમુખ ડૉ. સુકાર્નો (વચ્ચે) તેમના પરદેશ-પ્રધાન (ડાબી બાજુ) અને રહસ્યમંત્રી સાથે

આગમન

મૂળ લેખક
રવીન્દ્રનાથ ઠાકુર

તૈયારી તો ચાલ્યા જ કરે છે. તેમાંથી જરાકે ફુરસદ મળતી નથી, કે જેથી કોને માટે આ બધી તૈયારી ચાલી રહી છે તેનો કૈં વિચાર આવે. છતાં ય કામકાજની ભીડમાંથી પણ મનને જરા ટપારીને પૂછી જોઉં છું: 'કોઇ આવવાનું લાગે છે!'

મન કહે છે, 'હવે રહેને! મારે હજુ જમીન મેળવવાની છે. બધો માલ-સામાન લાવવો પડશે. તે વડે ઈમારત ચણવાની છે અત્યારે મને આવા નકામા પ્રશ્નો પૂછીશ નહિ'

ચૂપચાપ હું પાછો કામે લાગી ગયો. વિચાર્યું કે બધી જમીન મળી જશે, સરંજામનો સંઘરો પૂરો થશે, બાંધકામમાં કૈં બાકી નહિ રહે, ત્યારે છેવટ જવાબ મળશે.

જમીન વધતી જાય છે. અને વસ્તુઓ પણ કૈં કમ નથી. ઈમારતના ચાર મજલા થયા. મેં કહ્યું, 'હવે તો મારી વાતનો જવાબ દે'

મન કહે, 'સબુર કર! હમણાં સમય નથી.'

મેં કહ્યું, 'કેમ રે! હજુ પણ વધુ જમીન જોઇએ છે? આથી ય વધારે ઘર ને સરંજામ જોઇએ છે?'

મન કહે, 'જોઇએ છે તો.'

મેં કહ્યું, 'શું આટલું બસ નથી?'

મન કહે, 'આટલાકમાં તે એ કેવી રીતે સમાય?'

મેં પૂછ્યું, 'કોણ સમાય? કોને સમાવવાનું છે?'

મન કહે, 'એ બધી વાત પછી.'

તો યે મેં પ્રશ્ન કર્યો, 'ત્યારે તો એ કોઈ જબ્બર લાગે છે!

મન કહે, 'જબ્બર જ છે ને.'

આટલા મોટા ઘરમાં જે ન સમાય તેને/ તે કેવડીક જગા જોઇએ! વળી ફરી કામે લાગી ગયો. દિવસે આહાર નહિ ને રાત્રે નિદ્રા નહિ. જે જોતા તે કહેતા, 'વાહ રે વાહ! માણસ તો ભારે કામગરો લાગે છે.'

હવે ક્યારેક ક્યારેક, કોણ જાણે કેમ, પણ મને શંકા થવા લાગે છે. મને થાય છે કે આ વાંદરા જેવું મન અસલથી જ વાતનો જવાબ જાણતું નથી. એટલે જ કામકાજમાં રોકીને જવાબને ઉડાવી દે છે. કાઇકોઈ વાર મને ઈચ્છા થઈ આવે છે કે કામ બંધ કરીને કાન માંડીને સાંભળું કે રસ્તા પર થઇને કોઈ આવે છે કે નહિ. એમ પણ ઈચ્છા થઈ આવે છે કે હવે બસ ઘરબાર કૈં વધારે બનાવું નહિ, ને ઘરમાં દીવો પેટાવીને રાખું વધારે સાજ-સરંજામ પણ ભેગો ન કરૂં. ને ફૂલ ખીલવાનો વખત થાય એટલે એક માળા ગૂંથીને રાખું.

પણ ભરોસો પડતો નથી. કારણ, મારો પ્રધાન મંત્રી છે મન. રાત ને દિવસ તે તેનાં ત્રાજવાં ને ફૂટ લઇ, વજનથી ને ગજથી માપી માપીને બધી વસ્તુને કસ્યા કરે છે. એ તો માત્ર આમ જ કહ્યા કરે છે; 'હજુ વધારે જોઇશે; નહિતર નહિ ચાલે.'

'કેમ નહિ ચાલે?'

'અરે, એ તો જબ્બર છે!'

'કોણ જબ્બર છે?'

બસ ચૂપ. વળી પાછી વાત બંધ!

જ્યારે દાબીને પૂછું છું 'આમ વાત ઉડાવી મૂકે છે તે નહિ ચાલે. એકવાર જવાબ તો દેવો જ પડશે' ત્યારે તે ગુસ્સે થઇને બોલી ઊઠે છે, 'જવાબ દેવો જ પડશે એ કેવી વાત! જેનો કોઈ ઈશારો મળતો નથી, જેનો કોઈ સમજી શકાય એવો અર્થ નથી, એવી વાતને લઇ તું મારૂં કામ બગાડ્યા કરે છે અને મારી તરફ જરી ધ્યાન દઇને જો તો ખરો! કેટલી બધી ધમાલ છે, ને કેટલી લડાઈ જામી પડી છે! લાઠી, ભાલા ને પાયદળ ને બરકંદાજોથી મહોલ્લો ભરાઈ ગયો છે; મિસ્ત્રી-મજૂરોથી અને ઈંટ, કાઠી ને ચૂનાથી ક્યાં ય પગ મૂકવા જેટલી યે જગ્યા રહી નથી બધુંય ચોક્કસ છે, સ્પષ્ટ પડ્યું છે. એની અંદર. કોઈ અંદાજ જેવી કે ઈશારા જેવી તો વાત જ નથી. તો પછી તો બધું હોવા છતાં કેમ પ્રશ્ન ઊઠે છે?'

મને સાંભળીને વિચાર થાય છે, 'ખરી વાત, મન સાચે જ ચાલાક છે ને હું જ મૂર્ખો છું.' વળી ફરી ઇંટના ઢગ આણું છું ને ચૂના સાથે રેતી મેળવતો રહું છું.

આમ દિવસ ચાલ્યા જાય છે. અમારી જમીન હવે દિગંત સુધી પહોંચી ગઇ છે. ઈમારતના પાંચ મજલા પૂરા થયા છે ને છઠ્ઠા મજલાની છત ટીપાઈ રહી છે.

આવે સમયે એક દિવસ વાદળાં વિખરાવા લાગ્યાં ને કાળાં વાદળ હતાં તે સફેદ બન્યાં. કૈલાસના શિખરેથી ભૈરવનાં તાન લઇને છુટ્ટી ની હવા વહી રહી; માનસરોવરના પદ્મગંધે રાત્રિ ને દિવસ, ઘડી ને પ્રહરો બધાંયને મધમાખો જેમ આકુળ બનાવી દીધાં. ઉપર તાકીને જોઉં છું તો સારૂં યે આકાશ મારી છ મજલાની હવેલીના ઉદ્ધત મોભ-પીઢિયાંને જોઈ જાણે હસી રહ્યું છે.

હું આકુળ બની ગયો. જેને જોઉં તેને પૂછું, 'અરે, ક્યા નોબતખાનામાંથી આજે નોબત વાગી રહી છે, કહોને!'

તેઓ કહે, 'અરે છોડને, અમારે તો કામ છે.'

એક ગાંડો રસ્તાની બાજુએ ઝાડના થડને અઢેલીને માથા પર ડોલરના ફૂલનો હાર વીંટાળીને શાંત બેઠો હતો. તે બોલ્યો, 'આગમનનો સૂર આવી પહોંચ્યો છે.'

મને એથી શું સમજાયું તે હું જાણતો નથી; પણ હું તરત બોલી ઊઠ્યો, 'ત્યારે હવે વાર જણાતી નથી?'

તે હસીને બોલ્યો, 'ના રે; હવે આવ્યા જ જાણોને.'

ત્યારે દફતરખાનામાં આવી મનને મેં કહ્યું, 'હવે કામ બંધ કરો.'

મન કહે, 'અરે એ શી વાત કરી? તો તો લોકો કહેશે નવરો.'

મેં કહ્યું, 'કહેવા દો.'

મન કહે, 'તને થયું છે શું? કૈં ખબર બત મળી છે?'

મેં કહ્યું, 'હા, ખબર આવી છે.'

'શી ખબર?'

વળી મુશીબત: સ્પષ્ટ કરીને જવાબ આપી શકતો નથી. પણ ખબર તો આવી છે. માન સરોવરના તીરેથી પ્રકાશના પંથે હંસોનાં ટોળેટોળાં આવી પહોંચ્યાં છે.

મન કહે, 'પણ મોટા એવા એ રથનું શિખર ક્યાં? અને મોટો બધો સમારોહ ક્યાં છે? કૈં યે દેખાતું નથી કે સંભળાતું નથી.'

આટલું બોલતાંબોલતાંમાં આકાશમાં કોઇએ જાણે પારસમણિ લગાવી દીધો! સોનાનો પ્રકાશ ચારે બાજુ ઝળહળી ઊઠ્યો. ક્યાંકથી એક અવાજ ઊઠ્યો, 'દૂત આવી ગયા છે.' મેં ધરતી પર માથું નમાવી દૂતને ઉદ્દેશીને પૂછ્યું. 'આવી ગયા કે?'

ચોમેરથી જવાબ મળ્યો, 'હા, આવી ગયા.'

મન વ્યાકુળ થઇને બોલી ઊઠ્યું, હવે શું કરૂં?' હજુ તો મારા છઠ્ઠા મજલાની છત ટીપાઇ રહી છે. અને રાચરચીલું યે ક્યાં પૂરૂં આવી ગયું છે?'

ત્યાં તો ઉત્તર આવ્યો, 'અરે. ભાંગી નાખો; આ તમારી છ મજલાની હવેલીને ભાંગીને ભુક્કો કરી દો.'

મન કહે, 'કેમ?'

ઉત્તર આવ્યો 'આજે તો પધરામણી થવાની છે ને! ને તારી ઇમારતે તો છાતી કાઢી રસ્તો રોક્યો છે!'

મન અવાક્ થઇને રહી ગયું.

વળી સંભળાયું, 'તારૂં રાચરચીલું ફેંકી દે.'

મન કહે, 'કેમ?'

'એ રાચરચીલાએ તો ભીડ કરી જમીન રોકી રાખી છે.'

લ્યો, વાતની આ પતાવટ! કામકાજના દિવસો હતા ત્યારે બેસીબેસીને છ મજલાની હવેલી ચણી; ને હવે નિરાંતના દિવસો આવ્યા એટલે ધૂલિસાત્ કરવાની આવી. કામકાજના દિવસોમાં હાટેહાટે ઘૂમીને સાજ-સરંજામ એકઠો કર્યો, ને હવે નિરાંતના દિવસોમાં બધુંય વેરી નાખવાનું આવ્યું!

પણ પેલા જંગી રથનું શિખર ક્યાં? અને પેલો મોટો બધો સમારોહ ક્યાં છે? મન ચારે બાજુ તાકીને જોઈ રહ્યું.

'કેમ, કૈં દેખાયું?'

'હા, શરદ-પ્રભાતનો શુક્રતારો.'

'બસ, એટલું જ ને?'

'હા, એટલું જ; ને પારિજાતનાં ફૂલ દેખાયાં.'

'બસ એટલું જ ને?'

'હા, એટલું જ. ને સવારના પહોરનું પાંખો ફફડાવતું દોયેલ પંખી દેખાયું.'

'બીજું કૈં?'

'અને એક શિશુ જોયું. તે ખિલખિલાટ હસતુંહસતું માના ખોળામાંથી છૂટી બહારના પ્રકાશમાં દોડી આવ્યું.'

'તું તો કહેતું હતું ને, કે મોટી પધરામણી થવાની છે! શું આને જ માટે?'

'હા એના જ માટે તો પ્રતિદિન આકાશમાં બંસી વાગે છે ને સવારના પહોરમાં પ્રકાશ પ્રગટે છે.'

'એને માટે આટલી બધી જગા જોઇએ છે?'

'હાસ્તો. તારા રાજા માટે જોઇએ સાત મજલાનો મહેલ, તારા પ્રભુ માટે જોઇએ ઘર ભરીને સરંજામ, પણ આને માટે તો જોઇએ સમસ્ત આકાશ ને સમસ્ત પૃથ્વી.'

'અને પેલા જબ્બરનું શું?'

'એ જબ્બર જ આટલાકની અંદર વસે છે.'

'એ શિશુ તને શું વરદાન આપશે?'

'અરે, એ તો વિધાતાનું વરદાન લઇને આવે છે. સમસ્ત પૃથ્વીની આશા લઈને, નિર્ભયતા ને આનંદ લઈને આવે છે. એના ગુપ્ત ભાથામાં છુપાયું છે બ્રહ્માસ્ત્ર ને એના હૃદયમાં સંતાઈ છે શક્તિ.'

મન મને પૂછવા લાગ્યું 'અલ્યા કવિ, કૈં દેખાયું? કૈં સમજ પડી?'

મેં કહ્યું, 'એ માટે જ તો મેં રજા લીધી છે. આટલા દિવસો સુધી વખત મળ્યો નહિ, એટલે કૈં દેખાયું નહિ ને કૈં સમજાયું નહિ.'

વિનોદ કોઠારી

['લિપિકા'માંના મૂળ બંગાળી ઉપરથી]

મારો જીવનસિદ્ધાન્ત શો છે અને તે કેમ બંધાયો



કાકાસાહેબ કાલેલકર

પોતાનો માનસિક વિકાસ કેમ થયો તે એક મિત્ર પરના પત્રમાં વર્ણવે છે

મારો જીવન-સિદ્ધાંત શો છે એમ તમે પુછાવો છો. તમારા એ પ્રશ્નનો જવાબ આપવો જરા કઠણ તો છે, છતાં, એક વિશિષ્ટ ધ્યેય નજર સમક્ષ રાખીને જેણે જિંદગીનાં પચીસેક વર્ષ કાઢ્યાં છે તેને આવા પ્રશ્નોના જવાબ આપતાં પણ આવડવું જોઇએ, એમ લાગવાથી હું જવાબ આપવાનો થોડો પ્રયાસ કરું.

આપણો અને આપણા શરીરનો સંબંધ જન્મથી માંડી મૃત્યુ પર્યંત અખંડ હોવા છતાં, આપણું શરીર કેમ ચાલે છે, શરીરમાં સારું-ખરાબ શું છે અને શરીર ક્યાં પહોંચ્યું તેની પરિપૂર્ણ માહિતી આપણને હોતી નથી. સ્થૂલ શરીરની આ સ્થિતિ છે ત્યાં પોતાનું મન તથા તે મનમાં લપાઈ રહેનારી વાસનાઓ અને આકાંક્ષાઓ એ બધાંની ખરેખરી માહિતી તો આપણને ક્યાંથી જ હોય? બાહ્ય જગતનો સાચો તાગ જેમ આપણને મળતો નથી તેમ મનનો તાગ મળવો પણ દુષ્કર હોય છે; અને મન પણ બાહ્ય જગત જેવડું જ મોટું અને ગૂઢ એક જગત જ છે.

આપણું વર્તન આર્ય હો વા અનાર્ય, પણ જાગૃત રહીને તેના પર ચોકીપહેરો રાખવો, અને કૈં નહિ તો પોતે પોતાને તો ઓળખી જ લેવો એવો મારો પ્રથમ નિશ્ચય થયો, અને તેને લીધે મારી વૃત્તિ જે જબરદસ્તરીતે બહિર્મુખ હતી તેને અંતર્મુખ કરી. જે વિચારો પરસ્મૈપદી હતા તેને આત્મનેપદી કર્યા. અને આ પ્રયત્નો આજ લગી ચાલુ છે. મૂળ સ્વભાવ પરસ્મૈપદી અને બધી સાધના આત્મનેપદી, એવી સ્થિતિ હોવાથી બંને બાજુનો ફાયદો મને અનાયાસે મળવા લાગ્યો ને તેથી કરીને વૃત્તિ ગૂઢ પણ બની અને વ્યાપક પણ બની.

મારી વિચારસરણીમાં પણ પરસ્મૈપદી અને આત્મનેપદી એવો ભેદ છે. હું જ્યારે મારા પોતાના માટે વિચાર કરું છું અને નિર્ણય બાંધુ છું ત્યારે તેની પદ્ધતિ તદ્દન જુદી જ હોય છે. એ જો લોકો સમક્ષ ધરું તો ઘણા લોકો મને ગાંડામાં ગણી કાઢે પણ તે જ વાત લોકોને ગળે ઉતારવાની હોય છે ત્યારે વિચારોની ને અનુમાનની સાંકળની માંડણી પરસ્મૈપદી હોય છે, કારણ એમાં બીજાની મનોરચના ધ્યાનમાં રાખવી પડે છે.

યુવાવસ્થાની શરૂઆત થતાં જ મેં એક સંકલ્પ કર્યો. તે વખતના શબ્દો અંગ્રેજી હતા તે જેમ ને તેમ અહીં આપું છું: 'I have a life to waste on experiments. I shall see to it that I don't build a career, and if a career builds of itself and comes in the way of my experiments, I shall see that it is shattered. My gains shall be all subjcetive.'

આવી રીતે સ્વભાવ પૂરતો હું પ્રયોગવીર થયો. મારે હાથે સેવા થાઓ અગર ન થાઓ, પણ મારા દોષને લીધે જગતની અસેવા તો મારે હાથે ન જ થવી જોઇએ એટલી ચિંતા તો હું સતત સેવું જ છું. આથી પોતાનાં લાભહાનિની બાબતમાં તદ્દન બેફિકર ને બીજાનાં લાભહાનિની બાબતમાં શક્ય તેટલો સાવધાન એવી મારી સ્થિતિ છે.

મારા વિષે હમેશાં કંઇ ને કંઇ ગેરસમજ થયા કરે છે. ઘણાં વરસ લગી હું આને લીધે મનમાં દુઃખી રહ્યા કર્યો. પણ પછી મેં જોયું કે દરેકની દુનિયા જુદી જ હોય છે, એટલે ગેરસમજ હોવી એ જરા પણ આશ્ચર્યકારક નથી. ઉલટું, સાર્વત્રિક ગેરસમજ કેમ થતી નથી એ જ એક મોટું આશ્ચર્ય લાગવા માંડ્યું! ખરીરીતે જોતાં ચંદ્રની પીઠ જેમ આપણને દેખાતી નથી એ જ પ્રમાણે આપણી વૃત્તિઓની બહાર જે કાંઇ કહેવાતું બાહ્ય જગત છે તે આપણને દેખાવમાં, સમજમાં કે વિચારમાં આવવું જોઇએ નહિ પણ તેમ થતું નથી. એમ જોઇ મેં સિદ્ધાંત બાંધ્યો કે જે પ્રમાણે જગતમાં આત્મા તો એક જ છે. પણ એ આત્મૈક્ય સહજરીતે અનુભવ

માં આવતું નથી, તે જ પ્રમાણે જગતમાં મન પણ એક જ છે, બુદ્ધિ પણ એક જ છે—સર્વ એકરૂપ જ છે, માત્ર તે અનુભવમાં આવતું નથી. આ સિદ્ધાંતથી મને હમેશાં એક જાતની મોટી શાંતિ મળી છે ને એ સિદ્ધાંતને લીધે જ મારામાંનો ગુસ્સો મોટે ભાગે નહિવત્ થયો છે.

કૉલેજમાં મને સાહિત્યનો રસ હતો, અને ગણિત તો સારું આવડતું જ; એટલે એ જ વિષય લઈને ખૂબ માર્ક મેળવી પરીક્ષામાં ઉપલે નંબરે આવવાનો મોહ ઓછો ન હતો. પરંતુ એમ હોવા છતાં પણ પૂરા વિચારને અંતે મેં તર્ક અને તત્ત્વજ્ઞાનનો વિષય લીધો. તે વખતે આ વિષય પસંદ કરવાનાં કારણો અધ્યાપક એકે પૂછતાં મેં જે ઉત્તર વાળ્યો તે પણ મારી જીવનદિશા સૂચવનારો જ હતો. મેં કહ્યું: 'I think a lot and in innumerable directions; but it leads to nowhere. There is no definiteness. I am anxious, therefore, to know the various types of thinking. I want to be familiar with all the avenues of thought.'

મારી વૃત્તિ અંતર્મુખ થવાનું એક બીજું કારણ નાનપણમાં જ ઉત્પન્ન થયું હતું. ઘરમાં છ ભાઈઓમાં હું સૌથી નાનો. માતુશ્રીએ મારામાં લક્ષ્મણનો આદર્શ રેડ્યો હતો, એટલે મારાથી મોટા પાંચ રામચંદ્રોની સેવા કરવી અને તેમની સાથે સારાસારી રાખવી એ મારું કર્તવ્ય હતું. ઉંમરના પ્રમાણમાં આ પ્રયત્ન મેં પ્રામાણિકપણે કર્યો. પણ મારા દુર્દૈવે, મારા સર્વ વડીલ ભાઈઓમાંથી, (જો કે મારા શિક્ષણમાં મને તેમણે થોડીઘણી મદદ કરી હશે તો પણ) મારા વિકાસ બાબતમાં કોઈએ કશી મદદ કરી નહિ' એમને પોતાને વિકાસ માટેની ઝાઝી કલ્પના પણ નહિ હોય. માત્ર વડીલ ભાઈ તરીકેના હક્કની રૂએ દાદાગીરી ચલાવવાની દરેકને હોંશ, એથી કરીને જેટલી એમની ઉપેક્ષા થઈ શકતી તેટલું મને સ્વાતંત્ર્ય મળતું.

અર્થાત્ નાનપણમાં જ્યારે પ્રેમ, પ્રસન્નતા ને છૂટાપણું અધિકાધિક મળવું જોઈએ, તેવે વખતે મારા ઉપર એક રૂંધન આવી પડ્યું. બાહ્ય વિકાસ ઘણોખરો અટકી ગયો અને વૃત્તિ અંદર ને અંદર સમાઈ જવા લાગી. પરિણામ એ આવ્યું કે સ્વભાવમાં અજાણતાં પણ કૃત્રિમતા આવવા લાગી. આત્મવિશ્વાસ ડગમગી ઊઠ્યાં. સ્વાભિમાન નષ્ટ થયું. પણ તેની સાથોસાથ શાંતપણે નિરીક્ષણ કરવાની ને તટસ્થપણે નિર્ણય બાંધવાની ટેવ ઘડાઈ. ઘણાક પ્રયોગો ખુલ્લી રીતે ન કરી શકાતા, છતાં તે મનમાં કરી જોવા લાગ્યો. મૂર્તિપૂજા ન કરી શકાય તોપણ જેમ માનસ-પૂજા થઈ શકે છે, તે જ પ્રમાણે માનસિક વિચારસેવન, માનસિક પ્રયોગ, માનસયોજના વગેરે બાબતો વધવા લાગી. જીવનનો મોટો ભાગ માનસિક ક્ષેત્રમાં જ વિકાસ પામવા લાગ્યો. એથી કલ્પનાશક્તિ અસાધારણરીતે પરિપક્વ બની. પણ દરેક વાત અનુભવની કસોટીએ કસી જોવી જોઈએ એ બાબત રહી ગઈ ને તેથી સ્વભાવમાં તથા બુદ્ધિમાં વિલક્ષણ અસ્થિરતા ને હાસ્યાસ્પદ કમજોરીનું મિશ્રણ દેખાવા લાગ્યું. લોકોને આ બેમાંની કોઈ એક વસ્તુ વધારે જણાવા લાગી અને તેમનું વર્તન પરસ્પરવિરોધી થવા લાગ્યું. આથી કરીને સમાજમાં વર્તવાની બાબતમાં મારો આત્મવિશ્વાસ ઘણો જ ઓછો થઈ ગયો. આ કમજોરી કાઢી નાખવા માટે મેં જબ્બર પ્રયત્નો શરૂ કર્યા. કોઈ પણ પ્રશ્નનો વિચાર કરતાં કેટલી બાજુથી તેનો વિચાર કરવો શક્ય છે, એ હું પ્રથમ જોતો. એથી કરીને એક પ્રશ્ન અનેક રીતે તપાસવાની ટેવ બંધાઈ.

મેં અંગતરીતે ખૂબ જ સહન કર્યું હોવાથી મારામાં બીજા પ્રત્યેની સહાનુભૂતિની માત્રા વધવા લાગી. સ્ત્રીઓનું જીવન પરસ્વાધીન. માબાપ, ભાઈભોજાઈ, સાસુસસરા, પતિ, દીયર-જેઠ-નણંદો, બધાંની જોહુકમી તેને સહન કરવી પડે છે. આ બધાં પરથી એની સ્થિતિ કેવી થતી હશે તેની પૂરી કલ્પના આવવાથી એમના તરફની મારી સહાનુભૂતિ વધતી રહી. ઘરમાં હું બધા કરતાં નાનો હોવાથી મારી સાથે બધાં જ છૂટથી બોલતાં. આ તો નાનો છે, એને શી ખબર પડે. એવી જ બધાંની માન્યતા હતી. અને નાનીનાની બાબતોમાં જે કારસ્થાનો સર્વત્ર સામાન્ય હોય છે, તેમાં મારો ઉપયોગ બધાં તરફથી થતો હોવાને લીધે, હું સર્વ બાબતોમાં સહાનુભૂતિ વધારી શક્યો. પણ સાથેસાથે, લોકો કેટલા એકલપેટા હોય છે, કેવા આંધળા હોય છે, આવેશમાં આવી જઈને કેવા ફસાય છે, એ મને સહજ જ સમજાઈ ગયું. એટલે નાનપણથી જ આંધળા ઉત્સાહની ભૂમિકા છૂટી જઈને પુખ્તપણું દૃઢ થયું. છોકરવાદી મારામાં ખાસ પ્રવેશી શકી નહિ; તેમ વૃદ્ધાવસ્થામાં ભ્રમનિરસન થવાથી જે ખિન્નતા આવે છે તે પણ મને સ્પર્શી શકી નથી.

મેં પ્રથમ કેળવ્યા તે કૌટુંબિક સદ્ગુણો. આજ્ઞાંકિત બનવું, સેવાપરાયણ થવું અને પોતાના સ્વાર્થનો વિચાર કાઢી નાખવો, એ ત્રણ ગુણો મેં નાનપણમાં જ ઉત્કટતાથી વધાર્યા. આ પછી સૃષ્ટિનિરીક્ષણનો મને નાદ લાગ્યો. સંગીતનો નાદ મોડેથી લાગ્યો અને આજે પણ તે વધતો રહ્યો છે. કારવારમાં હિંદુ સ્કૂલમાં ભણતો તે વખતે નૈતિક જીવનની મહત્તા પ્રથમ નજરે પડી. ધર્મનિષ્ઠા અને ધાર્મિકતા માતપિતા પાસેથી મોટા પ્રમાણમાં મને મળી ગયાં હતાં, પણ સ્વભાવમાં પ્રયોગશીલતા હોવાને લીધે ધાર્મિક શ્રદ્ધા અવારનવાર ડગમગી જતી. પ્રથમ થતું કે અદ્વિતીય ભક્ત થવું; વળી પાછું થતું કે યોગી થઈ અનેક સિદ્ધિઓ મેળવવી ને જગતનાં દુઃખો દૂર કરવાં. કૉલેજમાં ગયા પછી સ્વાતંત્ર્યનિષ્ઠા વધવા લાગી ને ક્રાંતિકારક વિચારો દૃઢ થતા ગયા. અને સાથેસાથે બુદ્ધિની ઉપાસના વધવાથી, નાસ્તિકતા તથા સંશયવાદે મને ઘેરી લીધો.

પણ મારું માનસ ખૂબ જ પરિપક્વ હોવાને લીધે એ નાસ્તિકતા અને સંશયવાદથી મને ઘણો ફાયદો થયો. એ કાળનો મને આજે પણ પશ્ચાત્તાપ નથી. એ સ્થિતિની શરમ આવવાનું કારણ પણ બન્યું નથી. યથા સમયે પાછો ધાર્મિક સ્થિતિ પર આવી ગયો. નાનપણની ધર્મનિષ્ઠા માત્ર કર્મકાંડી અને ભાવુક હતી. નૈતિક જીવનની મહત્તા એ વખતે પ્રત્યક્ષ થઈ નહોતી. હવે નૈતિક ને આધ્યાત્મિક જીવન એ જ જીવનસર્વસ્વ છે એ સમજાઈ ગયું છે. નાનપણમાં સૃષ્ટિનિરીક્ષણ અને નવાનોખા અનુભવની તલપને લીધે પ્રવાસમાં રસ હતો; મોટપણમાં એ વૃત્તિમાં સમાજનિરીક્ષણ, તીર્થયાત્રા, સ્થાપત્યમાં રસ વગેરે બાબતોનો ઉમેરો થયો છે.

આ જ વખતે 'સંસ્કૃતિ એટલે જીવનનો પરિપાક', એ વાત પર મન વળ્યું ને જીવન સર્વ બાજુએથી સમૃદ્ધ થવું જોઈએ એમ લાગવા માંડ્યું. સ્વામી વિવેકાનંદ, સિસ્ટર નિવેદિતા, આનંદ કુમારસ્વામી, લાલા હરદયાળ ને રવીન્દ્રનાથ ઠાકુરના વિચારોનો પડઘો મન પર ખૂબ પડ્યો. સ્વાતંત્ર્યપ્રાપ્તિ, સંસ્કૃતિનો વિકાસ, આધ્યાત્મિક જીવન, સેવાપરાયણતા, આ બધી વસ્તુઓ જીવનના કેન્દ્રમાં આવી બેઠી, ને એ પરથી સાક્ષાત્કાર થયો કે 'મનુષ્યનો સર્વોચ્ચ વ્યાપાર શિક્ષણ જ છે; શિક્ષણ એ જ જીવનદર્શન છે.' અને તેથી જ એ પ્રવૃત્તિને મારું જીવન અર્પણ કરવાનું સ્વાભાવિક, ક્રમપ્રાપ્ત અને અપરિહાર્ય બન્યું.

આ ભૂમિકા પર પહોંચાયું તે વખતે જ મહાત્મા ગાંધીજીનાં મને દર્શન થયાં. ત્યાર પછીની વાતો તો આ પત્રમાં લખવાની જરૂર નથી. આજનો મારો જીવનસિદ્ધાંત શો છે એની તો તમને ખબર જ છે.

મરાઠી ઉપરથી અનુવાદક: **નંદલાલ વ. મહેતા**

રોતાં ફૂલ

રેતીના ખોરાક પર એ ફાલતાં, ને પોતાનાં કરુણ આંદોલનોથી વિનાશ વરસાવતાં એક કલ્પનારંગી વિજ્ઞાનકથા

આખી પૃથ્વી પર એકાએક હાહાકાર ફેલાઈ ગયો. રોજના હજારોના હિસાબે માણસો કોઈ અજ્ઞાત કારણે મરવા લાગ્યાં. બાહ્ય અસર માત્ર આટલી જ જણાતી: એકદમ માણસ સાવ મૂંગો બની જાય. એને ભાન હોય, અને પહેલી અસર જણાયા પછી મરણ થાય ત્યાં સુધી એની આંખો ખુલ્લી જ રહે. ખૂબીની વાત તો એ હતી કે આ અજ્ઞાત રોગની પહેલી અસર અત્યંત લાગણીવશ માણસો પર થતી.

આ રોગની પહેલી અસર જણાઈ સહરાના રણમાં. પ્રશાંત સરોવરમાં પત્થર પડતાં જેવાં આંદોલનો ઊઠે એમ આ રોગનાં આંદોલનો પૃથ્વીઆવૃત્ત હવામાં ઊઠવા લાગ્યાં. જોતજોતામાં રોગની અસર ઉત્તરમાં પારીસ, પૂર્વમાં મક્કા અને દક્ષિણમાં જોહાનિસબર્ગ સુધી પહોંચી ગઈ. આ પ્રદેશમાં જે વધારે લાગણીવશ હતા એ પહેલા મરી ગયા. અને સાપેક્ષ લાગણીવશતા તો દરેકમાં હોય, એટલે વહેલા-મોડા આ પ્રદેશનાં દરેક માણસ મરવા લાગ્યા.

આ રોગ માનવકુલના વિજ્ઞાનીઓની બુદ્ધિની કસોટી રૂપ નીવડ્યો. આખી પૃથ્વીના અગ્રગણ્ય વિજ્ઞાનીઓની એક સમિતિ નીમવામાં આવી. આ સમિતિમાં હિંદના પ્રખર વિજ્ઞાની શ્રી જલદનાથ સહાની પણ વરણી થઈ. સમિતિમાં વરાએલો અને ન વરાએલો દરેક વિજ્ઞાની રોગનું કારણ અને મારણ શોધવા મચી પડ્યો.

સહરાના રણનું સંશોધન કરવા વિજ્ઞાનીઓનાં અનેક વિમાનો ઊડવા લાગ્યાં. વિજ્ઞાનીઓ પણ ઓછેવત્તે અંશે લાગણીવશ હોવાથી એમાંના યે ઘણા મોતના પંજામાં સપડાઈ ગયા. એ પ્રદેશની હજારો છબિઓ લેવાઈ. દરેક છબિને અનેકગણી વિકસાવી એની લાખો પ્રતો કાઢવામાં આવી. આ પ્રદેશની પ્રાકૃતિક રચના વર્ણવતાં અનેક પુસ્તકો ને છબિઓ સમિતિના સભ્યો પર મોકલવામાં આવ્યાં.

વાતવાતમાં છ માસ વહી ગયા ને વાતવાતમાં ત્રીજા ભાગનો માનવસમુદાય મરણશરણ થયો. આખા માનવકુલમાં નિરાશા ફરી વળી. દરેક જણ મોતની પ્રતીક્ષા કરતો જ રાત્રે સૂતો ને પ્રભાતે ઊઠતો.

જલદનાથ એમની કલકત્તાની પ્રયોગશાળામાં કાર્યનિમગ્ન હતા. એવામાં રેડિયોવિશારદ આ વિજ્ઞાનીએ પોતાના રેડિયોમાં એક વિચિત્ર રૂદન સાંભળ્યું. એમને જે સાંભળાયું એ રૂદન હતું કે કોઈ ગાન એ તો એ પોતે ય પહેલાં તો નિર્ણિત કરી શક્યા નહિ. પણ પછી એમણે સાત દિવસ ને સાત રાત તે પર પોતાની પ્રયોગશાળામાં જ ગાળી. આઠમે દિવસે એમણે માનવકુલને નીચેનો સદેશો રેડિયો દ્વારા આપ્યો:

'માનવબંધુઓ, થોડાક માસથી આપણી પૃથ્વી પર શરૂ થએલા વિચિત્ર રોગનું નિદાન કરવા હું શક્તિમાન થયો છું. આપ સર્વેની જાણમાં હશે કે સાત માસ પહેલાં એક મોટો આકાશી પદાર્થ સહરાના રણમાં પડ્યો હતો. આ પદાર્થ એટલો મોટો હતો કે એની ટક્કરે આખી પૃથ્વીને કંપાવી નાખેલી. અત્યંત વેગ અને વજનને લીધે આ પદાર્થ પૃથ્વીના પેટાળમાં પેસી ગયો. આ પદાર્થ પર કોઈ વિચિત્ર વનસ્પતિ ઊગતી હતી. એ વનસ્પતિના કેટલાક બીજકણ રણની રેતી સાથે ભળી ગયા. રેતી જ આ વનસ્પતિજાતિનો ખોરાક હોય તેમ એ રણમાં તે એકદમ ઊગી નીકળી.

'આ વનસ્પતિને અત્યંત સુંદર પુષ્પ આવે છે. એ પુષ્પોમાં આ જાતિની આપણા મગજ જેવી બુદ્ધિ-આલય ઇન્દ્રિય હોય છે. વિકાસની દૃષ્ટિએ જોતાં આ ઇન્દ્રિય હવે વધારે વિકસિત બને એવો ઓછો સંભવ છે. આ પુષ્પો પોતાની આ વિકાસમર્યાદા જાણે છે. એથી જ એ પુષ્પો સૂર્યોદય અને સૂર્યાસ્તને સમયે અમુક પ્રકારનાં નૃત્ય આંદોલનો ઉપજાવે છે—આપણે જેમ આપણી કંઠ-ઇન્દ્રિયને આંદોલીને ગાઈએ છીએ તેમ પુષ્પોના હર્ષબિંદુથી આ અત્યંત સુમધુર ગાન છે. પણ આ ગાનનાં આંદોલનો માનવજાત માટે અત્યંત કરુણ નીવડે છે. તમે એ જાણો છો કે સવિશેષ કરુણ અને સવિશેષ મધુરની મર્યાદા એકબીજામાં વિલીન થઈ જાય છે. માનવો માટે આ અશ્રુત કરુણ ગાન ભયંકર અસર ઉપજાવે છે. સાપેક્ષરીતે દરેક જણ પોતપોતાની વિકાસમર્યાદામાં હોતાં લાગણીવશ તો હોય છે જ. આવા માણસોના મન પર આ અશ્રુત-ગાન-આંદોલનો મધુર-કરુણ-જડચતા ઉપજાવે છે. આ અસરથી જડચતા પામતા માણસ અમુક સમય બાદ મરણ પામે છે.

'ઉપરની બાબત હું સહરાના લેવાએલા ફોટોગ્રાફો અને મારા રેડિયોમાં ઝીલાએલાં આંદોલનોની મદદથી જાણી શક્યો છું. આ થયું રોગનું નિદાન. હવે હું તમને રોગનો વિનાશ કરવાની રીત જણાવું.

> ## કુમાર ચન્દ્રક
> **૧૯૪૫**
>
> ૧૯૪૫ના વર્ષમાં 'કુમાર'માં આવેલાં મૌલિક સાહિત્યસર્જનોમાં
> **શ્રી પુષ્કર ચંદરવાકરના**
> 'પિયરનાં પડોશી' નામની નાટિકાને
> શ્રી બલવંતરાય ઠાકોર, શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તથા
> શ્રી અનંતરાય રાવળના નિર્ણાયક મંડળે ચન્દ્રકને પાત્ર
> ગણી છે એ સમાચાર પ્રકટ કરતાં અમને હર્ષ થાય છે

રોગનો નાશ કરવા આપણી પાસે બે ઉપાય છે. એક તો એ કે પ્રત્યેક માનવે લાગણીવિહીન બનવું. આમ કરવા જતાં આપણે માનવો મટી જઈએ છીએ. એટલું જ નહિ પણ આપણે લાગણીવિહીન બનવાની કોઈક વૈજ્ઞાનિક તરકીબ શોધી શકીએ ત્યાં સુધી તો આખી ધરિત્રી માનવવિહીન બની જશે.

બીજો ઉપાય તે આ પુષ્પોનો વિનાશ. એ પુષ્પો બુદ્ધિમાન હોતાં આપણને એમના પ્રત્યે માનવો જેટલું જ માન થાય. તદુપરાંત એ આપણાં મહેમાનો છે. આપણે કાં તો મહેમાનોનું સ્વાગત કરતા વિનાશને વરીએ, અગર તો મહેમાનોનો વિનાશ કરી પ્રણુ શમાંથી બચીએ.

'આ પુષ્પો કોઈ એવા વિશ્વભાગમાંથી આવે છે કે જ્યાં જળનું અસ્તિત્વ નથી. આ આખી પુષ્પજાત વિદ્યુતની જ બનેલી છે. જો એ ન હોય તો પોતાનાં નાનાં આંદોલનોથી રેડિયો-ક્ષોભ ઉત્પન્ન ન કરી શકે. આમ હોતાં એમના નાશ માટે પાણીનો ઉપયોગ થવો જોઈએ. સહરાના આખા પ્રદેશ પર પાણી રેલાવી દેવું જોઈએ, જેથી પાણી અને વીજળીનો સંસર્ગ થતાં પુષ્પો પ્રાણનાશ પામે.

'બંધુઓ! મેં મારી ફરજ અદા કરી. મેં જે કહ્યું છે એના પર વિચાર કરી આત્મનાશ અગર પુષ્પનાશ પસંદ કરી લો.'

બીજે જ દિવસે સહરામાં હજારો વિમાનોમાંથી બરફના બૉમ્બ-નો વરસાદ થયો.

કાલિદાસ જાદવ

નદીવરેણ્યા નર્મદા અને એનો પ્રદેશ


પ્રાચીનતામાં ગંગા કરતાં યે સમગ્રતયા પાવનકારી એવી પ્રાકૃતિકરીતે, ધાર્મિકદૃષ્ટિએ

લેખક · અમૃતલાલ વ. પંડયા

પ્રાકૃતિક, ધાર્મિક, ઐતિહાસિક, ભૌગોલિક ને આર્થિક મહત્તાની દૃષ્ટિએ—કોઈ પણ નજરે જુઓ, નર્મદાની તોલે હિંદની બીજી એકેય નદી ઊભી રહી શકે તેમ નથી. નર્મદાની વ્યુત્પત્તિ થાય છે 'નર્મ:દા' એટલે આનંદદાયિની. નિસર્ગશોભા અને ફળદ્રુપતાની દૃષ્ટિએ તે માનવજીવન માટે ખૂબ જ આનંદદાયિની હોવાથી આપણા પૂર્વજોએ તેને આ નામ આપ્યું છે તે યોગ્ય જ છે. વળી તેનું બીજું એક નામ 'રેવા' પણ છે. શ્રી કનૈયાલાલ મુનશીના મતાનુસાર આનર્તપ્રદેશના એક પૌરાણિક રાજા રેવના નામ પરથી આ નામ પડયું હશે (Early Aryans in Gujarat,) કારણ તેના પુત્ર રૈવતના નામ પરથી જૂનાગઢના ગિરનાર પર્વતનું નામ 'રૈવતક' પડેલું હોવાનું મનાય છે. નર્મદાના આખા પ્રવાહ પર એટલા બધા ધોધો આવેલા છે કે સાગર તરફ તેને લઇ જતા ભૂપૃષ્ઠ પર આ ધોધો દ્વારા જાણે કે તે કુદકા મારીમારીને આગળ ચાલે છે. સંસ્કૃતમાં રેવ ક્રિયાપદનો એક અર્થ 'કુદકા મારીને ચાલવું' થાય છે. નર્મદા આ રીતે ચાલતી હોવાથી તે 'રેવા' કહેવાઈ હોય એમ લાગે છે નાંદિપુર (નાંદોદ આધુનિક રાજપીપળા)ના ગુર્જર વંશ (ઈ. ૫૯૫–૭૩૫ લગભગ)ના ઉત્કીર્ણ લેખોમાં 'રેવા નદીના ધોધોમાંથી પડતાં પાણી'નો અનેક વાર ઉલ્લેખ આવે છે. નર્મદાના આ રેવા નામ પરથી મધ્ય હિંદ એજન્સીમાં બાઘેલખંડનો એક આખો પ્રદેશ 'રેવા' કહેવાય છે, કારણ નર્મદા તેમાં થઇ પસાર થાય છે. વળી આપણે ત્યાં પણ એનો તટવર્તી પ્રદેશ 'રેવાકાંઠો' કહેવાય છે. ગુજરાતમાં આ નદી સામાન્ય રીતે 'નર્મદા' કહેવાય છે, પણ ઉત્તર હિંદવાસીઓ તેને 'નરબદા' કહે છે. દક્ષિણ ગુજરાતમાં તેને 'નરબ્દા' અને માળવા તથા મધ્ય પ્રદેશવાસીઓ 'નર્બદા' કહે છે.

નર્મદા અને ગંગા

ભરતખંડની સપ્તપુનિત સરિતાઓમાં પાવનતાની દૃષ્ટિએ નર્મદા, ગંગા પછી બીજી ગણાઈ છે. પણ પુરાણોના કથાનાનુસાર હાલની લોકમાન્યતા એવી છે કે આ કલિકાલમાં ગંગાની પાવનતા લોપ પામી તે હવે હિમાલયથી હરદ્વાર સુધી મર્યાદિત બની છે,



અમરકંટકતીર્થ : નર્મદાના ઉગમસ્થાન આગળનું મંદિર અને કુંડ

જ્યારે નર્મદાનો મહિમા ઉલટો વધ્યો છે. સ્કંદપુરાણ (રેવાખંડ, અધ્યાય ૧૩૦ માં જણાવ્યું છે:

> गंगा कनखले पुण्या, कुरुक्षेत्रे सरस्वती ।
> ग्रामे वा यदि वाऽरण्ये, पुण्या सर्वत्र नर्मदा ॥१७॥

[કનખલ (હરદ્વાર આગળ)માં ગંગા પવિત્ર છે, સરસ્વતી કુરુક્ષેત્રમાં, પણ નર્મદા તો ગામો અને વનોમાં ગમે તે સ્થળે સર્વત્ર પાવન છે]

અને આ જ કારણે નર્મદાના તટે જેટલાં તીર્થસ્થાનો હાલ છે, તેટલાં ગંગા કે હિંદની બીજી કોઇ નદીના કાંઠે આવેલાં નથી. એકમાત્ર ગુજરાતની સીમામાં નર્મદા તટે ૧૩૦ તીર્થસ્થાનો આવેલાં છે અને તેમાં હાપેશ્વર, શૂલપાણ, ચાણોદ–કરનાળી, શુકદેવ-વ્યાસ, શુકલતીર્થ અને ભરૂચ (દશાશ્વમેધતીર્થ–ભૃગુતીર્થ) પ્રમુખ છે. આગળ જતાં એ જ પુરાણમાં ગંગા ઉપર નર્મદાની શ્રેષ્ઠતા દાખવતાં કહ્યું છે:

> गंगाद्यास्सरितस्सर्वास्समुद्राश्चसरांसि च ।
> कल्पान्तेसंक्षयं यान्ति न मृतैकाच नर्मदा ॥१८॥


[ગંગા ઈત્યાદિ સઘળી નદીઓ, સમુદ્રો ને સરોવરો વગેરે તો કલ્પનો અંત આવતાં નાશ પામશે, પરંતુ નર્મદા કદાપિ નાશવાન નથી.]

નર્મદાની પરિક્રમા

નર્મદા શિવનો અંશ લેખાય છે, એટલે જ તેનાં તટવર્તી તીર્થો લગભગ સઘળાં જ શૈવ છે; એટલે સુધી કે 'નર્મદા કે કંકર, સબ શિવ-શંકર', 'નર્મદાના કંકર એટલા શંકર,' એવી કહેવતો તેના ઉપાસકો ને જાત્રાળુઓમાં પ્રચલિત છે. નર્મદાના ભાઠામાંથી મળી આવતા ગોળ પથરા (Pebbles) સર્વત્ર શિવલિંગ તરીકે પૂજાય છે.

નર્મદાની એક ધાર્મિક વિશેષતા છે તેની પ્રદક્ષિણા. સંખ્યાબંધ ભક્તજનો સતત એની પ્રદક્ષિણા કર્યા કરે છે. એના તટવર્તી કોઈ પણ તીર્થથી એ યાત્રા શરૂ કરી શકાય છે. ઉત્તર તટના તીર્થથી શરૂ કરી હોય તો પહેલાં તેના ઉદ્ગમસ્થાન અમરકંટક તરફ જવાનું હોય છે અને અમરકંટકથી દક્ષિણ તટે આવી પછી રેવા–સમુદ્રસંગમ જઈ આવી ત્યાંથી ઉત્તર તટે જ્યાંથી પ્રદક્ષિણા શરૂ કરેલી હોય ત્યાં સમાપ્ત થાય છે. આખી પ્રદક્ષિણા પગપાળા કરવાનો નિયમ છે ને એ રીતે ચાલતાં માર્ગમાં નર્મદા દૃષ્ટિ સામેથી લોપ નહિ થવી જોઇએ. પ્રદક્ષિણા ઓછામાં ઓછાં બે વર્ષ લે છે એના માટેનો તો એક નોંધપાત્ર નિયમ એ છે કે પ્રદક્ષિણા કરનાર માણસ ગમે તેવો શ્રીમંત હોય, પણ પ્રદક્ષિણા સમયે તેનાથી એક પાઈ પણ જોડે રાખી શકાય નહિ. અનાવશ્યક કે વધારાનાં વસ્ત્રો કે પથારી યા જોડે સીધું કે બીજી ખાદ્યસામગ્રી જરા યે રાખી શકાય નહિ. તેમ કરવાથી પરિક્રમાનું ફળ મળે નહિ. નર્મદાના બંને કાંઠે ચારચાર પાંચપાંચ માઈલના અંતરે સદાવ્રતનાં મથકો આવેલાં છે, ત્યાંથી સદાવ્રત લઇ હાથે રસોઇ કરી દરેકે જમવ નો નિયમ છે આ સદાવ્રતો જે જે રાજ્યોમાંથી નર્મદા વહે છે તે તે રાજ્યો તરફથી અબાધિત અપાય છે, અને તેના માટે લાગતાંવળગતાં રાજ્યો તરફથી સદાવ્રત-મથકોને જમીનો ને વર્ષાસનો આપેલાં છે. અનાજની આવી કારમી અછતના જમાનામાં પણ નર્મદાની પ્રદક્ષિણા કરનારા (કે જે પરિ-

પુરાતન, અને પુનિતતામાં મૂળથી માંડીને મુખ સુધી આ નદી ભારતવર્ષની સર્વ નદીઓમાં શ્રેષ્ઠ ગણાય છે.— ઐતિહાસિક નજરે તેમજ આર્થિક મહત્ત્વની ગણત્રીએ.



નર્મદાની 'પનઇ' (હોડી): એ ગુર્જરી ગંગાનું એક લાક્ષણિક દૃશ્ય (ફોટો બલવન્ત ભટ્ટ)

ક્ષેત્રવાસી કહેવાય છે તે, ગમે તેટલી સંખ્યામાં હોય, પણ ક્યાંયે સદાવ્રતની તેમને તકલિફ પડી હોય એવું મારી જાણમાં નથી. આવા કડક નિયમો તળે પણ મેં અનેક શ્રીમંત નર્મદાભક્તોને યે નર્મદાની પ્રદક્ષિણાયાત્રા કરતા જોયા છે. હિંદુ-ધર્મનાં યાત્રાધામોમાં જેમ જગન્નાથપુરીના આંગણે નાતજાતનો ભેદ નથી અને 'જગન્નાથ કા ભાત, જગતપસારે હાથ' એ કહેવી પ્રમાણે એકમેકની એંઠી પ્રસાદી ત્યાં આરોગવાનો ધાર્મિક નિયમ છે અને જે તેને ન પાળે તેને કોઢ નીકળે એવી માન્યતા છે, તેવી જ રીતે નર્મદાના તટે હિંદુ ધર્મમાં સામ્યવાદનાં દર્શન થાય છે. નર્મદાના પુનિત તટપ્રદેશે શ્રીમંત અને ગરીબ એવા સામાજિક અને આર્થિક ભેદો અસ્તિત્વ ધરાવતા નથી એ વસ્તુસ્થિતિ નોંધપાત્ર છે, ને તેથી કરી—

स्मरणाज्जन्मजं पापं दर्शनेन त्रिजन्मजम् ।
स्नानाज्जन्म सहस्राख्यं हंति रेवा कलौयुगे ॥

[કલિકાળમાં નર્મદાના સ્મરણમાત્રથી આ ભવનાં, દર્શન કરવાથી ત્રણ ભવનાં, ને સ્નાન કરવાથી હજારો જન્મનાં પાપ નાશ પામે છે]

અને આ માન્યતા વિકાસ પામે તેમાં નવાઇ નથી નર્મદાનાં તટવર્તી તીર્થસ્થળો કે મંદિરોમાં ક્યાંયે આડંબર જોવા નહિ મળે ભગવાન શંકર કે તેમના પરિવાર દેવોની સાદી પાષાણપ્રતિમાઓ ને તેમનો પૂજાપાઠ કરતા થોડાક સાધુઓ. તમે દર્શન કર્યાં કે તમારી સમક્ષ સદાવ્રત અગર તો પ્રસાદી આવી જ છે! નર્મદા તટે ભગવાન લેતા નથી પણ આપે છે. નર્મદાના તટે તીર્થોમાં જે પવિત્ર વાતાવરણ અને તેને લઇ જે આત્મસ્પર્શી શાંતિનો અનુભવ થાય છે તેવો કોઈ બીજાં તીર્થક્ષેત્રોમાં થતો નથી.

નર્મદા—આર્થિક દૃષ્ટિએ


આવી મહત્તા ધરાવતી નર્મદામૈયા આપણી ગુજરાત ભૂમિની ધરિત્રીને પાવન કરે છે તે આપણું સદ્‌ભાગ્ય જ લેખાય. આર્થિક દૃષ્ટિએ જોતાં પણ નર્મદાના જેવી મહત્ત્વશાળી નદી હિંદમાં બીજી ભાગ્યે જ હશે. નર્મદાના જલથી સંચિત થતા બીજા પ્રદેશોની વાત જવા દઈ ગુજરાતનો જ દાખલો લઇએ. હિંદમાં ભરૂચનો કપાસ સૌથી ઊંચો લેખાય છે અને તે નર્મદાની ખીણમાં જ નીપજે છે બીજી કોઇ નદીના કાંપમાં આવો કપાસ થઇ શકતો નથી આ કપાસ ગુજરાતની સમૃદ્ધિ વધારવામાં મોટો ભાગ ભજવતો આવ્યો છે, એ જણાવવાની ભાગ્યે જ જરૂર હશે. ઉનાળામાં ગુજરાતની બધી નદીઓ લગભગ સુકાઇ જાય છે, એક માત્ર નર્મદા જ તેમાં અપવાદ રૂપે છે. શિયાળામાં જુઓ કે ઉનાળામાં જુઓ, નર્મદાનાં નીર જેટલાં ને તેટલાં જ નજરે પડવાનાં. નર્મદાપ્રદેશવાસીઓને આવજા કે લાવ લઇજા માટે વ્યવહારનાં બીજાં સાધનો પર આધાર રાખવો પડતો નથી. બારે માસ નર્મદામાં મોટીમોટી હોડીઓ (પનઈઓ) ચાલ્યા કરે છે, જે ઉતારૂઓ અને માલને રેલવે કરતાં ઘણા જ ઓછા ભાવે પહોંચાડે છે. યુદ્ધકાળમાં હિંદના બીજા પ્રદેશોનો કપાસ કે બીજો માલ રેલવેમાં બુકિંગના પ્રતિબંધને લઈ મુંબઇ કે બીજાં મથકોએ વખતસર પહોંચી નહિ શકવાથી લોકો ઉચિત ભાવોનો લાભ લઇ શકતા ન હતા; પણ રેલવે બુકિંગની આ મુશ્કેલી નર્મદાપ્રદેશવાસીઓને નડી નથી. તેમનો કપાસ કે અન્ય જણસો, અબાધિત ચાલતી પનઈઓમાં નર્મદાના આશ્રયે આવેલા ગુજરાતના પ્રત્યેક વિભાગમાંથી ખેંચાઇ ખેંચાઇને કાગડાપીઠ (રાજપીપળા સ્ટેટ) અગર ભરૂચ જઇ પહોંચતી અને ત્યાંથી વહાણો દ્વારા મુંબાઈ વગેરે મથકે પહોંચી જવાથી આ પ્રદેશના લોકો યુદ્ધકાળ દરમ્યાન બજારભાવોનો સારામાં સારો લાભ લઈ શક્યા છે વળી વિદ્યુત્‌બળના વિકાસના આ જમાનામાં ગુજરાતને સમૃદ્ધ બનાવવામાં નર્મદા બીજી બધી નદીઓ કરતાં વધુ અગત્ય અને મોખરાનો ભાગ ભજવશે. વિદ્યુત્-બળ મેળવવા માટે એકમાત્ર નર્મદા જ ગુજરાતમાં આદર્શ સ્થળો ધરાવે છે. રાજપીપળા રાજ્યમાં શૂલપાણિ (સુરપાણ) નજીક એવું આદર્શ સ્થળ મળી આવેલું છે કે જો ત્યાં નર્મદાને બાંધવામાં આવશે તો વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા અને અમદાવાદનાં ઔદ્યોગિક યંત્રો માટે કોલસાની જરૂર રહેશે નહિ. ઉપરાંત બી. બી. સી. આઇ. ની ટ્રેનો મુંબાઇથી છેક અમદાવાદ સુધી વીજળીથી ચાલી શકશે ગુજરાતનો નર્મદાપ્રદેશ જંગલની પેદાશ અને ખનિજ દ્રવ્યોથી ભરપૂર છે. સીમેન્ટ, કાગળ, કાથો, ચીનાઇ માટી ઈત્યાદિનાં અનેક કારખાનાંઓ આ પ્રદેશમાં ઊભાં થઇ શકે તેમ છે અને પેટ્રોલિયમ નીકળવાની પણ અહીં શક્યતાઓ છે. લોખંડ માટે આ પ્રદેશ સમૃદ્ધ છે જ. લોખંડની પ્રાચીન ખાણો અને તેને ગાળવાની ભઠ્ઠીઓના અવશેષો ઠેકઠેકાણે ગુજરાતમાં નર્મદા કાંઠે મળી આવે છે. આમ, આર્થિક દૃષ્ટિએ નર્મદાના જેવો સમૃદ્ધ

પ્રદેશ ગુજરાતમાં એક પણ મેં જોયો નથી. દુષ્કાળ એટલે શું તે તો લોકો અહીં જાણતા નથી. આ પ્રદેશના ભીલો પણ એટલા સમૃદ્ધ છે કે તેઓ નોકરી કરવામાં નાનમ અનુભવે છે. સદ્‌ભાગ્યે એ તરફનાં રાજ્યોમાં કરવેરાના અભાવે પણ ગુજરાતના નર્મદાપ્રદેશવાસીઓની સમૃદ્ધિ વિશેષ વધી છે. આ પ્રદેશના નિવાસીઓમાં કહેવત છે કે 'ડુંગર દેવ છે અને નર્મદા માતા છે' (આ ડુંગર એટલે રાજપીપળાનો ડુંગર) એનો અર્થ એ કે એ બંનેના આશ્રયે રહેનાર પ્રજા કદી દુઃખી થતી નથી.

નર્મદાનું ભૌગોલિક મહત્ત્વ

હિંદમાં નર્મદાનું ભૌગોલિક માહાત્મ્ય પણ અજોડ છે. આખા ભરતખંડને નર્મદા જ બે વિભાગોમાં વહેંચતી આવી છે: ઉત્તરાપથ અને દક્ષિણાપથ. નર્મદાની ઉત્તરે ઉત્તરાપથની સંસ્કૃતિ, કળા, વેશભૂષા, ભાષા, રીતરિવાજો કંઈક જુદા અને તેની દક્ષિણે કંઇક જુદા. એ જે પણ આ ભેદ જેમ ને તેમ નર્મદાકાંઠે વરતાય છે. વળી ઉત્તર ભાગ આખા હિંદ પર છવાઈ રહ્યો, ને તેમ થતાં નર્મદાની ઉપત્યિકા (ખીણપ્રદેશ) પણ એના ગર્ભમાં સમાઇ ગઈ. આ લાવા-પ્રસરણકાળના અંત પછી જ્યાં અગાઉ નર્મદાની ખીણ હતી ત્યાં ભૂગર્ભમાં દબાણ થતાં ખડકમાં તૂટ ઉત્પન્ન થઇ ને તેના પરિણામે ફરી નર્મદાનો પ્રવાહ વહેતો થવા લાગ્યો. ત્યારથી માંડી આજ લગી નર્મદા અસ્ખલિત વહ્યે જાય છે. આ રીતે લાવાપ્રસરણકાળ પૂર્વની હિંદની બધી નદીઓ નાશ પામી, પણ નર્મદા તો ફરી વહેવા લાગી. આમ નર્મદા હિંદમાં જૂનામાં જૂની નદી લેખાય છે.

સામાન્યતઃ નદીઓ ત્રણ વિભાગોમાં વહેંચાએલી હોય છેઃ (૧) ઉપલો પ્રવાહ–જેમાં નદી પૌર્વત્ય પ્રદેશને કાપતી તેના ઉદ્‌ગમ સ્થળથી નીચે ઊતરે છે; (૨) વચલો પ્રવાહ—જેમાં નદી, તેણે અગાઉ રચેલા કાંપપ્રદેશને કાપતી ઊંડાણમાં વહે છે; અને (૩) નીચલો પ્રવાહ–જેમાં નદી પોતે આણેલા કાદવને ઠાલવે છે. આ ત્રીજો પ્રદેશ Delta 'ડેલ્ટા'ના નામથી ઓળખાય છે આ બાબતમાં નર્મદાને




અને દક્ષિણ હિંદનાં પ્રાચીન સામ્રાજ્યોની સરહદ અનેક વાર નર્મદા બની જાય છે તે વિષેની નોંધો પ્રાચીન ઉત્કીર્ણ લેખોમાં મળી આવે છે. હિમાલયની દક્ષિણે તો આખા ભરતખંડમાં એક માત્ર નર્મદાના આંગણે જ નિસર્ગદેવી સોળેસોળ શણગારમાં વિચરતી નજરે પડે છે. પણ કવિઓ અને કલાકારોની દૃષ્ટિ હજી એ તરફ ગઇ નથી. ગુજરાતની કાવ્યધારાએ આ ઘરઆંગણાની ગંગા સામું હજુ બરોબર ભાળીને જોયું નથી. બહુ થોડા કવિઓ અને લેખકોએ નર્મદ ને સંભારી છે.

પ્રાકૃતિક ભૂગોળ અને ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ પણ નર્મદા અદ્વિતીય માહાત્મ્ય ધરાવે છે. લાખો વર્ષ પૂર્વે રાજપુતાનાની દક્ષિણે આવેલું હિંદ જ્યારે ગૉંડવાના લૅન્ડ નામના ભૂખંડનો એક ભાગ હતો અને તેની ઉત્તરે ટેથીસ મહાસાગર ઘૂઘવતો હતો તે વખતે નર્મદા નદી અસ્તિત્વ ધરાવતી હતી એમ તેની ખીણમાં મળી આવતા ખડકો અને ફૉસિલો પરથી સિદ્ધ થયું છે. ગૉંડવાના લૅન્ડના યુગના અંતે ભૂપૃષ્ઠમાં ફાટો પડી જતાં ભૂગર્ભનો લાવા રસ બહાર નીકળી લગલગતી નવાઈ નોંધપાત્ર છે. નર્મદાને નીચલો પ્રવાહ–'ડેલ્ટા' છે જ નહિ અને વચલા પ્રવાહમાંથી તે બીજી નદીઓની જેમ એકના બદલે ત્રણ વાર પસાર થાય છે. તેમ થતાં બીજી નદીઓને જ્યાં એકએક જ કાંપપ્રદેશ હોય છે ત્યાં નર્મદા ત્રણત્રણ કાંપપ્રદેશો ધરાવે છે. એ બધા વિંધ્ય અને સાતપુડા એ બે પર્વતોની વચ્ચે આવેલા છે.

પહેલો તે મધ્યપ્રાંતનો ઉત્તરભાગ. અમરકંટકના માલ(Plateau) થી નીચે ઊતરતાં જ આ કાંપપ્રદેશ આવે છે. જબલપુરથી હંડિયા (હરદા નજીક) સુધી તે પ્રસરેલો હોઇ તેની લંબાઇ ૨૦૦ માઇલ છે. પ્રાચીન કાળમાં આ ફળદ્રુપ પ્રદેશ 'ચેદિદેશ' અને મધ્યકાળમાં 'ડાહલ' કહેવાતો. ત્રિપુરી એનું પાટનગર હતું (એના પરિચય માટે જુઓ ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇનો ૧૮૪મા અંકમાંનો લેખ), હાલ જબલપુર છે. મધ્યપ્રાંતના જબલપુર, નરસિંહપુર અને હોશંગાબાદ જીલ્લાઓમાં તે વહેંચાએલો છે આ પ્રદેશની માટી હલકી લાલ હોઇ તેના પર કાળી માટીનું પાતળું પડ પથરાએલું છે. હંડિયાથી ઓમકારેશ્વર સુધી નર્મદા ફરી પર્વતોમાં થઈ


મુખ્યત્વે ઈંદોર અને ધાર રાજ્યોમાં માર્ગ કાપે છે અને આ પછી તેણે રચેલો બીજો કાંપપ્રદેશ 'નીમાડ' આવે છે. નીમાડમાં વિન્ધ્ય અને સાતપુડાની હારમાળાઓ ખૂબ નજીક નજીક હોવાથી તે સાંકડી પટી રૂપે નર્મદાની આસપાસ આવેલો છે. નીમાડની ઉત્તરે વિન્ધ્યાચલની પેલી મેરનો ઉચ્ચ પ્રદેશ માળવા કહેવાય છે. નીમાડની લંબાઈ ૧૦૦ માઇલ જેટલી છે. ઓમ્કાર-માંધાતાથી હિરનફાલ-હરણફાળ (શૂલપાણ)ના ધોધ સુધી તે લંબાએલો છે. હાલ તે મધ્યપ્રાંતના નીમાડ જિલ્લા અને મધ્યહિંદનાં રાજ્યો ઇંદોર, ધાર, બડવાની અને ગ્વાલીઅર વચ્ચે વહેંચાએલું છે. પ્રાચીનકાળમાં નીમાડ 'અનૂપ દેશ' કહેવાતો અને તેની રાજધાની માહિષ્મતી નગરી હતી હાલ માહિષ્મતીના સ્થળે મહેશ્વર આવેલું છે, જે અદ્યાપિ આ પ્રદેશના કેંદ્ર સમું લેખાય છે.

હરણફાલના ધોધ પછી વિન્ધ્ય પર્વત નર્મદાખીણનો સંગાથ મૂકી ઉત્તર-પશ્ચિમે પંચમહાલજિલ્લા તરફ વળી જાય છે ને નર્મદા



સાતપુડાની તળેટીએ તળેટીએ વહેવાને બદલે તેના હાર્દને ચીરીને પોતા માટે માર્ગ કરતી આગળ વહે છે. પ્રાકૃતિક ભૂગોળમાં આ બાબત પણ અસાધારણ છે. જો નર્મદા તેમ ન કરતાં સાતપુડાની તળેટીએ તળેટીએ ચાલી હોત તો આજે તેનું સ્થાન ઓરસંગ નદીના ઠેકાણે હોત. નર્મદાની આ અસાધારણતા શાને આભારી છે તેની વિગત અહીં સ્થળસંકોચને લઇ આપી શકાય તેમ નથી. આ પાર્વત્ય પ્રદેશમાં નર્મદાની ઉત્તરે મહવાડ, છોટાઉદેપુર અને રાજપીપળાનાં રાજ્યો આવેલાં છે અને દક્ષિણે ખાનદેશનો અકરાણી પેટામહાલ, કાઠી નામનું મોટું ભીલ રાજ્ય અને રાજપીપળાનું રાજ્ય આવેલું છે. આ પ્રદેશમાં મહવાડ અને છોટાઉદેપુર રાજ્યોની સરહદ પર નર્મદા તટે આવેલા હાપેશ્વરતીર્થથી નર્મદા ગુજરાતની રાજકીય સીમામાં પ્રવેશ કરે છે. આ પછી ગોરા-ગરુડેશ્વર આગળ નર્મદા પોતે રચેલા તેના ત્રીજા કાંપના પ્રદેશમાં ઊતરી પડે છે. આ સપાટ પ્રદેશમાં નર્મદા ઘણી જ વાંકીચૂંકી વહે છે અને ક્યાંકક્યાંક તો આ વળાંક અર્ધગોળાકૃતિ કરતાં પણ વધુ ગોળાકાર કે લંબગોળાકાર બન્યા છે. નર્મદાનો આ ત્રીજો કાંપ-પ્રદેશ હાપેશ્વરથી માંડી ખંભાતના અખાતમાં તેના મુખ સુધી અત્યંત લાંબા વિસ્તાર પર વહે છે. ગુજરાતના આ કાંપ પ્રદેશમાં નર્મદાની ઉત્તરે એકે પર્વતમાળા નથી, પણ દક્ષિણે સાતપુડાની પર્વતમાળા તેની જોડાજોડ ચાલી ગઈ છે. આ પર્વતમાળા ખાનદેશના અકરાણી નામના પેટા મહાલમાં આવેલા સાતપુડાના સૌથી ઊંચા શિખર (૪૦૦૦ ફુટ) તોરણમાલથી બે શાખાઓમાં ફંટાય છે. એક શાખા ઉત્તરમાં અને બીજી દક્ષિણમાં આવેલી છે. ઉત્તરી શાખા રાજપીપળાનો અને દક્ષિણી શાખા સાગબારાનો ડુંગર કહેવાય છે. સાગબારા એ તાપી ખીણમાં રાજપીપળા રાજ્યના તાબે લાખેકની ઉપજવાળું મોટું ભીલ રાજ્ય છે. આ બે નામો આધુનિક ભૂગોળ અને ભૂસ્તરવિદોએ પાડેલાં છે. લોકમાન્યતા પ્રમાણે ઉત્તર શાખા તે વિંધ્યાચલ અને દક્ષિણ શાખા સાતપુડા કહેવાય છે. સ્થાનિક ભીલ લોકો કે જેઓ આ પર્વતો પર વસે છે તેઓ ઉત્તર શાખાને વીંઝીઓ (વિન્ધ્યો) અને દક્ષિણને સાતપુડીઓ કહે છે. પ્રાચીન ઉત્કીર્ણ લેખોમાં પણ રાજપીપળાના ડુંગરનું નામ વિન્ધ્યાચલ લખેલું મળી આવે છે. રાજપીપળાનો ડુંગર (સાતપુડા પર્વતમાળાનો પશ્ચિમ ભાગ) ભરૂચની પૂર્વે ૧૫ માઈલ દૂર નર્મદા અને કીમ નદીઓ વચ્ચેના પ્રદેશમાં વિરામ પામે છે. પણ આ વિરામ કેવો? અહીં આ પર્વતનો છેડો આવી જતો નથી; પણ પાછલા ભૂસ્તરીય યુગમાં થએલા ભૂગર્ભના ઉત્પાતોને લઈ આ આખી પર્વતમાળા નીચી નમી ગએલી ને તેને પરિણામે ભરૂચની પશ્ચિમે આટલે લગી સમુદ્ર આવી જતાં તેના તળીએ રચાએલાં પડો દ્વારા આ પ્રદેશ ઢંકાઈ ગએલો. આ પ્રદેશની માટી અને પત્થરો દરિયાઈ પ્રાણીઓના અવશેષોથી ભરચક છે. અને સાતપુડા પર્વતમાળા ભૂમિના ગર્ભમાં દબાઇને અરબી સમુદ્રના તળિયાની સપાટી પર ઊભેલી છેક આફ્રિકા નજીક ચાલી ગએલી હોવાનું જાણવામાં આવ્યું છે.

નર્મદાના મુખ આગળનો પ્રદેશ પ્રાગૈતિહાસિક કાળમાં ખંભાતના અખાતમાં છેક દૂર સુધી લંબાએલો હતો અને નર્મદા હાલ સાગર-




મધ્યપ્રાંતોમાં જબલપુર આગળ ધૂવાધારનો ધોધ વટાવીને આગળ જતાં ભેડાઘાટના ઊંચા આરસના ખડકો વચ્ચે ધસમસતી નર્મદાનાં સો સો ફૂટ ઊંડાં પાણી.

સામેના પૃષ્ઠ પર: ગુજરાતમાં સીનોર આગળ નર્મદાનો ઓવારો
(ફોટો : બલવન્ત ભટ્ટ)


ને મળે છે તેનાથી સો સવાસો માઈલ પશ્ચિમે તેને મળતી હતી. આ બધો ભાગ તે નર્મદાનો ડેલ્ટા પ્રદેશ હતો. પણ તે માનવજાતની હયાતીમાંજ સાગરમાં ડૂબી ગયો છે. આ પ્રમાણે નર્મદાને ડેલ્ટા નથી. આ પ્રદેશ ડૂબવાની પ્રાકૃતિ ક્રિયા છેક બુદ્ધના કાળ લગી ચાલ્યા કરી છે.

નર્મદાની પ્રાચીન ભૂગોળને લગતી એક નોંધપાત્ર વસ્તુ એ પણ છે કે આજ નર્મદા જે એક નદીના રૂપે અસ્તિત્વ ધરાવે છે તેમ દૂરના ભૂતકાળમાં હતું નહિ. ભૂસ્તરવિદોનું માનવું છે કે હિમયુગમાં મધ્ય પ્રાંતની નર્મદા એક સ્વતંત્ર નદી હતી અને ગુજરાતની નર્મદા વળી બીજી હતી. મધ્ય પ્રાંત વાળી નર્મદા હોશંગાબાદથી ૪૦ માઇલ પશ્ચિમ સુધી તેના હાલના માર્ગ પર વહેતી હોઈ હન્ડીઆ-નેમાવર નજીકથી હરદા અને મકરાઈના માર્ગે દક્ષિણ–પશ્ચિમમાં વળી જઈ બુરહાનપુરથી થોડેક પૂર્વમાં તાપીને જઈ મળતી હતી. આ વેળા નર્મદાના તટપ્રદેશે પુરાપાષાણકાલીન (Palaeoithic age) સંસ્કૃતિ ધરાવતો માનવસમાજ વસતો હતો. ગુજરાતની હાલની નર્મદા નીમાડના પર્વતોમાં ઉદ્‌ગમ ધરાવતી હોઈ સ્વતંત્રપણે સાગરને મળતી હતી. કાળાંતરે ભૂગર્ભના કેટલાક ઉત્પાતોને લઈ હરદાની દક્ષિણ-પશ્ચિમ તરફનો નર્મદા-પ્રદેશ ઊંચો ઉપસી જતાં એ નદીનો પ્રવાહ પશ્ચિમ તરફ વહેતો થઈ ગુજરાતની નર્મદા સાથે ભળી ગયો. આ ઉત્પાતને લઇને નર્મદાના માર્ગની સપાટી ઊંચાનીચી થતાં ઠેકઠેકાણે ધોધ અસ્તિત્વમાં આવ્યા. આ બધી બીના નર્મદાપ્રદેશના આસપાસના પુરાવાના પ્રકાશમાં જણાવામાં આવી છે. નર્મદાના પોતાના પ્રદેશમાંથી આ બાબત પર શો પ્રકાશ પથરાય છે તે જાણવા ભૂસ્તર અને ભૂગોળવિદો આતુર છે. એ સંબંધી મારી તપાસ હજી પૂરી થઇ નથી, પણ જે કંઇ થઈ છે તેનાથી આ વિધાનને પુષ્ટિ મળી છે. એનું છેલ્લું નિરાકણ છએક માસમાં આવી જવા સંભવ છે. ગુજરાતમા ઝીણવટભરી શોધ કરતાં નર્મદા આજ કરતાં ખૂબ મોટી હતી. એના પ્રાચીન કાંઠ ની ભેખડો આજે પણ જીર્ણરૂપે અસ્તિત્વ ધરાવે છે. આ પ્રાચીન નર્મદા રાજપીપળાના ડુંગરને લગભગ અડકીને વહેતી હતી અને પછીથી વધુ ને વધુ ઉત્તર તરફ ખસતી ગઈ છે. નર્મદાનો આખે પ્રવાહ અમરકંટક પર તેના ઉદ્‌ગમ સ્થાનથી માંડી સાગરસંગમ સુધી ૮૬૧ માઈલ લાંબો છે. એમાં ૪૯૩ માઇલ સુધી તો તે પાર્વત્ય ખડકો કાપતી વહે છે અને ૩૭૮ માઈલ ત્રણ કાંપપ્રદેશોપર પ્રવાહિત થાય છે. રાજકીય વિભાગોની દૃષ્ટિએ જોતાં તેના પ્રવાહના બંને તટો નીચે મુજબ વહેંચાય જાય છે.



માળવામાં નર્મદાતીરે ઓમકારેશ્વરતીર્થ

ઉત્તર કાંઠો		દક્ષિણ કાંઠો	
માઈલ	રાજ્ય	માઈલ	રાજ્ય
૭૪	રેવા (બાઘેલખંડ-મધ્ય હિંદ)	૧૫	રેવા
૧૦૪	મંડલા જિલ્લો	૧૩૫	મંડલા જિલ્લો
	(ગોંડવાના પ્રદેશ મધ્યપ્રાંત)	૩૫	સીવની ,,
૫૧	જબલપુર જિલ્લો (મધ્યપ્રાંત)		(મધ્યપ્રાંત)
૪૮	નરસિંહપુર ,, ,,	૬૩	જબલપુર જિલ્લો
૧૨૧	ભોપાલ (માળવા-મધ્યહિંદ)	૮૫	નરસિંહપુર ,,
૩૭	ઇંદોર ,,	૧૪૦	હોશંગાબાદ ,,
૧૩	નીમાડ જિલ્લો (મધ્યપ્રાંત)		(મધ્યપ્રાંત)
૩૨	ધાર (નીમાડ-મધ્યહિંદ)	૭૧	નીમાડ જિ૦ ,,
૫૨	ઇંદોર ,,	૩૨	ઇંદોર
૯૫	ધાર ,,		(માળવા-મધ્યહિંદ)
૧૫	ગ્વાલિયર ,,	૧૩	ધાર
૩૦	ઇંદોર ,,	૯	ઇંદોર
૩	અલીરાજપુર ,,	૬૮	બડવાની
૧૨	મઠવાડ ,,		(નીમાડ-મધ્યહિંદ)



ઉત્તર કાંઠો		દક્ષિણ કાંઠો	
માઈલ	રાજ્ય	માઈલ	રાજ્ય
૧૪	છોટાઉદેપુર (રેવાકાંઠા-ગુજરાત)	૨૮	ખાનદેશ જિલ્લો
૪૦	રાજપીપળા (,, ગરુડેશ્વર તાલુકો)		(તળોદા તાલુકાનો
૭	રેંગણ(રેવાકાંઠા-સંખેડા મેવાસ-ગુ.)		અકરાની પેટામહાલ)
૧	વાસણા ,,	૧૦	કાઠી (ખાનદેશ)
૩	વડોદરા(તિલકવાડા પેટામહાલ-ગુ.)	૧૧૦	રાજપીપળા
૩	ચુડેશ્વર(રેવાકાંઠા-સંખેડામેવાસ-ગુ.)		(ગરુડેશ્વર, નાંદોદ,
૩	વડોદર (તિલકવાડા પેટામહાલ-ગુ.)		ભાલોદ ને ઝગડિયા
૩	માંડવા(રેવાકાંઠા-સંખેડામેવાસ-ગુ.)		તાલુકાઓ)
૩૮	વડોદરા(સીનોર ને કરજણ તાલુકા)	૪૭	ભરૂચ જિલ્લો
૬૬	ભરૂચ જિલ્લો (ભરૂચ તાલુકો)		(અંકલેશ્વર તાલુકો)
૮૬૧	માઈલ કુલ	૮૬૧	માઇલ કુલ

દરેક નામની સાથે પહેલાં પ્રદેશનું લોકપ્રચલિત નામ ને પછી પ્રાંત કે એજન્સીનું નામ આપેલું છે. ગુજરાતના નર્મદાપ્રદેશના તાલુકાઓ ઇત્યાદિ પણ બતાવેલા છે. નર્મદાના દક્ષિણ કાંઠે જે ખાનદેશનો પ્રદેશ છે તે ભાષાની દૃષ્ટિએ ગુજરાતમાં આવે છે. અગાઉ એ ગુજરાતના રેવાકાંઠામાં ગણાતો હોઈ રાજપીપળાના તાબે હતો, પણ પાછળથી ભીલોનાં તોફાનોના જમાનામાં કેટલીક ગેરવ્યવસ્થાને લઇ એને ખાનદેશના તળોદા તાલુકા સાથે જોડી દેવામાં આવ્યો. કાઠી રાજ્ય વિષે પણ તેમજ બન્યું. રાજકીય દૃષ્ટિએ નર્મદાપ્રદેશમાં ગુજરાતનો પ્રારંભ મઠવાડ અને છોટાઉદેપુર રાજ્યની સરહદથી થાય છે, પણ ભાષાની દૃષ્ટિએ જોતાં નર્મદાની ઉત્તર તરફ ઇંદોર ને અલીરાજપુર રાજ્યોની સરહદથી ગુજરાત લગી જાય છે, ને દક્ષિણ તટે બડવાની ને ખાનદેશની સરહદથી આ પ્રમાણે ગુજરાત નર્મદાપ્રદેશનો લગભગ ૨૦૦ માઈલનો વિસ્તાર રોકે છે.

નર્મદાનાં તીર્થસ્થાનો

નર્મદાના ઉદ્‌ગમસ્થાન અમરકંટકથી શરૂ કરીને વિમલેશ્વર નજીક સાગરસંગમ સુધીના તેના વિસ્તારમાં તેના કાંઠે નીચેનાં મોટાં તીર્થો આવે છે:

મધ્યપ્રાંતમાં

અમરકંટક—બંગાલ-નાગપુર રેલવેની કટની-બિલાસપુર શાખા પરના પેંડ્રારોડ સ્ટેશનથી ૮ માઈલ દૂર છે.

મંડલા—જબલપુરથી બંગાલ-નાગપુર રેલવેની નાની લાઈનની એક શાખા ગોંદિયા જાય છે. તેના પર નયનપુર જંકશનથી એક જુદી શાખા છેક મંડલા સુધી લઈ જાય છે.

બ્રહ્માણઘાટ—જી.આઈ.પી.રેલવેની મુંબઇ-અલ્લાહાબાદ લાઈન પર ઇટારસીથી આગળ નરસિંહપુર સ્ટેશન આવે છે. ત્યાંથી તે અંતરાળમાં ૧૩ માઇલ દૂર હોઈ બસ દ્વારા ત્યાં પહોંચાય છે.

મધ્ય હિંદમાં

ધાયડીકુંડ—જી. આઇ. પી. રેલવેની મુંબઇ–દિલ્હી લાઈન પર ખંડવા નજીક બીર સ્ટેશનથી ૨૦ માઈલ દૂર છે. આ સ્થળ ઘોર જંગલોમાં છે અને પહોંચતાં ખૂબ તકલિફ પડે છે.

ઓંકારેશ્વર (ઓંકાર-માંધાતા પણ કહેવાય છે)—બી. બી. રેલવેની રતલામથી ખંડવા જતી નાની લાઈન પર મોરટક્કા સ્ટેશનથી ૫ માઈલ દૂર અંતરાળમાં છે. બસ સર્વિસ દોડે છે.

મહેશ્વર (પ્રાચીન મહિષ્મતી)—ઉપરની લાઇનના બડવાણી સ્ટેશનથી ૪૧ માઇલ દૂર અંતરાળમાં છે. બસ સર્વિસો દ્વારા પહોંચાય છે. ઇંદોર ને મહુથી પણ મહેશ્વર લઈ જનારી સીધી બસો મળે છે.

ગુજરાત

હાપેશ્વર—છોટાઉદેપુરથી બસ સર્વિસ જાય છે.

શૂલપાણિ (સુરપાણ)—ગાયકવાડી નાની રેલવે ચાણોદ લઈ જાય છે. ત્યાંથી સ્વતંત્ર હોડી ભાડે કરી મોખડીના ધોધ સુધી જવાય છે. આ ધોધથી આગળ પગે ચાલતાં જવું પડે છે. એથી સહેલો રસ્તો રાજપીપળા થઇને જાય છે. રાજપીપળાથી છેક શૂલપાણિ સુધી રાજ્યે મોટા ખર્ચે પર્વતોને કાતરીને પાકી સડક કરાવેલી છે.



હરણફાળ(જ્યાં હરણ માત્ર એક જ ફાળે સામે પાર જઇ શકે એટલી એ નદી સાંકડી છે તે સ્થળ)

સ્કેચ: રસિકલાલ પરીખ


આ સડક પર રાજપીપળાથી ગોરા (પર્વતની તળેટીમાં નર્મદાકાંઠે) સુધી બસ સર્વિસ ચાલે છે. ગોરાથી શૂલપાણિ ૧૮ માઈલ દૂર છે. ગોરાથી પનઇ (હોડી) દ્વારા પણ ત્યાં જઈ શકાય છે ને સડક રસ્તે ગાડામાં પણ જવાય છે. મોટરો કે લૉરીઓ રાજપીપળાથી છેક શૂલપાણિ સુધી જઈ શકે છે. ધાયડીકુંડ કરતાં શૂલપાણિ પહોંચવાનું વધુ અઘરૂં હોવાથી જ એનું માહાત્મ્ય મોટું છે.

ચાણોદ-કરનાળી—વડોદરાના ગોયાગેટ સ્ટેશન ને મિયાંગામ-થી ગાયકવાડ સરકારની નાની રેલવે સીધી ડભોઈ થઈ ચાણોદ પહોંચાડે છે. ચાણોદથી સામે પાર રાજપીપળા ૮ માઇલ છે અને ત્યાં જવા બસો દોડે છે.

શુકદેવ વ્યાસ—ચાણોદથી આ તીર્થ ૫ માઈલ થાય છે અને ચાણોદથી નર્મદામાં પનઈ દ્વારા ત્યાં જવાય છે.

અનસૂયાજી-મિયાગામથી સીનોર સુધી ગાયકવાડી નાની ગાડી જાય છે. સીનોરથી આ સ્થળ એક માઈલ દૂર છે. પગરસ્તે અને નદી-રસ્તે બંને રીતે ત્યાં જવાય છે. વળી રાજપીપળાથી સીસોદરા (સીનોરની સામે નર્મદા ઉપર) સુધી બસ સર્વિસ દ્વારા જઈ ત્યાંથી પણ જવાય છે. ત્યાંથી એક માઈલ દૂર છે.

શુકલતીર્થ (કબીરવડ એની પાસે છે)-ભરૂચથી પૂર્વમાં ૧૦ માઈલ દૂર છે. બસ સર્વિસ દ્વારા જવાય છે. અંકલેશ્વરથી રાજપીપળા જતી રાજપીપળા સ્ટેટ રેલવેના ઝગડિયા સ્ટેશનથી તે બે માઈલ દૂર છે.



મધ્યપ્રાંતોમાં મંડલા પાસે સહસ્રધારા (પહેલી)નો ધોધ

ભરૂચ (પ્રાચીન ભૃગુતીર્થ અને ભૃગુકચ્છ)-જાણીતું જ છે.

વિમલેશ્વર-ભરૂચથી જવાય છે.

નર્મદાનો ધોધ

નર્મદા જે ધોધો માટે હિંદભરમાં પ્રખ્યાત છે. તેમાંના મુખ્ય મુખ્ય નીચે પ્રમાણે છેઃ—

કપિલધારા—અમરકંટકથી આગળ ૪ માઇલ દૂર છે. અહીં પહોં-ચવાનું ઘણું અઘરૂં છે. અહીં ૬૦ ફૂટની ઊંચાઈ પરથી નર્મદા નીચે પડે છે. આ સ્થળની નિસર્ગશોભા અદ્વિતીય લેખાય છે.

સહસ્રધારા (પહેલી)-મંડલાથી ત્રણ માઇલ પશ્ચિમે.

ધુંવાધાર—જબલપુર નજીક ભેડાઘાટમાં આવેલો આ ધોધ આખા હિંદમાં પ્રખ્યાત છે.

ચાંદગઢ—અહીં હરદા (જી.આઈ.પી. રેલવેનું ખંડવા અને ઈટારસી વચ્ચેનું એક મોટું સ્ટેશન)થી જવાય છે; પણ રસ્તો કાચો છે. આ સ્થળ ઘોર વનોમાં આવેલું છે.

ધાયડીકુંડ-એના વિષે ઉપર એ નામના તીર્થમાં લખાઇ ગયું.

સહસ્રધારા (બીજી)-મહેશ્વર નજીક આવેલી છે.


હરણફાલ-નર્મદાની ધારા અહીં પર્વતો વચ્ચે એટલી સાંકડી થઇ ગએલી છે કે હરણ એક ફાળમાં આ પારથી પેલી પાર પહોંચી શકે છે એટલે આ નામ પડયું છે. અહીંથી ગુજરાત શરૂ થાય છે.

મોખડી—આ સુરપાણનો ધોધ પણ કહેવાય છે; પણ ખરૂં નામ મોખડી ધોધ છે.

મોખડી પછી નર્મદામાં છેક સાગર-સંગમ સુધી મહત્ત્વના ધોધો નથી, એટલે પનઈઓ મોખડીથી માંડી છેક વિમલેશ્વર સુધી વગર ફેરબદલીએ જાયઆવે છે. કેટલાક ઇતિહાસકારો અને ઈતર લોકો માને છે કે પ્રાચીન કાળમાં નર્મદામાં ભરૂચથી માંડી છેક માળવા અને મધ્યપ્રાંત સુધી હોડીઓ દ્વારા અવરજવર થતી અને મોટો વેપાર

ધૂંવાધાર : મધ્યપ્રાંતમાં જબલપુર આગળ ભેડાઘાટનો ધોધ. નર્મદા જેટલા ધોધ હિંદની બીજી કોઇ નદીમાં ભાગ્યે જ હશે.

નીચે જમણીબાજુ: અમરકંટક પાસેનો કપિલધારાનો ધોધ.



ખેડાતો. આ વાત માત્ર કલ્પના છે. ભૂસ્તરની સાક્ષીએ તપાસતાં આ ધોધો હિમયુગ (Pliestocene period) વખતે અસ્તિત્વમાં આવેલા અને તેમની ઉપસ્થિતિને લઇ નર્મદાના પ્રવાહ દ્વારા હોડીઓમાં ગુજરાતથી માળવા કે મધ્યપ્રદેશ જવાય તેમ લેશમાત્ર સંભવ નથી. વળી કેટલેક ઠેકાણે તો ગુજરાત અને મધ્યહિંદ વચ્ચે નર્મદા એટલી બધી સાંકડી છે કે હોડીઓ પસાર પણ થઈ શકતી નથી.

પ્રાચીન સાહિત્યમાં નર્મદા

સંસ્કૃતમાં નર્મદા પર વિપુલ સાહિત્ય લખાએલું પડ્યું છે. આ દૃષ્ટિએ પણ તેની અજોડતા નોંધપાત્ર છે. વેદોમાં નર્મદાનો કયાં યે ઉલ્લેખ નથી, પણ ઈતર વૈદિક સાહિત્યમાં તેને લગતી આડકતરી નોંધો મળી આવે છે. દા. ત શતપથ બ્રાહ્મણમાં 'રેવોત્તર' નામ અનેક વાર આવે છે. વૈદિક લોકો નર્મદા સુધી પહોંચી શકયા ન હતા; પણ તેમની યે પહેલાંથી પૌરાણિક લોકો નર્મદાપ્રદેશમાં વસવાટ કરી રહ્યા હતા એમ પુરાણોમાંથી જાણવા મળે છે. મૂળ પુરાણ ઈ. પૂર્વે ૮મા સૈકામાં રચાએલું હોવાનું પાર્જિટર નામે વિદ્વાન માને છે. આ મૂળ પુરાણમાંથી કાળે કરી ધીમેધીમે જુદાજુદા પ્રદેશોમાં જુદાંજુદાં પુરાણો રચાયાં. આ ક્રમમાં નર્મદાતટના બ્રાહ્મણોએ મત્સ્યપુરાણની રચના કરી હતી. લગભગ બધાં પુરાણો નર્મદાના ધાર્મિક અગર તો ઐતિહાસિક મહત્ત્વ વિષે કંઇક ને કંઇક નોંધો આપે છે; પરંતુ વાયુ, પદ્મ, નારદ અને સ્કંદ નામનાં પુરાણોમાં તો સેંકડો અધ્યાયો ધરાવતા ખાસ 'રેવાખંડો' જુદા જ સ્વરૂપે નર્મદા વિષે આપેલા છે. આ ખંડો નર્મદાપ્રદેશના પ્રાચીન ઇતિહાસ અને ભૂગોળ પર પુષ્કળ પ્રકાશ પાથરે છે. કેટલાંક પુરાણોમાં તો નર્મદાના ઉદ્ગમસ્થાનથી માંડી તેના મુખ સુધીનાં બધાં સ્થળો, નદીઓ, પર્વતો અને તેમની સાથે સંકળાએલા ધાર્મિક તેમજ ઐતિહાસિક પ્રસંગો સવિસ્તર આપેલાં છે. આ પુરાણો ઉપરાંત પાછળના સંસ્કૃત સાહિત્યમાં નર્મદાને લગતાં અનેક સ્તોત્રો મળી આવે છે, જેમાં શંકરાચાર્યના મુખ્ય લેખાય છે; પણ આ સ્તોત્રો ઈતિહાસ કે ભૂગોળ પર કંઈ પ્રકાશ નાખતા નથી. પ્રાચીન શિલાલેખો, તામ્રપત્રો આદિમાં નર્મદાને લગતી નોંધો કયાંક પ્રસંગોપાત મળી આવે છે. જૈન સાહિત્યમાં હરિવંશ (વઢવાણમાં રચાએલું) અને શત્રુંજય માહાત્મ્ય (વલભીપુરમાં લખાએલું) એ બે ગ્રંથો નર્મદા પરનાં કેટલાંક જૈન તીર્થોની વિગતો આપે છે.



કોઇ પણ માણસ, પહેલાં પોતે ભોંય પટક્યો ન હોય ત્યાં સુધી કચરાતો નથી.

પરદેશના પત્રમિત્રો Our Friends Abroad

આ પત્ર મેળવનાર :
આદમઅલી અબ્દુલકાદર, પો. બૉ. ૫૨ દારેસ્સલામ (ઈસ્ટ આફ્રિકા)

સાન ડાએગો, કૅલિફૉર્નિયા (યુ સ્ટે અમેરિકા)
તા. ૩૦ ઑગસ્ટ, ૧૯૪૫

પ્રિય મિત્ર,

તમારૂં સરનામું મને લગભગ એક વર્ષ અગાઉ એક પત્રમિત્ર-સંસદ દ્વારા મારા અભ્યાસકાળ દરમ્યાન મળેલું. તે સમયે મારી પર નિશાળના અભ્યાસનો બોજો હોવાથી પત્રવ્યવહાર માટે પૂરતો સમય મળી શકતો ન હતો હમણાં હું અમેરિકન નૌકાખાતાની ઑસ્પિટલમાં છું અને ગંભીર વાઢકાપ પછી સુધારા પર આવતો જતો હોવાથી આ ગાળા દરમ્યાન પત્રવ્યવહાર માટે હવે પૂરતો સમય છે. ઑસ્પિટલમાં લગભગ એકાદ માસથી છું ને હવે તો એકબે અઠવાડિયાં પછી ફરી લશ્કરી કામગીરીમાં જોડાવા જેવો થઈ જઈશ

હાઈસ્કૂલના અભ્યાસકાળ દરમ્યાન હું ફુટબૉલ ટીમમાં તેમજ 'ટ્રૅક' ટુકડીમાં અગ્રણી હતો અને 'ટમ્બ્લિંગ'નો કૅપ્ટન હતો. 'વેઈટ લિફ્ટિંગ' (વજન ઉંચકવાનો વ્યાયામ) અને શરીર-વિકાસમાં પણ ખાસ રસ લઉં છું. એ માટે મારી પાસે મારાં પોતાનાં સાધનો છે અને ૨૨૫ રતલ વજન માથાથી અદ્ધર ઊંચકી શકું છું. મારૂં વજન ૧૬૫ રતલ છે ને ઊંચાઇ પોણા છ ફૂટ.તમારા રસના વિષયો કયા છે ?'

પાંચ માસ થયાં હું નૌકાખાતામાં છું, છતાં હજુ મને જહાજ પર જવાની તક મળી નથી. હું ધારૂં છું કે એકાદ માસમાં તો મને કોઈ જહાજ પર નીમશે. અથવા કદાચ મને છૂટો પણ કરવામાં આવે. ઝટ મુક્ત થવાય તો સારૂં. તમે કોઈ લશ્કરમાં જોડાયા છો ખરા?

મારૂં ઘર સાન ફ્રાન્સિસ્કોની પાસે આવેલા સાન લીઆન્ડ્રો નામના નાનકડા કસ્બામાં છે. હાલ મારો મુકામ એ ગામની ૬૫૦ માઈલ દક્ષિણે અને મેક્સિકોની ૨૦ માઈલ ઉત્તરે છે. તમે ઉત્તર લખો તો મારા ઘરના નીચેના સરનામે લખશો: Richard H. Spencer, 772 Elsie Street, SAN LEANDRO California (U. S. A.)

મારૂં નૌકાખાતાનું સરનામું તો મારી બદલી થવા સાથે બદલાયા કરે છે; એટલે મારાં માતાપિતા મને તમારો પત્ર મોકલી આપશે. અને હું એ મળશે કે તે જ દિવસે તેનો ઉત્તર લખીશ નૌકાખાતામાંથી મુક્ત થઇને હું ચીન જવાનો ઈરાદો રાખું છું. ત્યાં મારાં કેટલાંક સગાંસંબંધીઓ છે. ત્યાંથી કદાચ હું આફ્રિકા રસ્તે પાછો વળું. જો એમ થશે તો હું તમને અવશ્ય મળીશ.

તમારો મિત્ર
'ડિક' સ્પેન્સર

(અંગ્રેજી રૂઢિપ્રયોગમાં 'રિચાર્ડ'નું ટૂંકું નામ 'ડિક' થાય છે;—જેમ 'વિલિયમ'નું 'બિલ','ઍન્થની'નું 'ટૉની','કથેરીન'નું 'કેઈટ', વગેરે.)

નવાં પત્રમિત્રો

(૧) શાલિની શાહ, C/o અમૃતલાલ ચુનીલાલ શાહ, પાર્ક વ્યૂ, ઍપ્ટિસ્ટા રોડ, વીલેપારલે-પશ્ચિમ, મુંબાઈ-૨૪; (૨) શાન્તિ કાણુકિયા, વી. એમ કપોળ બોર્ડિંગ, ફ્લૅટ ૫૭૩-૭૪, માટુંગા; (૩) જવાહર નાગરદાસ ગોરડિયા, જવાહર વિલા, જુહુ રોડ, મુંબાઈ ૨૪. એમણે 'યુનિટી હૉબી એક્સ્ચેન્જ' નામની સંસ્થા કાઢી છે જે નવા આંતરરાષ્ટ્રીય પત્રમિત્રો મેળવી આપે છે; (૪) કુ. જયંતા શેઠ, ગયા બિલ્ડિંગ, બીજે માળે, રૂમ નં. ૧૩,૧૦૯ મસ્જિદ બંદર રોડ, મુંબાઇ-૩; (૫) 'રાજહંસ' C/o અનંતરાય શાહ, હંસરાજ ભુવન, બેજનજી સ્ટ્રીટ, રણછોડ લાઈન્સ, કરાચી; (૬) શાંતિલાલ સાંવરિયા C/o રાય સાહેબ મૂળજી જગમલ, રેલ્વે કૉન્ટ્રૅક્ટર, બિલાસપુર-સી. પી.; (૭) શશિકાન્ત એમ. વંકાણી, C/o પોપટલાલ ઘેલાભાઇ, વણિક વિદ્યાલય વણઝારીવાળ, જુનાગઢ. ભાઈ ચન્દ્રકાન્ત વૈદ્ય (હળદિયા શેરી, સગરામપુરા, સુરત) જણાવે છે કે તેઓ અમેરિકાની 'ઈન્ટરનૅશનલ સ્ટુડન્ટ્સ સોસાઇટી'ના પ્રતિનિધિ થઈ શક્યા છે. એ સંસ્થામાં દાખલ-ફી નથી અને ઉમરની મર્યાદા ૩૦ વરસ સુધીની છે. વિશેષ માહિતી મેળવવા ઈચ્છનારે જવાબી ટિકિટ બીડીને એમને પુછાવવું.

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ મોકૂફ બીજું ઈનામ-'સવાર પડી': જમનાદાસ પંચોલી—અમદાવાદ; ત્રીજું ઈનામ—'મુક્ત હાસ્ય': ફરામરોઝ ટૅાડીવાળા—અમદાવાદ;ઉત્તેજનાઇનામ—'આદર્શ':પી.બી.ખાટા—મુંબાઈ; નોંધપાત્ર : (૧)'સ્થાપત્ય ઝરૂખો': ચીમનલાલ ત્રિવેદી—અમદાવાદ; (૨) 'કારીગર': જમનાદાસ પંચોલી—અમદાવાદ.

હરીફાઈ વિભાગમાં સામાન્યરીતે બહુ ઓછો ફાળો આવતો હોવાથી ઘણા લાંબા ગાળે આ મહીને એ આપી શકાય છે. જે કાંઇ ચિત્રો આવ્યાં છે તેમાં વિચારપૂર્વક અને ખંતથી લેવાએલા ચિત્રો તો ઘણાં જૂજ છે. એકની એક ભૂલ વારંવાર કરતા હરીફોની સંખ્યા બહુ મોટી થવા જાય છે. દરેક હરીફ જો કાળજીપૂર્વક ચિત્રો પરની ટીકા વાંચીને અમલમાં મૂકે તો સમય ને પૈસાનો ખોટો વ્યય અટકે. જેમનામાં સાચો શૉખ અને અભ્યાસની આતુરતા હોય છે તેમણે તો કૅમેરા પર હથોટી બેસી ગયા પછી માત્ર દૃષ્ટિ કેળવવાની જ જરૂર રહે છે.

જ્યાં દૃષ્ટિ છે ત્યાં દૃશ્યનો તોટો નથી એની પ્રતીતિ, બીજું ઈનામ જીતનાર ભાઈ જમનાદાસ પંચોલીનું 'સવાર પડી' ચિત્ર દર્શાવશે. યોગ્ય સમયે,યોગ્ય કોણથી લેવાએલા એ દૃશ્યમાં સ્વાભાવિક ગતિએ જતાં ઢોરનું સારૂં ચિત્રસંયોજન બન્યું છે, અને તેમાં સવારના મૃદુ પ્રકાશનું વાતાવરણ પણ જામી શક્યું છે. ક્ષતિ છે તે ખામીવાળા ફોકસિંગની. એ ક્ષતિ ન હોત તો કદાચ પહેલું ઈનામ મેળવી શકત.

ત્રીજું ઇનામ જીતનાર ભાઈ ફરામરોઝ ટૅાડીવાળાનું 'મુક્તહાસ્ય' ચિત્ર ખુલ્લા સૂર્યપ્રકાશમાં મુસ્કરાતા બાળકના લાક્ષણિક ભાવોને રજૂ કરતું આકર્ષક છબિચિત્ર છે. ભાઇ પી.બી. ખાટાનું ચિત્ર 'આદર્શ' આર્ટિફિશિયલ લાઈટમાં લેવાએલા 'પોઝ-ચિત્ર'નો ઉત્તમ નમૂનો ગણાય. આવાં 'પોઝ-ચિત્રો'માં ગોઠવણીમાં નવીનતા તથા શરીરનું સૌષ્ઠવ બતાવવાનું ધ્યેય હોવું જોઈએ આહીં પોઝમાં નથી નવીનતા કે નથી શરીર સૌષ્ઠવનો સંપૂર્ણ આદર્શ માત્ર ફોટોગ્રાફીની આવડતનો તે સારો નમૂનો છે

ભાઈ ચીમનલાલ ત્રિવેદીનું 'સ્થાપત્ય-ઝરૂખો' (કલકત્તા જૈન મંદિર) સંગ્રહ-ચિત્ર (Record Picture) તરીકે નોંધપાત્ર છે. ઝરૂખાની કારીગરીને યોગ્ય ઉઠાવ આપે તે રીતની પ્રકાશયોજના વિચારીને કાળજીપૂર્વક એ ચિત્ર લીધેલું છે. ભાઈ જમનદાસ પંચોલીના 'કારીગર'નો વિષય ઘણો સારો છે, પરંતુ ચિત્રસંયોજન બીલકુલ નથી. પાછળ બેઠેલો માણુસ, વાંકો થાંભલો, આદિ તત્ત્વો સારા ચિત્રને ગરબડિયું ને ગીચ કરીને બગાડી મૂકે છે. એકલા કારીગર ઉપર લક્ષ્ય કેન્દ્રિત કરીને સારૂં ચિત્ર ઉપજાવી શકાયું હોત.

શ્રીદામ ભટ્ટ

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો —— લેખક

[૨૩]

ડૉ. હરિપ્રસાદ પ્ર. દેસાઈ

એલીફન્ટાના ત્રિમૂર્તિ-શિવની હૃદયસ્પર્શી મૂર્તિ મેં બે વખત જોઈ છે. પહેલી વખત શહેનશાહ પંચમ જ્યૉર્જ મુંબાઈ આવ્યા તે વખતે મુંબાઇમાં ઔદ્યોગિક પ્રદર્શન પણ સુંદર થએલું ને તેની સાથે વીજળીની રંગબેરંગી રોશનીનું મનોહર દૃશ્ય જોવાની પણ લાલચ હતી. એ બધું જોઈ મનને તૃપ્ત કરીને હોડીમાં બેસીને એલીફન્ટા જવાનો લહાવો પણ તે વખતે લઇ લીધેલો.

પરંતુ એ ભવ્ય મૂર્તિની અપાર્થિવતા, પવિત્ર ને ભાવ પ્રેરવાની તાકાત અને ચિત્તને શાન્ત તથા ઉન્નત બનાવતું અનું આધ્યાત્મિક ખરું દર્શન તો, બીજી વખત ૧૯૩૦માં જ્યારે ફરી એને જોઇ ત્યારે ધ્યાનમાં આવ્યાં અને તે અંતરમાં ઊંડાં ઊતરી ગયાં છે

દાર્જિલિંગમાં ધૂમ નામનો બૌદ્ધધર્મીઓનો મઠ છે ત્યાં તિબેટના લામાઓ રહે છે. એ મઠમાં પંદરેક ફૂટ ઊંચી ભગવાન બુદ્ધની મહાકાય મૂર્તિ છે, અને ભીંતો પર યમ, કુબેર, અગ્નિ તથા અસુરોનાં ઉગ્ર ચિત્રો છે. એ ચિત્રોના રંગો પણ લાલ, પીળા વગેરે ઉગ્ર પ્રકારના છે. સાથેસાથે સાત્ત્વિક રૂપોમાં તારા, પ્રજ્ઞા અને બોધિસત્ત્વોનાં ચિત્રો પણ છે, અને તેમના રંગ લીલા, ભૂરા અને ગૌરવર્ણી એટલે કે સફેદ અને રૂપેરી છે. ત્યાં એક પ્રાચીનપંથી ચિત્રકાર પણ હતા. તે એટલી બધી સુંદર રેખાઓથી અજન્ટાનાં ચિત્રોની ઢબે સાહજિક આલેખનો કરી શકતા કે રવિભાઇ પણ એની શક્તિથી અજાયબ થયા હતા.

તિબેટના લામાઓ તથા બીજા નૃત્યકારોનાં નૃત્ય ને નાટ્યના પ્રયોગો પણ દાર્જિલિંગમાં જોવાનો એક પ્રસંગ સાંપડ્યો હતો. એ નૃત્યો અને અભિનયો ભયંકર હતાં. માનવીઓની આસુરી સંપત્તિના પ્રતીક સમો એક મોટો 'ડ્રૅગન' (મગર-સર્પ) તેમાં આવતો. એના ફુંફાડ, ત્રાસ તથા પછાડા ઘોર વાજિંત્રો સાથે નિદર્શવામાં આવતા હતા. માનવી બીચારો એના પંજામાંથી છૂટવા મુશ્કેલ લાગતો હતો. પરંતુ પછી, ધીમેધીમે, તે સાત્ત્વિકતા ખીલવી દૈવી સંપત્તિની મદદથી મગર સર્પને વશ કરી એના ઉપર સવાર થઈ શકે છે ને માનવ સંસ્કૃતિઓનું સનાતન નાટ્ય માંગલિક વાદ્યોથી સુખી અંત દેખવા ભાગ્યશાળી થાય છે

નાલંદાના અવશેષોમાં બૌદ્ધ અને શાક્ત તાંત્રિકોના સમયની સુંદર ધાતુમૂર્તિઓ છે. જાપાનની ધાતુમૂર્તિઓ સામાન્યરીતે ઉત્કૃષ્ટ કોટિની ગણાય છે, પણ નાલંદાની બરાબરી કરી શકે એવી જગતમાં કોઇ સ્થળે નથી.

આ બધી કલાસમૃદ્ધિ રસદૃષ્ટિએ તો આપણી સૂક્ષ્મ લાગણીઓ અને ભાવોને ખૂબ વિકસિત કરે જ છે, પરંતુ સાથેસાથે ઇતિહાસનું પણ અનુપમ દર્શન કરાવે છે. જગતના તત્ત્વજ્ઞાનીઓ અને પંડિતો મૂર્તિપૂજકોની ભલે મશ્કરીઓ કરતા હોય અને મૂર્તિપૂજાને ભલે ધર્મમાર્ગમાં ઊતરતી કક્ષામાં ગણતા હોય, પરંતુ આપણા ધર્મોમાંનાં સનાતન સત્યોની સેંકડો પ્રકારની વિવિધતા જનવર્ગને તાદૃશ્ય કરાવવાની એકમાત્ર સચોટ શક્તિ મૂર્તિઓ જ છે. ને એ હકીકત લક્ષમાં રાખીને આપણી ભાવગર્ભ મૂર્તિઓનો સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રની દૃષ્ટિએ હજી પૂરેપૂરો અભ્યાસ જ કોઇએ નથી કર્યો.

આજ સૈકાઓથી આપણાં મંદિરો અને ખંડિયેરોમાં જે દેવદેવીઓ નાના પ્રકારનાં સૂચનો તથા ભાવ પ્રદર્શિત કરતી વિધવિધ મુદ્રાઓ અને અંગમરોડથી લાવણ્ય ઢોળતાં તથા આયુધો અને વાહનો ધારણ કરીને ઊભાં હતાં તેમનાં રહસ્યો ઉદયશંકર અને સિમ્કીનાં જીવંત અને જ્વલંત નૃત્યોથી આપણી નજરમાં જાગતાં થયાં છે. મણિપુરી, કથ્થક, કથકલી ને ભરતનાટ્યમ્ પદ્ધતિનાં નૃત્યો ને સંગીત દ્વારા હવે વર્તમાન સંસ્કૃતિના ભક્તોને એ જૂની મૂર્તિઓમાં નવા પ્રાણની પ્રતિષ્ઠા કરવી સહેલી થઈ ગઈ છે.

જીવનના વિધવિધ આદર્શો અને દિવ્ય પ્રસાદ જે મનોરાજ્યમાં પણ મળવાં કષ્ટસાધ્ય હતાં તે ભારતીય નૃત્યકળાના પુનરુદ્ધારથી પ્રત્યક્ષ થયાં છે.

નૃત્યો સાથેના ઉત્તમ સંગીતે, યજ્ઞયાગ સમયનાં વૈદિક પૂજાવિધિનાં રહસ્યો અને પૌરાણિક ક્રિયાકાંડમાંથી સમગ્ર જનતાને મળતાં પ્રેરણાદાન સ્પષ્ટ કરી આપ્યાં છે.

સામવેદનાં ગાન અને મંત્રો, તંત્ર તથા શક્તિઓનાં આવાહનના ઉગ્ર પૂજાવિધિઓ, ઘંટારવ ધૂપદીપ અને ફૂલો, વીણા તથા સીતાર જેવાં રોમાંચક તંતુવાદ્યો, અને ભેરી, તૂરી, શંખ, તથા ઢોલ જેવાં રૌદ્ર રસને ઉત્પન્ન કરતાં સાધનોની મદદથી કર્મકાંડીઓએ જનતાનાં આધ્યાત્મિક બળોને કેવી રીતે જાગૃત કર્યાં હતાં એ બધું હવે સમજાય છે. એ મૂર્તિઓ, પૂજાવિધિઓ, નાટકો, સંગીત, ચિત્રો અને નૃત્યોએ જ આપણા વ્યક્તિગત અને સામાજિક આત્માને સાવધાન અને જાગતો રાખ્યો હતો. એ દ્વારા એ સદાકાળ પ્રભુના સાન્નિધ્યમાં રહી શકતો. દૈવી અને આસુરી બળો એને જાગતાં જોધ લાગતાં અને વિદ્યાકળાના વાતાવરણમાં એ ભક્તિમાર્ગે કે જ્ઞાનમાર્ગે ભગવાનનો યોગ મેળવી દુર્લભ મનુષ્યજીવનનું સાર્થક કરી શકતો.

આજે જગત ઊંધે રસ્તે ચડ્યું છે. વ્હેલ કરતાં યે વધુ વેગથી એ સમુદ્રો પાર કરે છે, ગરુડ કરતાં યે વધારે ઝડપથી એ અવકાશમાં ઊડે છે, છતાં એને સાચું જીવન જીવતાં નથી આવડતું. અત્યંત બેચેની અને તીવ્ર વેદનાના તાપ એને ઘેરી વળ્યા છે. આ દુઃખમાંથી એને કોણ છોડાવશે ?

છોડાવશે આપણી લલિત કલાઓ,—કવિતા, સાહિત્ય, સંગીત, નાટક, નૃત્ય, ચિત્રો ને નૂતન દૃષ્ટિના ક્રિયાકાંડ પૂજાવિધિઓએ,—સુવ્યવસ્થા અને શિસ્ત, પ્રેમ ને સહકાર. દક્ષિણ ભારતમાં નંદીનાં બહુમાન છે. ત્યાં એનાં મંદિરો પણ ભવ્ય છે. નંદી એ મહાદેવજીનો પોઠિયો છે. પ્રમાદી ને જડ હોવા છતાં તેની આંતરિક શક્તિઓનો પાર નથી. એ ભોળો છે, સ્વભાવે સેવાભાવી છે અને એકંદરે અહિંસક તેમજ પરોપકારી છે. મનુષ્યો આખરે, એ નંદી જેવા છે. એમને એમની સુષુપ્ત શક્તિઓનું ભાન કરાવવું જોઇએ ને મહાદેવજીના વાહક થવા માટે તો એ જ સર્જાયાં છે એમ એમની ખાત્રી કરી આપવી જોઇએ. લલિત કલાઓ, એ કામ શ્રેષ્ઠ રીતે કરે છે. અસત્ય, મલિનતા, પ્રમાદ, લોભ, કામ, ક્રોધ વગેરે કચરા આપણા પવિત્ર આત્માને દબાવી રહે છે. ચિત્રો, મૂર્તિઓ, સંગીત ને નૃત્યના સત્સંગથી એ કચરા ધોવાય છે અને અસત્ય દૂર થાય છે.

નીતિનિયમ, સુબુદ્ધિ, પુરુષાર્થ, આદર્શો પાળવાની ઉત્કંઠા, જ્ઞાન, ભક્તિ વગેરે દૈવી સંપત્તિ મેળવવાનાં સૂચન એ મૂર્તિઓમાં હોય છે. જગતમાં વ્યાપી રહેલું માધુર્ય એ લલિત કલાઓ દ્વારા રસજીવન જીવતાંજીવતાં જ મળતું જાય છે ને 'સ્વર્ગ અહીં જ છે, અહીં જ છે અહીં જ છે' એમ લાગે છે. (ચાલુ)

પોથીમાંનાં રીંગણાં

અનંત કાણેકરનો નર્મનિબંધ

ગણૂ કાકાની સાથે મારે ઘણી વાર મતભેદ થાય છે, પણ એમની એક શક્તિનો મને હમેશાં અચંબો લાગે છે. ગમે તેટલા અઘરા પ્રશ્નનો જવાબ પણ એ ઝડપથી અને સહેલાઈથી આપી શકે છે. નાનપણમાં તો એમની આ શક્તિ જોઇને હું છક જ થઈ જતો. દુનિયામાં વસતા બધા ડાહ્યા લોકોનો રાજા કોણ એવું જો મને તે વખતે કોઇએ પૂછ્યું હોત, તો મેં તત્કાળ જવાબ આપ્યો હોત કે 'ગણૂકાકા—અમારા ગણૂકાકા જ.'

બાળપણમાં મેં એમને એક વખતે પૂછ્યું, કે 'કાકા, મારવાડીઓના માથા પર ત્રણ પટા શાના હોય છે?' કાકા તરત જ બોલ્યા, 'એ તો હનુમાને ચીતર્યા'તા એમના માથા ઉપર.'

'એટલે?' મેં સવાલ પૂછ્યો.

'હનુમાને લંકા બાળી હતી, એની તો તને ખબર હશે જ ને?'

'હા; પણ એને અને મારવાડીઓને—'

'સાંભળ તો ખરો;' કાકાએ કહેવા માંડ્યું, 'પૂંછડી સળગાવવાની ખાતર એણે પોતાની પૂંછડી પર ખૂબ ચીંથરાં બાંધ્યાં, અને પછી એ ઘાસલેટના ડબ્બા શોધવા લાગ્યો. કરગરીને એણે મારવાડી વેપારીઓ પાસે ઘાસલેટ માગ્યું. પણ મારવાડીની જાત એમ માને? એમણે કહ્યું કે અમે ઘાસલેટ એમ મફત નહિ આપીએ. હનુમાન ચીડાઈ ગયો. ભુભુઃકાર કરીને એણે એમનાં ગુદામ ખોલી નાખ્યાં, અને ઘાસલેટના ડબ્બા બહાર કાઢી એમાં પૂંછડી બોળી અને આગ લગાડી દીધી. એ સળગતી પૂંછડી વડે શરૂઆતમાં એણે દરેક મારવાડીના માથા પર ત્રણ ત્રણ પટા ચીતર્યા, ને તે પછી એ લંકા બાળવા નીકળ્યો. ત્યારથી મારવાડીઓના માથા પર ત્રણ પટા હોય છે!'

કાકાએ આપેલી આ માહિતી સાંભળી હું ખૂશ થઈ ગયો.

હવે મોટો થયો છું એટલે આજકાલ જોકે હું કાકાના કહેવા પર બહુ વિશ્વાસ રાખતો નથી; તોપણ કાકાની કલ્પનાશક્તિનાં વખાણ કરવાનું તો હજી યે મન થાય છે. પરમ દિવસે જ મેં એમને વાતવાતમાં પૂછ્યું, 'કાકા, આપણે કોઈ કોઈ વાર પણ બણ કે પાણી બાણી એવું બોલીએ છીએ, એમાં 'બણ' કે 'બાણી' ક્યાંથી આવતાં હશે?' કાકાનો જવાબ તૈયાર જ હતો. એ બોલ્યા, 'ઇશ્વરે વિશ્વામિત્રનું માન્યું નહિ ત્યારે તપ કરીને પ્રતિસૃષ્ટિનિર્માણ કરવાની ધમકી વિશ્વામિત્રે ઇશ્વરને આપી હતી એ તો જાણે છે ને?' મેં હા પાડી

'પછી ભગવાને નમતું આપ્યું અને વિશ્વામિત્રે પોતાનો એ વિચાર માંડી વાળ્યો.' કાકા કહેવા લાગ્યા, 'પણ ત્યાં સુધી જરાક જેવી પ્રતિસૃષ્ટિ નિર્માણ થઈ જ ચૂકી હતી. એ સૃષ્ટિમાંના એ કેટલાક શબ્દ આપણી ભાષામાં રહી ગયા છે!'

વિશ્વામિત્રની પ્રતિસૃષ્ટિ અને પ્રતિસૃષ્ટિમાંના આ શબ્દ, એ કાકાની કલ્પના મને ઘણી જ ગમી ગઇ. મને એ ગમી જવાનું એક વિશેષ કારણ હતું. આજકાલ મારા મગજમાં એક વિચિત્ર વિચાર અવારનવાર આવ્યા કરે છે. 'પોથીમાંનાં રીંગણાં પોથીમાં જ' એવું કહેવાય છે ખરું, પણ આજકાલની કેટલીક શોધો પરથી મને લાગે છે કે પોથીમાંનાં રીંગણાંનું પણ સરસ ભરત કરીને આપણે ખાઇ શકીએ! બ્રહ્માસ્ત્ર, પાશુપતાસ્ત્ર વગેરે અસ્ત્રોનું વર્ણન આપણે પુરાણોમાં વાંચતા, અને એ અસ્ત્રોથી પૃથ્વી કેમ ધ્રૂજતી હતી, સપ્તસાગર કેવી રીતે ઉછાળા મારતા હતા, આકાશ તૂટીને કેવી રીતે નીચે પડતું હતું, ધોળે દહાડે કેવી રીતે અંધકાર થઈ જતો અને મધરાતે પણ ઝળકતો પ્રકાશ કેવી રીતે થઈ જતો, એની વાતો સાંભળી મોંમાં આંગળાં નાંખતા. આ તો ફક્ત પુરાણોમાંનું વર્ણન છે, આ જગતમાં એવું બનવું શક્ય જ નથી, એવી આપણી ખાતરી હતી. પણ ઍટમ બૉમ્બ અને એના ધડાકાનાં વર્ણન વાંચ્યા પછી આ પોથીમાંનાં રીંગણાં આપણી આંખ સામે ઝાડ પર લટકતાં દેખાવા માંડ્યાં છે!

મધરાતે, બધે સુમસામ થયા પછી હું જ્યારે રેડિયો સાંભળતો બેસું છું ત્યારે વિશ્વામિત્રની પ્રતિસૃષ્ટિ મને યાદ આવ્યા કરે છે. કોઇ વખત તુર્કસ્તાનમાંના અંકારા શહેરમાંથી કોઈ બોલતું હોય એનો અવાજ સંભળાય છે, કોઈ વખત ઑસ્ટ્રેલિયાના સિડનીથી આવતા શબ્દ કાને પડે છે. ક્યાં તુર્કસ્તાન ને ક્યાં ઑસ્ટ્રેલિયા! પેલા બોલનારને ખ્યાલ હશે ખરો કે મુંબઈ નામના શહેરમાં એક ખૂણામાં બેઠેલા માણસના કાને એના શબ્દ પડી રહ્યા હશે? આપણે ઉચ્ચારીએ એ દરેક શબ્દ તેજ ક્ષણે આખા જગતમાં—એના ખૂણેખાંચરે પહોંચે છે. હિમાલય પર ઊડતા એકાદ એરોપ્લેનમાં, પૅસિફિક મહાસાગરની તળે ફરતી સબમરીનમાં, આફ્રિકાના જંગલમાં, ન્યૂયૉર્કની કોઇ ગગનચુંબી ઈમારતના એકસો ને દસમા મજલાપર—એ બધે સ્થળે તે જાય એ કેવું મહાન આશ્ચર્ય છે!

આ આશ્ચર્યનો વિચાર કરતાં કલ્પનાશક્તિ એક પગલું આગળ ધપે છે. આખી પૃથ્વીને ચોમેરથી ઘેરી રહેલાં મોજાં આપણા શબ્દ સર્વત્ર લઈ જાય છે એ વાત જો સાચી હોય, તો બીજી એક વાત સાચી પડવાનો સંભવ છે આ મોજાં પેલા શબ્દ સંઘરી પણ શકતાં હોય ખરાં. કદાચ વિશ્વામિત્રના પ્રતિસૃષ્ટિ જેવી જ બીજી એ કાદ અવાજની

હૂપાહૂપ ('चकोर'ની કટાક્ષકથા)-૬ જેમાં સિંહને ખેંચવા જતાં હૂપાહૂપ પોતે જ ખેંચાઇ જાય છે; છતાં મિયાં ટંગડી તો ઊંચી જ રાખે છે. (આ વાતને લાલ કિલ્લામાં ભજવાએલા નાટક સાથે કશો જ સંબધ નથી.)



આ વખતે તો ખેંચી જવો છે! | ઉંહ...ઉંહ...ઉંહ... | ઈહિ...ઇહ...ઈહિ... | જા હવે; જવા દઉં છું. તારા જેવું કોણ થાય?

દુનિયા હોય પણ ખરી. કદાચ આજના, ગઈ કાલના કે અનાદિકાળથી જૂની ગએલાં માણસોના અવાજ આ દુનિયામાં રહેતા હશે, કાલે કોઈક શાસ્ત્રજ્ઞ એ મોજાંનું યે કંઇક નવું રહસ્ય બહાર પાડશે, અને એ અવાજની દુનયાનાં દ્વાર આપણે માટે ખુલ્લાં થઈ જશે. અને પછી તો કલ્પના કરીએ એટલી ઓછી! કુરુક્ષેત્ર ઉપર શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહેલી ગીતા પ્રત્યક્ષ એમના શબ્દોમાં આપણે સાંભળી શકીશું! ભગવાન બુદ્ધનાં પ્રવચનો એમના પોતાના અવાજમાં આપણે સાંભળીશું. ડેમૉસ્થેનિસ ને સિસરોનાં ભાષણો, શિવાજીના શબ્દ . . . . આપણે ઘણુંઘણું સાંભળી શકીશું.

પણ પછી વ્યાખ્યાનોના ખોટા રિપોર્ટ આવવા અશક્ય બનશે. 'તને સીનેમા જોવા લઇ જઈશ એવું મેં ગઇકાલે કહ્યું જ નહોતું' એમ કહી ધણી બૈરી સાથે લઢી નહિ શકે. એને એવું બીજું ઘણું યે થશે! પોથીમાંનાં રીંગણાં પોથીમાંજ એમ ગણુકાકાને કહેવાની હવે મારી હિંમત નથી.

(મરાઠી ઉપરથી) **માલતી જોષી**



સંસારનાં શહેરો

૫૪-સુરાબાયા

આ અંકમાં જેમનું ચરિત્ર આપ્યું છે તે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રનેતા ડૉ. સુકાર્નોની જન્મભૂમિ, અને આજકાલ ઈન્ડોનેશિયાની પ્રજાજાગ્રતિના પ્રેરણાધામ તરીકે પ્રકાશતું થએલું આ શહેર અત્યંત પ્રાચીન ઇતિહાસ ધરાવે છે. જે કાળે બૃહદ્ભારતનું સાંસ્કૃતિક સામ્રાજ્ય છેક જાવા બાલિ સુધી પ્રસરેલું હતું તે કાળે જાવામાંના મજ્જાપહિત મહારાજ્યની વારસ પ્રજાનું એ દેશનું પ્રવેશદ્વાર ને અગ્રણી નગર એ જ હતું; આધુનિક વલંદા સત્તાએ જાવામાં પગપેસારાની શરૂઆત વેળા પહેલું થાણું ત્યાં જ નાખેલું; અને આજે જાવા-બાલિની પ્રજાએ સ્થાપેલી સ્વતંત્ર સરકારનું પાટનગર પણ એ જ છે.

સીંગાપુર, બટેવિયા, ઈસ્ટ ઇંડીઝદ્વીપો ને છેક ઑસ્ટ્રેલિયા સુધીના પાસિફિકી જલમાર્ગ પર આવેલું આ અગ્રણી બંદર જાવાને મદુરા ટાપુથી જુદી પાડતી સુરાબાયાની સામુદ્રધુની પર, જાવાના પૂર્વકિનારે, બ્રન્ટાસ નદીના કાલિમાસ નામના મુખપ્રદેશ પર વસેલું છે. એકબાજુથી મદુરા ટાપુની ઓથમાં રક્ષાઇને પડેલા આ બંદરનો નૌકાવ્યવહાર નદીના મુખવાટે છેક શહેરના હાર્દ સુધી પહોંચતો હોવાથી લશ્કરી તેમજ વ્યાપારી બંને દૃષ્ટિએ એનું મહત્ત્વ ઘણું ઊંચું છે. કાલિમાસની દક્ષિણે વ્યાપારી ધક્કાઓની બરોબર સામે નાકા પર ગોઠવવામાં આવેલું એનું લશ્કરી નૌકામથક-ટૉર્પિડો બોટ-હાર્બર, ટાંક યાર્ડો ને કાલેરો બૅરૅક્સ ધરાવતું હોવાથી બહારના તેમજ અંદરના બંને વ્યવહાર ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવી શકે છે; અને કાલિમાસની પશ્ચિમે સમગ્ર જલવિસ્તારને આવરી લેતા બ્રેકવૉટર્સ પણ વ્યાપારી ધક્કાઓને રક્ષી રહે છે. વળી કાલિમાસના બંને કિનારાને બને તેટલા પહોળા કરી પાકી દીવાલોથી ચણી લઇને શહેરના છેક અંતરાળ સુધી સરળ જલવ્યવહાર પહોંચી શકે એવી એક પાકી નહેર ખોદાવીને બંદરને ખીલવવામાં આવ્યું છે.


બંદર દ્વારા શહેરની નજીક આવતા જાઓ તેમતેમ શહેરની પાર્શ્વભૂમિકામાં તેન્જર અને અર્જુન પર્વતોની હારમાળા, અને એની પાછળ ઘણે દૂર સીમેરૂના બળતા જ્વાળામુખીનું સુંદર દૃશ્ય ઊઘડતું આવે છે. શહેરના પ્રવેશદ્વાર પાસે જ નદીના મુખ પર એક નાના બગીચામાં 'વિલ્હેમિના મિનાર' નામે ડચ સરકારનું ચોકીનું થાણું ઊભું કરવામાં આવ્યું છે, ને અંદરના સમગ્ર પ્રદેશમાં જતા બધા વ્યવહારમાર્ગો—રેલ્વે, નૌકાઓ, ટ્રામવે ને સડકો ત્યાંથી જ શરૂ થાય છે. મતલબ કે એ બધા માર્ગો પર એ થાણાનો પૂરો કાબૂ ધરાવી પડેલો છે. ત્યાંથી આગળ જતાં જૂનો 'ફૉર્ટ પ્રિન્સ હેન્ડ્રિક'નો કિલ્લો, તે પછી પુરાણું સુરાબાયા, તેની પાછળ નવું નગર અને તેની છેક પાછળ ગુબાંગ અને ચીનોક્રોમો નામનાં આજના આધુનિક સુરાબાયાનાં સુયોજિત ને વ્યવસ્થિત નૂતન વસવાટનાં પરાંઓ વસેલાં છે. વિજળી, તાર, ટેલીફોન અને હવાઇ વિમાન-વ્યવહારનાં બધાં અદ્યતન સાધનોથી આ નગર બટેવિયા, સીમારેન્ગ અને બોર્નિયોમાંના છેક બાલિકપાપાન નગર સાથે સંકળાએલું છે.

જાવાની મુખ્ય પેદાશ ખાંડ ને ઉત્પન્ન કરતી બધી એસ્ટેટોના સંગઠિત મહામંડળની મધ્યસ્થ પેઢી અહીં સુરાબાયામાં જ છે, ને જાવાઈ ખાંડની નિકાસનું મુખ્ય મથક પણ આ જ બંદર છે. તે ઉપરાંત કૉફી, તંબાકુ, મકાઈ, ટોપીઓ તથા જાવાઈ ચામડાંના જંગી નિકાસવેપાર પણ અહીં જ ચાલે છે.

કસોટી

(૧) હું, મારો પુત્ર, મારો ભત્રીજો ને મારો ભાણેજ, ચારે જણ એક ચોરસ ટેબલની ચાર બાજુએ જમવા બેઠા. તેમાં હું મધુની ડાબી બાજુએ બેઠો; અને કનુ મારા પુત્રની જમણી બાજુએ બેઠો. હવે વિનુ જો મધુની સામે બેઠો હતો તે જો મારો ભત્રીજો ન હોય તો મારો ભાણેજ કોણ?

(૨) મૂળાના ભાવ પૂછતાં મને જણાયું કે એકરૂપિયાના જેટલા નંગ મૂળા આવે છે તેટલી જ પાઇઓમાં ડઝન મૂળા આવે છે. આથી મેં અરધો ડઝન મૂળા લીધા. તો મને શું બેઠું?



૧ ૨ ૩ ૪ ૫ ૬

(૩) ઉપરની આકૃતિમાંની બે લીટીઓ બરાબર સમાંતરે છે. શોધી કાઢો.

(૪) ઘણીવાર અંગ્રેજીમાં MCMXLV આવા અક્ષરો લખેલા હોય છે. તેનો અર્થ શો?

(૫) વેંઝુ, ઘોંકડાં, કાનખજૂરો, ચંડુલ, રોઝ અને કુરસા. આમાંનાં બે પંખી છે, બે પેટે ચાલનારા જીવ છે ને બે ચોપગાં જનાવર છે. તે કયાં કયાં એ ઓળખી કાઢશો?

(૬) રસ્તા પર બે જણને બતાવી પાછળ ચાલનારે પોતાના મિત્રને ઓળખાણ કરાવ્યું: 'આની પુત્રીનો આ પિતા છે' તો એ બંનેનું શું સગપણ? (ઉત્તરો નીચે અવળા છાપ્યા છે)

કસોટીના ઉત્તરો

(૧) વિનુ; (૨) બે આના; (૩) નં. ૨ ને ૫; (૪) ૧૯૪૫; (૫) ચંડુલ ને ઘોંકડાં પંખી છે; રોઝ અને વેંઝુ ચોપગાં છે; કાનખજૂરો અને કુરસા (સાપ) પેટે ચાલનારાં છે; (૬) પતિ-પત્ની.

બાપાએ જમતાં જમતાં પોતાના છોકરાની પરીક્ષા લેવા વિચાર્યું. 'તમારે ઇતિહાસમાં શું ચાલે છે બચુ?'

'મોગલ સમય' બચુએ બીતાં બીતાં કહ્યું.

'વારુ ત્યારે કહે જોઇએ ઔરંગઝેબે ગાદીએ આવતાં વેંત જ પહેલું શું કામ કર્યું?'

'તેની ઉપર તે બેઠો.' બચુએ બેધડક જવાબ આપ્યો.



માધુકરી

ન દે સ્વાર્થને આવવા સ્હેજ પાસે,
એ ઈન્સાનિયતને ફગાવીને રહેશે.
ભલેને અભિમાનમાં મસ્ત હો એ,
નમન તારૂં એને નમાવીને રહેશે.
દીએ જા, દીએ જા, નહિ વ્યર્થ જાશે,
બલિદાન તો રંગ લાવીને રહેશે. —'સગીર'

સેવામૂર્તિ શ્રી જમશેદ મહેતા

'નૂતન કરાચીના નિર્માતા'ના બિરુદથી દેશભરમાં ખ્યાત થએલા ને સેવાને જ જીવનના કર્તવ્ય તરીકે સ્વીકારનાર આ સેવામૂર્તિ અને પ્રભુપરાયણ સજ્જન શ્રી જમશેદજી નસરવાનજી મહેતાને ગાંધીજીએ પોતે 'સાચા દેશભક્ત' તરીકે ઓળખાવેલા છે. પોતાને માટે અપરિણીત જીવન વહોરી લઇને પોતાનો સઘળો સ્નેહપ્રવાહ એમણે દેશનાં દીનહીનો પ્રત્યે વાળી દીધો છે. કરાચીના એ માજી નગરપતિએ માત્ર કરાચી કે સિંધ પ્રાંતની જ નહિ પણ દેશસમસ્તની સેવામાં પોતાનો હિસ્સો પુરાવ્યો છે. અને એને લઇને તા. ૭મી જાન્યુઆરીના રોજ એમને પૂરાં થએલાં સાઠ વર્ષ નિમિત્તે સિંધ જેટલું જ સમસ્ત હિંદ પણ આનંદનિમગ્ન બન્યું છે.

આજના કરાચીનું નિર્માણ શ્રી જમશેદ મહેતાને જ આભારી છે એ વાત તો અત્યાર પહેલાં અનેક વાર કહેવાઈ ચૂકી છે; પરંતુ વસ્તુતઃ સિંધના જાહેર જીવનનું એવું એકે ક્ષેત્ર નથી જેના પર એમની છાપ ન પડી હોય. નાગરિક પ્રવૃત્તિ હોય કે રાષ્ટ્રીય આંદોલન હોય, શરીરસ્વાસ્થ્યનો પ્રશ્ન હોય કે સામાન્ય સુખાકારીનો હોય, વીમા ને શરાફીનો પ્રશ્ન હોય કે ઉદ્યોગના વિકાસનો પ્રશ્ન હોય,—સઘળામાં એમનાં ખંત ને પરિશ્રમ ઝળકી જ રહેવાનાં.

સાચી મહત્તા સેવામાં જ રહેલી છે એ એમની સ્વાભાવિક પ્રતીતિમાં થીઓસોફીના એમના અનુશીલને વધુ બળ પૂર્યું છે. એમનું કાર્યક્ષેત્ર કરાચી રહ્યું હોવા છતાં એમનાં કાર્યનો પડઘો હિંદની ચારે દિશામાં પડયા વિના નથી રહ્યો. દેશભરની મ્યુનિસિપાલિટીઓ શ્રી જમશેદજીને એક આદર્શ નગરપતિ તરીકે સ્વીકારી ચૂકેલી છે. સિંધના આજના પાટનગરમાં આજે જે કંઇ વિશિષ્ટતા જણાતી હોય તો તે બે દાયકા સુધીની શ્રી જમશેદજીની સેવાને જ આભારી છે. દરિદ્રનારાયણોના રક્ષણ અને કલ્યાણ માટે એ સદા તત્પર રહેતા આવેલા છે અને અન્યાયના નિવારણની બાબતમાં સત્તાધારીઓનાં સંકોચ કે પ્રમાદ સામે એ વીરતાપૂર્વક ઝઝૂમતા રહ્યા છે.



જમશેદજીનું કુટુંબ સર ચાર્લ્સ નેપિયરના જમાનામાં સુરતથી સિંધ જઈ વસેલું એમના પિતા વેપારી હતા ને તેમનો ઇરાદો જમશેદજીને પણ વેપારમાં જ નાખવાનો હતો. કરાચીમાં અભ્યાસ લીધા પછી ઉચ્ચ વ્યાપારી શિક્ષણ માટે એ મુંબાઇ ગએલા. ત્યાં એક દિવસ રસ્તે જતાં, એક હૉલમાં ઍની બેસંટનું ભાષણ હોવાનું તેમના જાણવામાં આવ્યું. સભાખંડ ખીચોખીચ ભરાઇ ગયો હતો, પરંતુ એક જણે પોતાની ટિકિટ જમશેદજીને આપી અને તે અંદર ગયા. બસ, ત્યારથી પારસી વેપારીના આ પુત્રનું આખું જીવન જ પલટાઇ ગયું. બેસંટના વક્તૃત્વ પર જ એ માત્ર મુગ્ધ ન રહ્યા પણ એમના શિષ્ય બની રહ્યા.

કરાચી પાછા ફર્યા બાદ પિતાનો વેપાર સંભાળવા એ અમૃતસર ગયા, પરંતુ પાછળથી કરાચી પાછા આવીને



આ માસનું પંખી

કુંજ

આપણાં ગ્રામગીતોમાં જેને વાલમનો સંદેશો લઈ જવાનું દૂતકાર્ય સોંપેલું છે તે લોકસમસ્તની જાણીતી આ 'કુંજલડી' મૂળ તો દક્ષિણ યુરોપ અને મધ્ય તથા ઉત્તર એશિયાનું પંખી છે. વર્ષા નીતરી રહે અને શરદની સોહામણી રાત્રિઓ જગતને રૂપાવરણું કરતી હોય ત્યારે એ ટોળાંબંધ હિંદમાં ઊતરી આવી કચ્છ-કાઠિયાવાડ ને ગુજરાતનાં તળાવ-સરોવરો તથા નદીકિનારે પથરાઈ જાય છે, અને આખો શિયાળો અહીં ગાળી વસંત આવતાં પાછાં સ્વદેશ ઊપડી જાય છે. અંગ્રેજી V અક્ષરના આકારે આકાશમાં ઊડતી, ઘોર મધુર નાદ કરતી એની હારો કોણે નહિ જોઈ હોય? આપણા ગુજરાતનાં વતની સારસને મળતું, પણ એનાથી અરધા કદનું આ પંખી એની નમણી દેહલતા, લલિત ચાલ ને કર્કશ છતાં હૃદયંગમ ધીરગંભીર અવાજને કારણે ખૂબ લોકપ્રિય બન્યું છે.

શરીર આખું આસમાની; માથું અને ગરદન કાળાં; માથે ભૂરી ટોપી; ગળાના આગલા ભાગે છાતી પર દાઢી જેવાં લાગતાં લાંબાં પાતળાં પીછાં; લાલ ચટક આંખ અને તેની નીચે સફેદ લાખું; લીલાશ પડતી ચાંચ ને છેડે લાલ અણી; પગ કાળા. પણ આ રંગવિન્યાસની ટોચ રૂપ એના દેહની વિશિષ્ટ શોભા તો, આંખની અણીથી ઊગતાં, રૂપેરી કલગી પેઠે માથા પાછળ ઝલતાં, લાંબાં પાતળાં ધોળાં પીછાં છે. એના આ વિભૂષણથી એ તરત ઓળખાઈ આવે છે.

કેવળ વનસ્પતિનો જ આહાર કરનાર હોવાથી, એના ભંજવાડને કારણે ખેડૂતોને મન તો એ બલા જેવાં લાગે છે. કવચિત સ્વાદ પૂરતાં જીવાત આદિ ખાય છે. ('વનેચર')

ત્યાં જ રહ્યા. અને તે પછી તો, માછીમારોના એ નાનકડા ગામને,—'કલાચીજો ગોઠ' એ અપ્રસિદ્ધ નામને—આજના સિંધના પ્રસિદ્ધ પાટનગર 'કરાચી' તરીકેનો જે કંઇ રૂપવિકાસ પ્રાપ્ત થયો છે તેની અનેક ભૂમિકાઓના શ્રી જમશેદજી સહાયક અને સાક્ષીભૂત છે.

કરાચી કૉર્પોરેશનના લગભગ બે દાયકા સુધી તેઓ સભ્ય રહ્યા હતા અને નવ વરસ સુધી તેના પ્રમુખ. મધ્યમવર્ગનાં રહેઠાણો માટેની કરાંચીમાં ઊભી થએલી હાઉસિંગ સોસાએટી પાછળ કેવળ તેમનું જ પ્રેરણાબળ હતું. ઉદ્યોગવેપારના વિકાસમાં એમણે પોતાનો સારો જેવો ફાળો આપ્યો છે, છતાં ઉદ્યોગપતિ કે વેપારીના કરતાં એક માનવતાવાદી તરીકે એ વધુ ખ્યાત છે. જગતનાં કષ્ટ-સંતાપ જોઇને એમનું દિલ દ્રવી ઊઠે છે. રાતે મોડે સુધી ઑસ્પિટલમાં કોઈક દર્દીના બિછાના પાસે એમને બેસી રહેલા જોવા એ હવે સામાન્ય થઈ ગયું છે. અનેક દુઃખિતોના એ આશ્રયધામ છે. નિરાધાર દેવાદારોથી માંડીને શાળા-કૉલેજની ફી ભરવાને અશક્ત વિદ્યાર્થીઓની એ એક મૂર્તિમંત આશા છે. અને એમની કાર્યશક્તિનું સાતત્ય તથા એકાગ્રતા એવાં અદ્ભુત છે કે એક વખત મૂર્છા આવી ગઈ ત્યાં સુધી એ સેવાકાર્ય કરતા રહેલા. એમના જેટલી પવિત્રતા અને પ્રભુતા ભાગ્યે જ બીજામાં જડશે. નરસિંહ મહેતાએ વર્ણવેલા સાચા વૈષ્ણવજનના ગુણ એમનામાં માલૂમ પડે.

કરાંચી કૉંગ્રેસ સમયે લાખોની આમદાની આપતી પરદેશી દારૂની એજન્સી એમણે ફેંકી દીધેલી. કૉંગ્રેસની બેઠક ભરવા માટે એક અઠવાડિયામાં એમણે સઘળી તૈયારીઓ કરી નાખેલી. ધારાસભાઓમાં એ ચૂંટાએલા, અને એક વાર તો નાણાંમંત્રીનું પદ પણ એમને મળતું હતું પણ એ એમણે જતું કરેલું. સેવા અને સત્તા વચ્ચે એમણે પોતાની વિવેકદૃષ્ટિ સતત જાગ્રત રાખી છે, અને બહુધા એ સેવા પણ એ પ્રકારની, કે સામી વ્યક્તિના કહ્યા પહેલાં જ તેનું દર્દ સમજીને તે ફેડવાની. આ બાબતની ખાતરી આપનારા કરાચીમાંથી અનેક નીકળશે.

જમશેદજીનું હૃદય એ એક વત્સલ હૃદય છે, માતા સમું હૃદય છે. આને લઇને તો એમણે 'નેતા' બનવાનો પ્રયત્ન નથી કર્યો અને માત્ર 'સેવક' જ રહ્યા છે. સેવાનું મહત્ત્વ એમના જીવનમાં એટલું વ્યાપક છે કે 'પરિણીત જીવન'ની માફક જ 'પદેલાઇ'ને પણ એમણે લાત મારી છે. માણસ માણસ વચ્ચે દીવાલ ખડી કરતી કોઇ પણ પ્રવૃત્તિના એ વિરોધી છે, પછી એ પ્રવૃત્તિ ભાષાને લગતી હોય, ધર્મની હોય કે રાષ્ટ્રને લગતી. એ રીતે જોઇએ તો શ્રી જમશેદજી આજના નહિ પણ આવતી કાલના નાગરિક છે, આવતી કાલે જેનો મહિમા અનિવાર્યપણે સ્થાપિત થવાનો છે એ જગન્નાગરિકત્વના એ આજના પ્રતિનિધિ છે. —અ૦ (ભારતી)

ફૂટબૉલની રમત


પળવારમાં પસીનેપસીનો કરી નાખનાર, શરીરના એકએક અંગને પૂરતી કસરત આપનાર ફૂટબૉલની રમત ગુજરાતમાં ઓછી નજરે પડે છે કારણ ગમે તે હોય, પણ એટલું તો સ્પષ્ટ જોઇ શકાય છે કે આપણે ગુજરાતીઓ આવી શ્રમવાળી રમતો પ્રત્યે ઉદાસીનતા સેવીએ છીએ. નાની રમતો કે જેમાં શરીરને બહુ શ્રમ પડતો નથી તેવી રમતો તરફ આપણે વધુ આકર્ષાઇએ છીએ.

શરીરને પંપાળીને બેસી રહેવાનો જમાનો ચાલ્યો ગયો છે. આ જમાનો છે માનસિક જેટલી જ બલ્કે તેથી પણ વધારે શારીરિક તાકાતની જરૂરિયાતનો. આ જમાનામાં જીવવું હશે તો શારીરિક શક્તિ તરફનું દુર્લક્ષ દૂર કર્યે જ છૂટકો થશે અને એટલા માટે જ ફૂટબૉલ, હૉકી જેવી શરીરને કસતી રમતો દરેક જગ્યાએ રમાવી જોઇએ. ફૂટબૉલની રમત એ શરીરના એકેએક અંગને પળવારમાં પૂરતી કસરત આપનાર રમત છે આ રમતનો આછો ખ્યાલ આ રહ્યો.

ફૂટબૉલની રમત ઠેઠ ૧૩૬૫ની સાલથી એક અથવા બીજા સ્વરૂપે રમાતી આવ્યાના દાખલા મળી આવે છે. કહેવાય છે કે રોમન લોકો ફૂટબૉલની રમત બહુજ ઝનૂની અને કઢંગી રીતે રમતા. પછી એ રમતમાં ધીરેધીરે સુધારા થતા ગયા ને ૧૮૬૩માં ઇંગ્લંડમાં ફૂટબૉલ એસોસાએશનની સ્થાપના થઇ અને તે પછી આ રમત વધુ વ્યવસ્થિત અને વજ્ઞાનિક બની. આપણે ત્યાં એનો વધતો જતો રસ જોતાં આ નીચે તેની વિગતોની આછી રૂપરેખા આપી છે.

ફૂટબૉલની રમત અગિયાર અગિયાર ખેલાડીઓની બે ટુકડી વચ્ચે રમાય છે. આ અગિયાર ખેલાડીઓને રમતના મેદાન પર અમુક મુકરર સ્થાને ઊભા રાખવામાં આવે છે અને તેમને વ્યક્તિગતરીતે નીચે પ્રમાણે સંબોધવામાં આવે છે:

૧ ગોલકીપર ૭ આઉટસાઇડ રાઇટ
૨ રાઇટ બૅક ૮ ઈનસાઇડ રાઇટ
૩ લેફ્ટ બૅક ૯ સેન્ટર ફૉર્વર્ડ
૪ સેન્ટર હાફ ૧૦ ઇનસાઈડ લેફ્ટ
૫ રાઇટ હાફ ૧૧ આઉટસાઇડ લેફ્ટ
૬ લેફ્ટ હાફ (જુઓ નકશો)



રમતના મેદાનનું માપ સામાન્યરીતે ૧૧૫×૭૫ વારનું હોય છે, પરંતુ વધુમાં વધુ ૧૩૦×૧૦૦ વાર ને ઓછામાં ઓછું ૧૦૦×૫૦ વાર હોઇ શકે છે. આખું યે મેદાન ચોતરફ લીટીઓથી નિશાની કરી દોરવું જોઇએ.(જુઓ આકૃતિ) આ લંબચોરસ મેદાનના છેડા પર આવેલી લીટીઓને 'ગોલ-લાઈન્સ' કહે છે અને પડખાની લીટીઓને 'ટચ-લાઇન્સ' કહે છે. આ ઉપરાંત મેદાન વચ્ચે સોંસરી એક 'હાફ-વે લાઇન' પણ દોરવામાં આવે છે. આ હાફ-વે લાઈનની મધ્યમાં ૧૦ વાર ત્રિજ્યાનું એક વર્તુલ દોરવામાં આવે છે. મેદાનના ચારે ખૂણા પર એકેક વાવટો ખોડવામાં આવે છે.

બન્ને બાજુના ગોલની હદ મુકરર કરવા માટે 'ગોલ-લાઇન' પર આવેલા બન્ને વાવટાથી સમાન્તરે બે ઊભા થાંભલા ખોડવામાં આવે છે, જેની વચ્ચેનું અંતર આઠ વાર હોય છે. આ બન્ને થાંભલાઓની ઉપર જમીનથી ૮ ફૂટની ઊંચાઈનું માપ લઇ એક આડો થાંભલો મૂકવામાં આવે છે. આ લંબચોરસ ગાળાની વચ્ચેથી દડો જ્યારે પસાર થાય છે ત્યારે 'ગોલ' થયો ગણવામાં આવે છે.

એસોસીએશન-ફૂટબૉલના કાયદાકાનૂનો મુજબ ફૂટબૉલનું વજન ૧૩ થી ૧૫ તોલા અને તેનો પરીઘ ઓછામાં ઓછો ૨૭ ને વધુમાં વધુ ૨૮ ઇંચનો મુકરર કરવામાં આવ્યો છે.

સંપૂર્ણ રમત રમવાનો સમય ૯૦ મિનિટનો હોય છે. આ સમયની વચ્ચે પાંચ મિનિટનો મધ્યાન્તર પાડવામાં આવે છે, જે વખતે બન્ને પક્ષો પોતપોતાની રમવાની બાજુ ફેરવે છે. બન્ને પક્ષની સમજૂતીથી ઉપર્યુક્ત સમયની હદ વધુ ઓછી કરી શકાય છે.

રમતની શરૂઆત કરતાં પહેલાં 'ટૉસ' ઉડાવવામાં આવે છે. ટૉસની જીતનાર કૅપ્ટન કાં તો પહેલી કિક' (લાત) મારવાનું માગે અથવા તો મધ્યાન્તર પહેલાં કઈ બાજુથી પોતે રમશે તે માગી લે છે.

સામા પક્ષને પોતાના ગોલમાંથી દડો પસાર કરવા ન દેતાં પોતે જ સામા પક્ષના ગોલ સોંસરો દડો નાખી આવવો એ ફૂટબૉલની રમતનો અંતિમ હેતુ છે. અને રમતના મુકરર કરેલા સમય દરમ્યાન જે પક્ષ એ રીતે વધુ ગોલ કરે છે તેની જીત થાય છે. બન્નેના સરખા ગોલ થાય તો મૅચનું પરિણામ 'ડ્રૉ'માં આવે છે.

રમતની શરૂઆત થતાં ટીમની 'સેન્ટર ફૉર્વર્ડ' વ્યક્તિ પ્રથમ દડાને 'કિક ઑફ' કરે છે (લાત મારે છે)ને દડાને લાત વડે પોતાના ભેરુ તરફ મોકલી પોતે આગળ વધે છે; અને ભેરુઓ દડાને, સામાવાળાના અટકાવવાના પ્રયત્નોને મહાત કરતા અને પોતાના ભેરુઓ તરફ ચોકસાઈથી પસાર કરતાકરતા, એકત્ર બળથી સામાવાળાના ગોલમાં લઈ જવા મથે છે. આમ, રમત સામસામા પક્ષનાં કુનેહ તથા કૌશલ્ય પર અવલંબની આગળ વધે છે.

રમત દરમ્યાન જો દડો લાતવાગીને 'ટચલાઈન'ની બહાર ચાલ્યો જાય તો, જે પક્ષથી તે ગયો હોય તેના સામા પક્ષનો ખેલાડી, જે જગ્યાએ દડો ગયો હોય ત્યાંથી દડાને બે હાથમાં ઉપાડી ફેંકે છે. આને 'થ્રો-ઇન' કહેવામાં આવે છે. આ 'થ્રો-ઇન'નું કામ હમેશાં જમણી બાજુ પરથી 'રાઈટ હાફ' અને ડાબી બાજુથી 'લેફ્ટ હાફ' કરે છે.

પોતાની ગોલ લાઇન પર જો સામો પક્ષ આવી ગયો હોય ને પોતાના જ કોઇ માણસે 'ગોલ લાઈન'ની મર્યાદા બહાર દડો કાઢી નાખ્યો હોય તો સામા પક્ષવાળાને 'કૉર્નર કિક' આપવામાં આવે છે. ગોલની જે બાજુથી દડો બહાર ગયો હોય તે બાજુના ખૂણા પરથી આ 'કૉર્નર કિક' મારવામાં આવે છે. આ 'કિક' ખૂણા પરના વાવટાથી એક વારની અંદરથી મારવામાં આવે છે. ચિત્રમાં દર્શાવેલા 'પેનલ્ટી એરિયા'માં જો પોતાના પક્ષનો માણસ 'ફાઉલ' કરે તો પણ સામા પક્ષને 'પેનલ્ટી કિક' મળે છે. આ પેનલ્ટીકિક ગોલની મધ્યની સામે બાર વાર દૂર કરેલી 'પેનલ્ટીકિક માર્ક' નામની જગ્યા પરથી કરવામાં આવે છે.

ઉપર સૂચવેલ 'ફાઉલ' શબ્દ શું છે અને 'ફાઉલ' કેટલા પ્રકારના છે તે તપાસીએ. ખેલાડી રમતમાં ન કરવાની વસ્તુઓ કરે એને ફાઉલ ગણવામાં આવે છે. આ રમતમાં કોઇપણ ખેલાડી (ગોલકીપર સિવાયનો) દડાને હાથ અડકાડે તો 'ફાઉલ' ગણાય છે. આ ઉપરાંત સામા પક્ષના ખેલાડીને આંટી મારી પછાડવાથી, દડો એની પાસે ન હોય છતાં તેની સાથે ભટકાવાથી, સામા માણસને હાથથી પકડી લેવાથી અને સામા માણસને પછવાડેથી ધક્કો મારવાથી ફાઉલ ગણવામાં આવે છે વળી એક 'ઑફ-સાઇડ' નામનો પણ ફાઉલ થાય છે. જો કોઈ રમનારનો ભેરુ ટચ લાઇન ઉપરથી દડાને અંદર ફેંકે તે વખતે સામા પક્ષના ગોલ અને તેની વચ્ચે ત્રણથી ઓછા માણસો હોય તો તે વખતે તે પોતે રમતમાંથી બાકાત ગણાય છે. છતાં જો તે દડાનો સ્પર્શ કરે તો તે 'ઑફ સાઇડ ફાઉલ' કહેવાય છે. આ બધા ફાઉલનો નિર્ણય કરવા માટે એક 'રેફરી' નીમવામાં આવે છે અને તે સીટી વગાડી ફાઉલ જાહેર કરે છે. રમત દરમ્યાન બીજા કાયદાકાનૂનોનું પાલન થાય તેનું ધ્યાન પણ આ 'રેફરી' જ રાખે છે.

(ભાવનગર સમાચાર) —હરિભાઈ ચોહાણ

લોહચુંબક

સોયને પોતાના તરફ આકર્ષતું, ઘોડાની નાળના આકારનું લોહચુંબક નાનપણમાં રમત તરીકે અને નિશાળમાં પ્રયોગો વેળા સૌના જોવામાં આવ્યું હોય છે. પરંતુ એ એકલું રમતનું સાધન નથી, પણ છેલ્લાં દોઢસો વર્ષના ગાળાની વિજ્ઞાનની પ્રગતિમાં તેનો મહત્ત્વનો ફાળો છે એ વાત બહુ થોડા જાણતા હશે. જૂના કાળમાં સૈકાઓ થયાં લોહચુંબકનો ઉપયોગ શરીરને અલાબલા અને વ્યાધિથી મુક્ત રાખનાર ને તંદુરસ્તી આપનાર તાવીજોની બનાવટમાં થતો આવ્યો છે. આજે તેનો ઉપયોગ લોખંડનાં કારખાનાંઓમાં લોખંડના તોતીંગ અને વજનદાર પાટડાઓ તથા પતરાંના ભારા ઉચકવાના અને હેરફેર કરવાના કાર્યોમાં થાય છે, તથા વહાણવટીઓ ને વાયુયાનના આકાશી સફરીઓને દિશા દર્શાવનાર અત્યંત ઉપયોગી હોકાયંત્રની બનાવટમાં થાય છે.

ચુંબકપત્થર ધરતીમાંથી મળી આવતો ખનીજ પદાર્થ છે તેના બંધારણમાં લોહ, મૅંગેનેશિયમ, નિકલ ને ટીટૅનિયમ ધાતુઓ સમાએલી હોય છે. તે એટલું તો સખત હોય છે કે તેના ઉપર ચપ્પુના ઘસરકો પણ પડતો નથી વળી તેની વિશિષ્ટતા ચુંબકીય ધ્રુવો (Magnetic Poles) ધરાવવાની છે. તેના એક છેડે ધનધ્રુવ (Positive Pole) હોય છે તો બીજા છેડે ઋણધ્રુવ (Negative Pole) હોય છે, તેમાંથી ધનધ્રુવ બાજુએ સોય આકર્ષાય છે. લોખંડને પોતા તરફ આકર્ષવાના લોહચુંબકના આ ગુણધર્મને લીધે તેને ચુંબક નામ યથાર્થરીતે અપાએલું છે. લૅટિન, ફ્રેન્ચ ને ચીની ભાષામાં પણ તેના આ અર્થવાળા નામથી જ તેને ઓળખવામાં આવે છે.

એક ધરી ઉપર ચુંબકપત્થર ને લોખંડની ઘડેલી સોય ગોઠવવામાં આવે તો તે હરહમેશ ઉત્તર અને દક્ષિણ દિશાઓ તરફ જ સ્થિરતાપૂર્વક ગોઠવાએલી રહે છે. અત્રે જાણવું જરૂરી છે કે ઉત્તર-દક્ષિણ દિશા દર્શાવતી સોય શુદ્ધ ઉત્તર ને દક્ષિણ દિશાઓ દર્શાવતી નથી હોતી, પણ ઉત્તર કૅનેડાના એક અચોક્કસ પ્રદેશ ભણી આવેલી લોહચુંબકીય (Magnetic) ઉત્તર દિશા અને ઍન્ટાર્ટિક પ્રદેશ ભણી આવેલી દક્ષિણ લોહચુંબકીય દિશા દર્શાવતી હોય છે

ચુંબકપત્થરનો આ દિશ દર્શક ઉપયોગ લાંબા વખત થયાં ચીની પ્રજા જાણતી હતી અને વહાણવટામાં તથા પ્રવાસમાં તેનો ઉપયોગ કરતી હતી. દુનિયાભરનો અજોડ ને પ્રખ્યાત મુસાફર માર્કો પોલો સાતસો વર્ષ પહેલાં ચુંબકપત્થર ચીનમાંથી પહેલવહેલો યુરોપ લઈ ગયો અને તેનાથી બનાવાએલા હોકાયંત્રની મદદથી, કાંઠેકાંઠે ફરતાં જહાજો એ હવે ભરદરિયે સફર કરવા લાગ્યાં. યુરોપમાં ચુંબકપત્થરને ગયાને બસોએક વર્ષો વીત્યાં ના વીત્યાં ત્યાં તો ત્યાંના સાહસિક નાવિકોએ હોકાયંત્રની મદદથી જગતના જલમાર્ગો ઉપર અજબ પ્રભુત્વ જમાવી દીધું સાત સમુદ્રો વીંધી તેમણે હિંદ શોધ્યું તથા અમેરિકાના કિનારે પગ મૂક્યો અને જળમાર્ગે પૃથ્વીની પ્રદક્ષિણા કરી અને એકેએક મહાસાગર ખેડી નાખ્યો. વહાણવટાની પ્રગતિએ ખંડેખંડ અને દેશોદેશ વચ્ચેનાં અંતરો ભાંગ્યાં અને જગતની જનતામાં નિકટતાની ભાવના ઉત્પન્ન થઇ ને વેપારઉદ્યોગની ખીલવણી સાથે પ્રજાપ્રજાના સંપર્કથી સંસ્કૃતિનો વિકાસ સધાયો.

લોહચુંબક તેના બંધારણમાં આવું અજબ ચુંબકીય તત્ત્વ ધરાવે, અને પૃથ્વીના સ્વાભાવિક ચુંબકીય છેડાઓ તરફ જ તેનું આકર્ષણ રહે, એવા તેના ગુણની અર્થસૂચકતાનું વિશ્વના બંધારણમાં કંઈ ગૂઢ રહસ્ય તો હશે જ. રેડિયમ, હેલિયમ તથા બીજાં મૂળ તત્ત્વો વિષે જ્ઞાન ખેડતા માનવીએ કુદરતની ગૂઢ શક્તિઓનો પરચો મેળવ્યો છે, પણ હજુ સુધી લોહચુંબકના ચુંબકીય પ્રવાહો, ધ્રુવો, તેની નિગૂઢ શક્તિ તથા બીજા ગ્રહો સાથે સંકળાએલા તેના શક્ય સંબંધો વિષેનું રહસ્ય ઉકેલાયું નથી.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

મગફળી-ગરીબોની બદામ

મગફળી આપણે, અવારનવાર તેના સ્વાદને ખાતર ખાઇએ છીએ પણ ખોરાક તરીકે તેનું મહત્ત્વ સમજીને નહિ. ઊંચામાં ઊંચું

પ્રોટીન દ્રવ્ય ધરાવતા ખોરાકની કક્ષામાં આવે એવી તે છે. સંયુક્ત બી-વીટામિન, ફૉસ્ફરસ, કેલ્શિયમ તથા લોહ પણ ધરાવે છે. સ્નિગ્ધ પદાર્થનું પણ એમાં જે સારૂં જેવું પ્રમાણ રહ્યું છે તે ભૂખની તૃપ્તિ કરવા સાથે વીટામિન એ. નું પણ ઠીકઠીક પ્રમાણ ધરાવે છે. આવી સમૃદ્ધ ચીજને આપણા આહારમાં સ્થાન આપવું જોઈએ. નાનાં બાળકો તેમજ વૃદ્ધો માટે એ બહુ કીમતી ખોરાકની ગરજ સારે છે. અમેરિકામાં તો મગફળીમાંથી થોડાઘણા માઠા સાથે મિશ્રણ કરીને 'માખણ' બનાવવામાં આવે છે, જે ત્યાં અત્યંત પ્રચારમાં છે.

એકલી કાચી મગફળી ખાવાથી જેને તાળવે ચોંટવાનો ભય છે એવા લોકો દ્રાક્ષ, દૂધ, મોસંબીના રસ કે મધ સાથે તે લઇ શકે છે. દાળમાં પણ તેનો ઉપયોગ થઈ શકે છે. દાળને વિશિષ્ટ સ્વાદ આપવા સાથે પોષણની નજરે પણ તે ફાયદો કરે છે. જુદાજુદા લોટ સાથે તેનું મિશ્રણ કરીને જુદી જુદી વાનીઓ બનાવી શકાય છે.

કાજુ, અખરોડ ને બદામ જેવા સૂકા મેવાની સરખામણીમાં મગફળીમાં સ્નિગ્ધ દ્રવ્યનું પ્રમાણ જોકે ઓછું છે પણ મોંઘી કીમતનાં સૂકાં ફળો નો ઉપયોગ જેમનાથી ન કરી શકાતો હોય તેમને માટે મગફળી જેવી અમૂલ્ય વસ્તુ એકે નથી. બીજા કોઈ પણ સૂકા ફળ કરતાં જીવશાસ્ત્રીય નજરે મગફળી માનવશરીરને વધુ કીમતી છે—એક માત્ર સોયાબીન સિવાય. ઓછું કમાનારો વર્ગ એના ઉપયોગ દ્વારા પોતાના આહારમાં પ્રોટીન, થાયેમિન, નાયેસિન, વગેરેની વૃદ્ધિ કરીને પોષણપ્રદતામાં એટલી પૂર્તિ સાધી શકે છે.

આપણા શરીરને બી વીટામિનનાં દ્રવ્યોની જે જરૂર રહે છે તે રોજની લગભગ બે ઔંસ મગફળીથી પૂરી પડી શકે છે. રોજિંદી જરૂરી કૅલરીના ૧૨ ટકા, પ્રોટીનનો પાંચમો ભાગ, લોહનો દસમો ભાગ તથા કેલ્શિયમનો વીસમો ભાગ એથી પૂરો પડી શકે તેમ હોઇને એને રોજિંદા ખોરાકમાં સ્થાન આપવા સામે વાંધો ન હોઇ શકે. (ભારતી)

પચવામાં ભારે, ગરમ તથા વાયુ કરનાર હોવાથી કેટલાંકને મગફળીથી પેટમાં દરદ, પિત્ત, અને કોઇકોઇ વાર કબજીઆતને બદલે એકાએક દસ્ત થવા લાગે છે. વાયુ અને કફના વધવાથી કોઈ કોઇને હરસ પણ ઉપડી આવે છે. પણ મગફળીને શેકીને ખાવાથી આ ઉપદ્રવો બહુ થવા પામતા નથી. ઉપાહાર કે ફળાહારમાં આપણે ત્યાં મગફળીનો ઉપયોગ દરેક જગ્યાએ થાય છે. સાકર કે ગોળ સાથે તેનો પાક (મિઠાઇ) બનાવીને પણ ઘણા લોકો ખાય છે. તે બાળકોને ખૂબ જ પસંદ આવે છે વિલાયતી બનાવટનાં—પીપરમેન્ટ, ચૉકલેટ, બિસ્કિટ ટૉફી, બદલે બાળકોને મગફળીનો પાક વધુ ફાયદો કરશે.

મગફળીના બીજને પાણીમાં આઠદસ કલાક પલાળી રાખી સ્વચ્છ પાણીથી ધોઈ લ્યો. પછી જરા મીઠું ચડાવવાથી તે વધુ સ્વાદિષ્ટ ને ગુણકારક બને છે. એવી રીતે તૈયાર કરવાથી તેમાં રહેલ વિટામીન વધુ સરસ અને લાભકારક બને છે. તે સહેલાઈથી પચી જાય છે. જેમને મગફળી બરાબર પાચન નથી થતી તેમણે એના બીજ માત્ર પાંચેક તોલા જેટલા લઈ પલાળી રાખી સવારે સાફ કરીને મીઠું, ગોળ કે સાકર સાથે બરાબર ચાવીને ખાવાની ટેવ પાડવી. ધીમેધીમે તે માફક આવી જશે. ખાતી વખતે તેની સાથે થોડું પાણી પીવું જોઇએ. જે લોકો મગફળી ખૂબ ખાય છે પરંતુ પાણી પીવાથી ડરે છે તેમને તે નડે છે. મગફળીથી પેટ સાફ આવે છે ને પાચનક્રિયા સુધરે છે. ઘણા લોકો એમ માને છે કે મગફળી સાથે પાણી પીવાથી ખાંસી થાય છે, પરંતુ આ ખ્યાલ બરાબર નથી.

જેવી રીતે કાચું અન્ન ખાવાથી થોડાજ પ્રમાણમાં તે વધુ રાંધેલા અનાજની ગરજ સારે છે તેવી રીતે મગફળી એ પણ કાચું અન્ન હોય તેમ સમજીને ખાવાની છે. મગફળીમાં જે તેલ રહેલું છે. તે તેલ આપણને 'કૉડલીવર ઑઇલ' જેવો ફાયદો આપે છે.

(ગુજરાત દર્પણમાંથી) —કલ્યાણદાસ ક્ષત્રિય

આપણી ઉમરનો એક કલાક

જ્યારે દિવસ એક કલાક વહેલો કરવામાં આવેલો ત્યારે 'નવો ટાઈમ' અને 'જૂનો ટાઈમ' એમ બોલીને માંડમાંડ આપણે સમયને ટેવાતાં શીખેલા. અને પછી આપણે એને ટેવાઈ જવા આવ્યા ત્યાં તો યુદ્ધ પૂરૂં થઇને પાછો આજનો 'નવો ટાઈમ' આપણને 'જૂના ટાઇમ'ના સ્વરૂપમાં પાછો આવીને મળ્યો! કેટલાકને તો જાણે આવરદાનો એક કલાક ભોગવ્યા વગર ચાલ્યો જાય એ ઘણું જ અજુગતું લાગ્યું હશે. આ ફેરફાર તો યુદ્ધ દરમ્યાનની વ્યવસ્થા પૂરતો જ હતો. પણ તમે જાણીને નવાઇ પામશો કે ૧૯૨૪ના ડિસેમ્બરની આખર તારીખ આખા જગતના ખગોળશાસ્ત્રીઓ માટે માત્ર ૧૨ કલાકની હતી! અને એ બાકીના બાર કલાક જતા કરવા પડેલા ત્યારે જાણે એમની જ જિંદગીના બાર કલાક લુંટાઇ ગયા હોય તેવો જબરો ઉહાપોહ એ ખગોળશાસ્ત્રીઓએ મચાવેલો.

ઇ.૧૯૨૫ના જાન્યુઆરીની પહેલી તારીખ પહેલાં દિવસની ગણતરી બે રીતે થતી ખગોળશાસ્ત્રીઓ તો નિશાચરની જેમ સૂર્યાસ્ત અને સૂર્યોદય વચ્ચેના જ સમયમાં પોતાનું ખરૂં કામ કરવાના, એટલે એજ સમય દરમ્યાન એમની તારીખ ફરે એ એમને રુચે નહિ. તેથી એમનો દિવસ શરૂ થતો મધ્યાહ્નથી. જ્યારે બાકીની દુનિયા ને સૂર્યોદયથી સૂર્યાસ્ત વચ્ચે કામ કરવું રહ્યું. એટલે એમનો દિવસ બદલાવવાનો સમય મધ્યરાત્રિ જ રાખવામાં આવેલો. પરંતુ ખલાસીઓને તો આ દુનિયાના દિવસની સાથેસાથે ખગોળશાસ્ત્રીઓના દિવસ જોડે પણ લેવાદેવા હતી. તેથી એમણે આ બંને દિવસો એક કરવા ઉહાપોહ મચાવ્યો અને છેવટે એમ નક્કી થયું કે ૧૯૨૫ના ઊઘડતા પ્રભાતે આ બંને દિવસો એકસાથે થઈ જાય. આને પરિણામે બીચારા ખગોળશાસ્ત્રીઓએ ૧૨ કલાક ગુમાવ્યા!

પણ દિવસોમાં એથીયે જબ્બર ઘટાડો તો આવેલો ૧૭૫૨માં. આજનું યુરોપી કૅલેન્ડર રોમન લોકોના જુલિયન કૅલેન્ડર ઉપરથી ઊતરી આવ્યું છે. જુલિયન વર્ષ ૩૬૫¼ દિવસનું હતું. તેથી સામાન્ય વર્ષ ૩૬૫ દિવસનું અને દર ચોથું વર્ષ એક દિવસ અધિક થઇ તે ૩૬૬ દિવસનું થતું પણ એ રીતે એ વર્ષ ૧૧ મિનિટ અને ૫૪ સેકન્ડ મોટું બની જતું. એથી દર ૧૨૮ વર્ષે એક દિવસ વધી જતો. આ રીતે ફેર પડતો જાય તો લગભગ બે હજાર વર્ષમાં તો મકરસંક્રાંતિ ઘણી જ નજીક આવતી રહે! આને પાછું ઠેકાણે લાવવા પોપ ગ્રેગરી ૧૩માએ જુલિયન કૅલેન્ડરમાં ૧૦ દિવસ દબાવી દઇને દર સૈકડાનું વર્ષ અધિક વર્ષ ન ગણતાં સામાન્ય ૩૬૫ દિવસનું ગણવાનું અને દર ચારસોમું વર્ષ અધિક એટલે ૩૬૬નું દિવસનું ગણવાનું ઠરાવ્યું. આ નવી ગ્રેગરિયન ગણત્રી સાથે મેળ બેસાડવા ઇ. ૧૭૫૦માં બ્રિટિશ પાર્લામેન્ટે એક કાયદો પસાર કર્યો કે ૧૭૫૨ના સપ્ટેમ્બરની બીજી તારીખ પછી ૧૪મી તારીખ આવે! આ રીતે તે વર્ષમાં ૧૧ દિવસો કપાઇ ગયા! એ વખતે તો આ ૧૧ દિવસના કાપ સામે એટલો બધો સખ્ત વિરોધ થએલો કે બ્રિટનના અમુક વિભાગના લોકોએ 'અમને અમારા અગિયાર દિવસ પાછા આપો' કહી બળવો પોકારેલો અને એમાં ઘણાં માણસો મરાઈ પણ ગએલાં!

આપણે પણ જાણે ૧૯૪૨માં જીવ્યા વગર ઉમરનો એક કલાક ગુમાવી દીધેલો હતો. પણ ને પાછો હવે વધુ જીવવા મળી ગયો છે!

પારનેરાનો કિલ્લો

પારનેરાનો કિલ્લો ઐતિહાસિક છે અને એ વલસાડથી ચાર માઈલ દૂર અગ્નિ ખૂણામાં આવેલો છે. તળેટીમાં ગામ છે. દક્ષિણે પાર નદી વહે છે. એની ઊંચાઈ લગભગ ૫૦૦ ફૂટની છે. એ કિલ્લો ઘણા પુરાણાજમાનામાંકોઇહિન્દુ રાજાએ બંધાવેલો. પાછળથી ગુજરાતના મહમદ બેગડાએ(૧૪૫૯-૧૫૧૧)તેને ધરમપુરના રાજા પાસેથી જીતી લીધો. તે પછી મુસલમાન સત્તા ક્ષીણ થતાં તે લૂંટારાના હાથમાં ગયો અને ઈ. સ. ૧૬૭૬ના એપ્રિલ માસમાં છત્રપતિ શિવાજી મહારાજના સૈન્યપતિ મોરો પંડિતે તે જીતી લઈ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. કાળક્રમે મરાઠાની સત્તા નિર્મૂળ થઇ અને ઈ. સ. ૧૮૭૦ માં એ કિલ્લો અંગ્રેજોના હાથમાં ગયો.

શિખર પર ચંડિકા માતાનું મંદિર છે. અહીં આશ્વિન સુદ અષ્ટમીએ મોટો મેળો ભરાય છે. શિખર ઉપરથી આસપાસના પ્રદેશનો દેખાવ ઘણો રમણીય લાગે છે. દૂર નજર ફેંકતાં પાર નદીનો સંગમ, પારડીનો કિલ્લો, અરબી સમુદ્રમાં વિહરતાં વહાણ, વલસાડ શહેર, આગગાડીની આવજા વગેરે દૃષ્ટિગોચર થાય છે. કિલ્લા પર ચારપાંચ પાણીના કુંડ છે, પણ તેનું પાણી વપરાશ વગર અસ્વચ્છ રહે છે. આસપાસ સૈકા પુરાણી તોપો પડેલી છે તેમજ ફરતો કોટ તથા શિવાજી મહારાજના સમયનું ભોંયરૂં વગેરેના ખંડિયેરો જોતાં એની ભવ્યતાનો ખ્યાલ મન પર ઊંડી અસર કરે છે. —કલ્યાણદાસ ક્ષત્રિય

પૃથ્વી ગરમ બનતી જાય છે

પૃથ્વી દિવસાનુદિવસ ઠંડી પડતી નથી જતી, પણ ગરમ બનતી જાય છે. પ્રસિદ્ધ વિજ્ઞાની જે. બી. એસ. હાલ્ડેન 'અમેરિકન સાયન્ટિસ્ટ'માં જણાવે છે કે, પૃથ્વી પોતાની ઉષ્ણતાનો વાતાવરણમાં જેટલો વ્યય કરે છે એથી વધુ ઉષ્ણતા તે 'રેડિયો ઍક્ટિવિટી' દ્વારા મેળવતી જાય છે. આ વધતી જતી ગરમીને લઈને પૃથ્વીને વિશેષ સંખ્યામાં અને વધુ મોટા ધરતીકંપોનો અનુભવ કરવાનો રહેશે અને અત્યારના કરતાં વધુ સંખ્યામાં અને વધુ મોટી પર્વતમાળાઓ તેના પૃષ્ઠ ભાગે ઉપસી આવશે. પૃથ્વીની વધતી જતી આ ગરમીને લઇને માણસની શારીરિક શક્તિમાં પણ વધારો થશે એમ હાલ્ડેન માને છે.

વિચિત્ર રાક્ષસ

દક્ષિણ અમેરિકાના મેક્સિકો પ્રદેશમાં આવેલા પોપોકેટોપેટી નામક મૃત જ્વાળામુખીના વિસ્તારની આસપાસ ૧૦૦ ફૂટના કદનો એક રાક્ષસ જોવામાં આવ્યો છે. એનો આખો ચહેરો ઝગારા મારતો જણાયો છે. ઝગઝગતા ચહેરાવાળા એ પ્રાણીને પકડવાના પહાડવાસીઓના કે પોલિસના સઘળા પ્રયાસો અત્યાર સુધી વિફળ રહ્યા છે. આ પ્રાણી રેડ ઇન્ડિયનોએ બરાબર જોયું છે. એમના કહેવા પ્રમાણે તેના આંખમાંથી લાલ પ્રકાશ નીકળ્યા કરે છે અને તેના મસ્તકમાંથી અત્યંત તેજસ્વીથી માંડીને ઝાંખોભૂરો પ્રકાશ પ્રસરતો રહે છે. તેના એકેક પગલાથી જમીનમાં દસ દસ ફૂટની છાપ પડે છે. પહાડની આસપાસ રહેતા એકાંતવાસીઓ જણાવે છે કે એ પ્રાણી સ્વાભાવે બીકણ ને નિરુપદ્રવી છે. એ કોઇના પર પણ આક્રમણ નથી કરતું. એકવાર ૧૦૦ ફૂટની એક કરાડ પર એ આરામ લેતું દેખાયું હતું. એના તેજમાં આખી કરાડ સ્પષ્ટ રૂપે જોઇ શકાતી હતી. તેજસ્વી દીવાની જેમ તેની આંખો પ્રકાશ વેરતી હતી થોડી વારે તો ચારે પગે પૂર ઝડપે નાસી છૂટયું એને લગતા હેવાલો સાંભળીને અમેરિકાના પ્રાણિવિદ્યાવિશારદો એ પ્રદેશમાં પહોંચ્યા છે. એ પ્રાણીને એકાદ ગુફામાં સપડાવીને ગુફામાં ગૅસ વહેતો મૂકી, એને બેભાન બનાવી દઇને જીવતું જ પકડી લેવાનો તેમનો ઇરાદો છે.—(ભારતી)

આ માસ (ફેબ્રુઆરી) ઈતિહાસમાં

તા. ૨ આર્જેન્ટિનાની રાજધાની બુએનો એરીસ સ્થપાયું, ૧૫૬૫.
તા. ૪ મરાઠી જ્ઞાનકોશના સંપાદક ડૉ. કેતકરનો જન્મ, ૧૮૮૪.
તા. ૬ શહેનશાહ જહાંગીરે અંગ્રેજોને વેપાર કરવા માટે સુરતમાં કોઠી નાખવાની બાદશાહી ફરમાનથી અનુમતિ આપી, ૧૬૧૩.
તા. ૧૧ રાષ્ટ્રસેવક શ્રેષ્ઠી જમનાલાલ બજાજનું અવસાન, ૧૯૪૨.
તા. ૧૩ હિંદના ગવર્નર જનરલ તરીકે ગેરવર્તણુક ચલાવવા માટે વૉરન હેસ્ટિંગ્સ સામે પાર્લામેન્ટની તપાસ શરૂ થઈ, ૧૭૮૮.
તા. ૧૫ પુરુષાર્થી પુરાતત્ત્વવેત્તા રાજેન્દ્રલાલ મિત્રનો જન્મ, ૧૮૨૪
તા. ૧૮ સર દીનશા એદલજી વાચ્છાનું અવસાન, ૧૯૩૬.
તા. ૨૨ કસ્તુરબા ગાંધીનું અવસાન, ૧૯૪૫.
તા. ૨૮ હિંદમાં પહેલવહેલા ટેલીફોન દાખલ થયા, ૧૮૮૨.

આ માસની વ્યક્તિવિશેષ

જ્યૉર્જ વૉશિંગ્ટન



અમેરિકાના રાષ્ટ્રનિર્માતા ને પ્રથમ પ્રમુખ, આ સેનાપતિ, મુત્સદ્દી અને સંમાન્ય કર્તવ્યપુરુષનો જન્મ ઈ ૧૭૩૨ની ૨૨મી ફેબ્રુઆરીએ વર્જિનિયા પ્રાંતના વેસ્ટમોરલૅન્ડ પરગણાના બ્રિજિસ ક્રીક મુકામે એક માતબર જમીનદારને ત્યાં થયો હતો, છતાં તેની ૧૧ વરસની વયે તેના પિતા ભાગ્યે જ કશી રોકડ મૂકીને મરી ગયો. પણ ગણિતમાં તેજસ્વી હોવાથી એ ૧૬ વરસની વયે તો લૉર્ડ ટૉમસ ફૅરફૅક્સની જાગીર પર મોજણીદાર થયો. ૧૭૫૨માં તેનો સાવકો ભાઇ ગુજરી જતાં માઉન્ટ વર્નનની મોટી જાગીર તેને મળી અને તે તંબાકુનો અગ્રણી બગીચાદાર બની રહ્યો.

૧૭૫૩થી ૧૭૫૮નાં પાંચ વરસ દરમ્યાન ફ્રેન્ચો સામેના યુદ્ધમાં તે જોડાયો અને ઍડજ્યુટન્ટ જનરલથી શરૂ થઈ કર્નલના હોદ્દા લગી પહોંચી, લશ્કરી કારકીર્દીમાં ઉજ્જ્વળ નામના મેળવી. ૧૭૫૯ની ૬ઠ્ઠી જાન્યુઆરીએ માર્થા ડૅન્ડ્રિજ કર્ટિસ નામની શ્રીમંત વિધવા સાથે લગ્ન કરી પોતાની મિલ્કતનો વહીવટ કરવા તેણે સૈન્યકાર્ય છોડ્યું.

૧૭૭૪માં તે કૉંગ્રેસનો પ્રતિનિધિ ચુંટાયો, અને ૧૭૭૫માં દેશે સ્વાતંત્ર્યજંગ માંડયો તેમાં સેનાપતિ તરીકે તેની નિમણૂક થઈ. ટ્રેન્ટન આગળ તેણે પહેલો નિર્ણયાત્મક ફટકો માર્યો ૧૭૭૮ની ૨૮મી જૂને મનમથના યુદ્ધમાં બહુ કપરા સંજોગો છતાં માત્ર પોતાના વ્યક્તિત્વના પ્રભાવે, તેણે તોળાઇ રહેલા પરાજયને વિજયમાં ફેરવી નાખ્યો અને અંતે ૧૭૮૧માં યૉર્કટાઉન પાસે બ્રિટિશ સેનાપતિ કૉર્નવૉલિસને શરણે લાવી દેશને સંપૂર્ણ સ્વાતંત્ર્ય અપાવ્યું

તે પછી ભાંગેલી તબિયતે પણ તેણે પ્રજાસત્તાકનું બંધારણ ઘડી કાઢયું. ૧૭૮૮માં તે પ્રથમ પ્રમુખ તરીકે ચુંટાયો અને તેના શ્રમસહિષ્ણુ તથા કાળજીભર્યા વહીવટથી પ્રજાએ બીજીવાર ૧૭૯૨માં તેની ઈચ્છા વિરુદ્ધ પણ તેને જ પ્રમુખ ચૂંટયો. ૧૭૯૬માં ફરી ત્રીજીવાર આવેલું પ્રમુખપદ ઠેલીને તેણે નિવૃત્તિ લીધી અને ૧૭૯૯ની ૧૪મી ડિસેમ્બરે તે અવસાન પામ્યો. એને કશું સંતાન ન હતું, પણ સમસ્ત દેશ આજ તેને પિતા તરીકે પૂજે છે.

આ રસતરસ્યાં બાળ રસની રીત મ ભૂલશો,
પ્રભુએ બાંધી પાળ રસસાગરની પુણ્યથી.

— કવિ નાનાલાલ

મહર્ષિ દયાનંદના ઉપદેશથી રીઝેલા ઉદેપુરના રાણાએ લાખેક રૂપિયાની જાગીરવાળી એકલિંગજીની જાયગા સંભાળી તેના મહંત બનવા તેમને વિનતિ કરી. મહર્ષિએ કહ્યું, 'મહારાણાજી, ભાવ છે તે નિભાવશો; પણ પરાર્ધમૂલા આત્માને લાખમાં ન વેચાય.'

કહેવતોના અર્થ: 'પાઈની પેદાશ નહિ ને ઘડીની નવરાશ નહિ.' પોતાનો અર્થ લગભગ આપમેળે જ કહી દેતી આ કહેવત કે ઈપણ જાતના લાભ કે સાર્થક્ય વિના નાહકની ઉપાધિ વહોરવા માટે અગર નાની વાત માટે મોટી ધાંધલ થવા સારૂ વપરાય છે. તેને મળતી બીજી કહેવતો: 'ધંધો થોડો ને ધાંધલ ઘણી;' 'હાટડી નાની ને હરકત ઘણી;' 'વૈકુંઠ નાનું ને ભક્તાંની ભીડ;' 'હગવું થોડું ને પપડાટ બહુ;' 'પંડમાં માલ નહિ ને પાદ માય નહિ;' 'ચકલી નાની ને ફડકો મોટો;' 'ખાના પીના બેરસલ્લા ને ધીંગાણા બ્હોતેરા.' 'કામમાં ને કામમાં ને હડીઓ કાઢે ગામમાં' વગેરે.

અનેકાર્થી શબ્દ : જડ=જીવન વિનાનું; લાગણી, બુદ્ધિ કે સ્ફૂર્તિ વિનાનું; મુખ્ય મૂળ; ખીલી અથવા મેખ; સ્ત્રીઓનું નાકનું આભૂષણ.

ગણિતગમ્મત: ૧૫, ૧૯૫ અને ૪૦૫ એ ત્રણ સંખ્યાઓ એવી છે કે એ પૈકી ગમે તે બે સંખ્યાના સરવાળાના ચારગણામાં ૧ ઉમેરતાં વર્ગસંખ્યા જ આવશે :

૪(૧૫+૧૯૫)+૧=$૨૯^{૨}$
૪(૧૫+૪૦૫)+૧=૪૧
૪(૧૯૫+૪૦૫)+૧=૪૯ —મ. ના. ખત્રી


નાના બાળકનાં ગૂંથેલાં ગરમ મોજાં, ટોપી સ્વેટર વગેરે ગમે તેટલી કાળજી રાખવા છતાં વારંવાર ધોવાથી કોકડાં વળી જાય છે કે સંકોચાઇને ચડી જાય છે. પણ ધોઈ લીધા પછી એક તપેલી પાણીમાં બે ચમચા એરંડિયું નાખી સારી પેઠે હલાવીને તેમાં ગરમ કપડાં બોળીને નીચોવજો; ને પછી ફરી અંદર નાખી કલાકેક રહેવા દઈ તદ્દન નીચોવી નાખી સ્વચ્છ પાણીથી ધોઇ સૂકવી દેજો. ખૂબ ફુમારાદાર ને મુલાયમ રહેશે.

દરદીના ઓરડામાં રાખેલા ઘડિયાળનો અવાજ તેનાથી સહન ન થતો હોય તો તે પર ટંબલર ઊંધું વાળીને ઢાંકી દેવાથી અવાજ નહિ સંભળાય, ને ઘડિયાળ દેખાયા કરશે.



ગુપ્ત વંશના અસ્ત સમયે હિંદ પર જંગલી હૂણ લોકોએ ભયંકર આક્રમણ કર્યું. એ જ સમયે એ લોકોની બીજી ટોળી ઍટીલાની સરદારી નીચે યુરોપને થરથરાવી રહી હતી. એ સફેદ હૂણો (અથવા એફથેલાઇટ લોકો) મધ્ય હિંદ સુધી પસરી ગયા અને ઈ. ૫૦૦ માં તેનો સરદાર તોરમાન માળવામાં રાજા થઈ બેઠો. તેના સવાયા ક્રૂર પુત્ર મિહિરગુલે બાકીનો ઉત્તર હિંદ જેર કરી સિયાલકોટમાં રાજગાદી સ્થાપી. પણ એમના કેરથી પ્રજા અત્યંત ત્રાસી ગઈ અને અંતે માળવાના યશોધર્મન તથા ગુપ્ત રાજા બાલાદિત્યની સરદારી નીચે હિંદુ રાજાઓએ એકત્ર થઈ તેમને હાંકી કાઢ્યા અને મિહિરગુલ ત્યારથી તે મરણ લગી કાશ્મીરમાં ભરાઈ રહ્યો. એ હૂણોના સિક્કાઓ ઇરાનના સાસાનીદ વંશના રાજાઓના તેમજ હિંદના સિક્કાઓની અસરવાળા પણ તદ્દન બેડોળ અને ભદ્દા છે. આ ઉપર આપેલા રૂપાના સિક્કા ઉપર એક બાજુએ રાજાનું મુખ, તેની સન્મુખ નંદી-ધ્વજ તથા પાછળ ત્રિશુળનાં આલેખન છે અને નીચે 'જયતુ મિહિરકુલ' એવું લખેલું છે પાછલી બાજુએ યજ્ઞવેદી અને પરિચારકોનું બેડોળ આલેખન છે.

મધમાખી ઉછેરનારાઓએ ડંખ ન મારે એવી મધમાખો હવે ઉછેરી છે.



દૃષ્ટિફેરની ગમ્મત: ઉપરના ચિત્રમાં એક પત્થરની ઓટલીના આગળના ભાગમાં એક ખાંચો પાડેલો દેખાશે. અને વળી બીજા દૃષ્ટિફેરથી એવું જણાશે કે જાણે મથાળાની છતના એક ખૂણામાં નાની ચોરસ ઓટલી ચણી લીધેલી છે! એ ખ્યાલ મેળવવા માટે ચિત્રને ઉલટાવીને દૃષ્ટિ ઠેરવી જોજો.

બધી નિરાશાઓનું મૂળ ઉતાવળ છે . . વિજયને આવતાં હમેશાં વાર જ લાગે છે. એનો માર્ગ ખંતથી જોઈ રાખવો જોઈએ


—હેન્રી ફોર્ડ

સંસ્કૃતમાં મૂળાક્ષરોની સંખ્યા ૪૯ની છે; રશિયન લિપિમાં ૩૬, ફારસીમાં ૩૨, તુર્કીમાં ૨૮, અંગ્રેજી જર્મન, ડચ, એ દરેકમાં ૨૬, સ્પૅનિશમાં ૨૭, ફ્રેંચમાં ૨૫, ગ્રીકમાં ૨૪, લૅટિનમાં ૨૩, હિબ્રુમાં ૨૨, ઇટાલિયનમાં ૨૧ અને બર્મીઝમાં ૧૯ મૂળાક્ષરો છે. જાપાનીઝ ભાષામાં એ બધાથી વધારે—૭૩ મૂળાક્ષરો છે; પરંતુ હબ્સીનિયન લિપિમાં તો ૨૦૮ મૂળાક્ષરો છે!

હાડકાંના બનાવેલા ગૂંથવાના સોયાઓ વળી ગયા હોય તો ખદખદતા ગરમ પાણીમાં થોડો વખત બોળી રાખી ઢીલા થયે સીધા કરી લેવા ને પછી તરત ખૂબ ઠંડા પાણીમાં બોળી દેવા, એટલે સીધા ને અક્કડ થઇ જશે.

તિજોરીમાં પૈડાંવાળાં વાહનો હોતાં નથી; કારણકે બરફમાં તે ખૂંચી જતાં નકામાં પડે.

લખતાંવેંત સુકાઇ જાય એવી ચીકણી શાહી વડે લખી શકે તેવી બૉલ-બેરિંગ પૉઇન્ટવાળી એક એવી ફાઉન્ટનપેન શોધાઇ છે, જેની ખોળીમાં એ શાહીનો એક વરસ ચાલે તેટલો જથ્થો રહી શકશે.




ગ્લાસ-નેગેટિવ-કૅરીઅર ઉપર પડતા આંગળીના ડાઘ ઘણા ઍમૅચ્યોરોનાં સારાં ચિત્રોની પાયમાલી કરે છે. તેમાંથી બચવા માટે ઉપલા ચિત્રમાં બતાવ્યા મુજબ સેલ્યુલૉઇડની એક પટ્ટી કાચને છેડે લગાડી દેવાથી કાઢવા નાખવામાં બહુ સરળતા થશે.



વસંત

ચિત્રકાર · રસિકલાલ પરિખ

(કલાકારે કરેલાં મોટા કદનાં ભીંતચિત્રોમાંનું એક)



ફોટોગ્રાફી હરીફાઇ (જુઓ પૃ. ૪૩)

ઉપર–ડાબી બાજુથી: 'સવાર પડી'–જમનાદાસ પંચોલી (બીજું ઈનામ); 'મુક્ત હાસ્ય'–ફરામરોઝ ટૉડીવાળા (ત્રીજું ઈનામ); નીચે: 'કારીગર'–જમનાદાસ પંચોલી (નોંધપાત્ર); 'આદર્શ'–પી. બી. ખાટા (ઉત્તેજના ઈનામ).